શ્રી કચ્છી મારૂ કંસારા-સોની જ્ઞાતિનું પારિવારીક સામયિક

એકમેકને ઓળખવાનો

# જ્ઞાતિસેતુ

કિંમત ૨૦/-

શ્રી કચ્છી
મારૂ કંસારા-સોની
જ્ઞાતિ મંડળ
અમદાવાદ

તંત્રી મંડળ : હંસરાજ કંસારા (મુખ્ય તંત્રી) • અતુલ સોની • કુ. એકતા કટ્ટા ◆ વર્ષ-૧૦ અંક - ૫ એપ્રિલ/મે - ૧૫

★ મહામંડળ કારોબારીની રચના

★ જયેષ્ઠ નાગરીકોના સંગઠનો

★ તમારા માથે હજી કરજ છે.

★ વ્યવસાયીક શિક્ષણ

સંપર્ક
સમન્વય
સમજણ
સૌહાર્દ
સંવાદ
સહકાર



સહવિકાસ

HL
Group of Companies

मानकः पथ प्रदर्शकः
BIS 916

# Harilal Lakhamshi Jewellers Pvt. Ltd.

[Mfr. Exporters, Wholesalers & Retailers of 916 Hallmark Jewellery]
The First & Only Showroom in Kuchchh Offering 100% Hallmark Jewellery & 100% Certified Diamond Jewellery





**Regd. Office :** Haribhai Soni Building, L. B. Shastri Road
Anjar (Kuchchh) 370110 (Guj.) India
Phone : 02836 329944 Fax : 02836 242481
Cellular : 91 98795 30854 Email : infohljpl@gmail.com

**Bullion Division :** 426 C, Supermall, C.G. Road, Ahmedabad.
Ph./Fax : - +91 79 30024481
Cellular : - +91 987 953 0853 Email : - iljpl.amd@gmail.com

SKHAC

# Shree Kachchh Hallmarking & Assaying Centre Pvt. Ltd.

Regd. Office : Haribhai Soni Building, L. B. Shastri Road Anjar (Kuchchh) 370110 (Guj.) India
Ph./ Fax : 02836 329944/242481

**Hallmarking Office :-** 1st Floor, Plot No. 425 A/B, TPS-2, Malasheri, Anjar (Kachchh) 370110

**Group Companies**

## Shri Arbuda Infrastructure Development Pvt. Ltd.

## Soham Land Development Pvt. Ltd.

એકમેકને ઓળખવાનો

# જ્ઞાતિસેતુ

વર્ષ : ૧૦ ● અંક : ૪

એપ્રિલ - મે - ૨૦૧૫

**મુખ્ય તંત્રી**

હંસરાજ કંસારા ૦૭૯ ૨૬૮૭૨૩૫૦

**તંત્રી મંડળ**

અતુલ સોની ૯૭૨૫૦ ૩૮૧૪૦

તુલસીદાસ કંસારા ૯૮૨૫૦ ૮૨૬૩૯

કુ. એકતા કટ્ટા ૯૮૭૯૧ ૯૪૩૩૪

**વ્યવસ્થાપક સમિતિ**

**ચેરમેન**

મનુભાઈ કોટડીયા ૯૬૦૧૨ ૭૫૦૭૮

**માનદ્ સંયોજક**

અતુલ સોની ૯૭૨૫૦ ૩૮૧૪૦

**મુદ્રણ આયોજન**

સૂર્યકાંત સોની ૯૬૮૭૦ ૭૫૬૩૩

**વેબસાઈટ**

ચિરાગ બુદ્ધભટ્ટી ૯૭૨૫૪ ૭૯૧૩૧

**નાણાકીય આયોજન**

કનુભાઈ બીજલાણી ૯૨૭૬૮ ૪૦૯૧૩

(સંપર્ક સમય : રાત્રે ૯ થી ૧૧)

**જાહેરાત તથા લવાજમમાટે સંપર્ક :**

● **અમદાવાદ**

ઉદય પરમાર ૯૮૭૯૧ ૦૬૩૫૩

● **ભુજ**

ઈશ્વરભાઈ વી. હેડાઉ ૯૪૨૯૦ ૮૩૨૯૫

વિજયભાઈ એમ. બુધ્ધભટ્ટી ૯૯૭૯૭ ૯૭૫૮૪

(રૂલપ્રેસવાળા)

● **અંજાર**

અનિલ એસ. સોની ૯૮૨૪૨ ૮૫૨૧૦

● **નખત્રાણા**

પ્રફુલભાઈ કંસારા ૯૮૭૯૧ ૨૨૨૬૫

(ઉદય સ્ટેશનરી માર્ટ)

● **માધાપર**

હિતેશ સોની (કરણ જ્વેલર્સ) ૯૪૨૭૪ ૪૩૮૭૪

**માનદ્ સંયોજક (ભુજ)**

શૈલેષ કંસારા ૯૮૨૫૦ ૧૨૫૦૩

સુધા બુદ્ધભટ્ટી ૯૯૨૫૩ ૧૩૭૩૪

**જ્ઞાતિસેતુ પત્ર-વ્યવહાર માટે સંપર્ક :**

અતુલ સોની, ઈ-૫૦૪, આર્યમાન આવાસ, સાંઈબાબા મંદિર સામે, દેવાશિષ સ્કુલ પાસે, સેટેલાઈટ, અમદાવાદ-૧૫.

**કાર્યાલય :** રાજેન્દ્ર સોની

ધવલ જ્વેલર્સ, ચાંલ્લા ઓળ, માણેકચોક, અમદાવાદ-૧ ફોન : ૦૭૯-૨૨૧૪ ૪૦૦૮

**વેબ સાઈટ :** www.gnyatisetu.com


**ઈ-મેલ :** editor@gnyatisetu.com

gnyatisetu@gmail.com

છુટક કિંમત રૂા. ૨૦/-

ત્રિ-વાર્ષિક લવાજમ રૂા. ૩૦૦/-

**'જ્ઞાતિસેતુ'માં પ્રસ્તુત રચનાઓમાં રજૂ કરેલા વિચારો જે તે લેખકોના છે. 'જ્ઞાતિસેતુ'નું એની સાથે સંમત હોવું આવશ્યક નથી.**




૧૨ એપ્રિલ, ૨૦૧૫ ને રોજ કબીર મંદિર, ભુજ ના મહંત પૂ. કિશોરદાસજી અને પુંજલદાદા આશ્રમ મોરજર ના મહંત પૂ. દિલીપરાજા કાપડી ની નિશ્રામાં, પશ્ચિમ કચ્છના પોલીસ અધિક્ષક માનનીય શ્રી ડી.એન. પટેલ (આઈ.પી.એસ.) અને શબ્દ શિરોમણી 'શબાબ' ના સાનિધ્યમાં, તેમજ આપણા સમાજના પ્રજ્ઞાવાન અને સમર્થ મોભીઓ અને સુજ્ઞ જ્ઞાતિજનો ની ઉપસ્થિતિ માં આપણા સમાજ માટે ના એક અન્ય મુખપત્ર (પ્રથમ મુખપત્ર 'જ્ઞાતિસેતુ') 'હેમલેખા' નું ભુજ મધ્યે ટાઉન હોલ માં શાનદાર વિમોચન થયું.

પ્રવેશાંક માં તંત્રીશ્રી નોંધે છે કે..."સમગ્ર દેશોમાં જ્યાં આપણી સૌથી મોટી અને વધુ વસ્તી કચ્છમાં છે. ત્યાંથી એક મેગેઝીન પ્રકાશીત થાય તેવી દરેક જ્ઞાતિજનની લાગણી હતી." આ લોક લાગણીને મૂર્ત સ્વરૂપ આપ્યું તે બદલ પ્રાયોજકોને સેતુ પરિવારના હાર્દિક અભિનંદન.

જ્ઞાતિપત્ર સંબંધીત સમાજની સહજ અને સ્વાભાવિક વિકાસ-લક્ષી પ્રક્રિયાને સતેજ કરે છે. એનો સ્વતઃ કોઈ કોમર્શિયલ કે પોલિટીકલ ઉદ્દેશ નથી હતો.

જ્ઞાતિ-પત્ર જે તે જ્ઞાતિ પરિવારો ના જ્ઞાતિપત્ર જે તે જ્ઞાતિ પરિવારોના આર્થિક, સામાજીક આયોજનો પ્રત્યે સાંસ્કૃતિક વિકાસલક્ષી મુલ્યો આધારિત નિષ્ઠા ધરાવે છે. સમાજના સભ્યોની આકાંક્ષાઓ અપેક્ષાઓ, સફળતાઓ તેમજ સમાજ-વિકાસને સ્પર્શતી સમસ્યાઓનું આકલન અને સંકલન કરે છે. ઉપલબ્ધ સામગ્રી તટસ્થ રીતે અને સાક્ષી ભાવે પ્રસ્તુત કરે છે. અને એટલે જ જ્ઞાતિ સમાજ નું મુખપત્ર એક હોય કે અનેક એના દ્વારા માત્ર અને માત્ર સમાજ માટે ઉપયોગી તેમજ પ્રેરણાદાયક અને હકારાત્મક અભિગમધરાવતી સામગ્રી જ પ્રસ્તુત થાય છે. એમાં વિરોધાભાસી કે સમાજને ગેરમાર્ગે દોરે તેવી કોઈ સામગ્રી હોવાની સંભાવના નથી હોતી.

**એક થી ભલા બે, બે થી ભલા બાર,**

**જ્ઞાતિ-હિત સમજી સંપે-લેખન કરશે બેડો પાર...**


અંતમાં મુખપત્રના પ્રવેશાંકમાં પ્રથમદ્રષ્ટિગત થયેલા મુખપત્રના લોગો વિષે એટલું જરૂર કહીશ કે એનું વિઝ્યુઆલાઈશન (આકલ્પન) સચોટ છે. રેખાંકન કલાત્મક છે. 'હેમ' ની કલમ અને હીરાનો પ્રકાશ એમાં ઝગમગે મુખપત્ર નો મુદ્દાલેખ - સૌનો સાથ - જ્ઞાતિ વિકાસ લોગો-ડિઝાઈનર ને સેતુ પરિવારના સવિશેષ હાર્દિક અભિનંદન

અસ્તુ

હંસરાજ કંસારા

## "સુંદર વાઘામાં સોહે... મારા શ્રીજી..."

ભારતીય સંસ્કૃતિની એક ખાસ વિશિષ્ટતા છે, સમર્પિત ભક્તિ, ભક્તિના અનેકાનેક સર્જનાત્મક સ્વરૂપ હોય છે. કોઈ એના સુંદર કંઠે ભજનો ગણગણતા રહે છે. આજની યુવા પેઢી પણ આ પરંપરાગત સંસ્કારે ભીંજાઈ, પોતાને અનુકુળ ઢંગે ભક્તિ કરે છે. અંજાર કચ્છનાં કુમારી રેખાબેન છગનલાલ સોની, એમની કુદરત-બક્ષી 'ચિત્રકળા'નો ઉપયોગ, એમના ઈષ્ટદેવ - શ્રીજી મહારાજ (સહજાનંદ સ્વામિ) ને કળાત્મક ઢબે શણગારવા માટે કરે છે. રંગ અને રેખાની અનોખી કોઠાસુઝ વડે તેઓ ઘનશ્યામ મહારાજનાં અવનવાં નયન-રમ્ય 'વાઘા' બનાવે છે. ના, આ એમનો વ્યવસાય નથી જે. તેમ છતાં એમના આ કૌશલ્યથી પરિચિત કચ્છનાં અને વિદેશનાં સાથી સત્સંગી બહેનો માટે તેઓ આ કામ હોંશે હોંશે કરે છે અને રેખાબેન આ રીતે એમના ઈષ્ટદેવ પ્રત્યે એમની ભક્તિ અભિવ્યક્ત કરે છે.



## બુધ્ધમ્ શરણં ગચ્છામિ



"સત્ય, અહિંસા, ચોરી ન કરવી
વણ જોતું ન સંઘરવું,
બ્રહ્મચર્યને જાતે મહેનત
કોઈ અડે ના અભડાવું."

આવા સરળ છતાં ગહન અર્થ વાળા
ધર્મ સંદેશના સ્થાપક ગૌતમ બુધ્ધ નો
જન્મ ઈ.સ.પૂ.૫૬૩માં,
વૈશાખી પૂનમે, હિમાલયની તળેટીમાં,
નેપાળની સરહદે, રોહિણી નદીના કાંઠે,
કપિલ વસ્તુ નગરીમાં મહારાજા શુધ્ધોધન
નાં રાણી માયાદેવીની કૂખે થયો.

સમૃધ્ધિની છોળો વચ્ચે ઉછરેલા એ સિધ્ધાર્થને સંસારમાં વ્યાપ્ત દુઃખો જોઈ ક્ષોભ થયો. એનાં કારણોના નિવારણ અર્થે કઠોર તપશ્ચર્યા કરવા એમણે ૨૯ વર્ષની વયે મળનાર રાજ્ય, યુવા પત્નિ યશોધરા અને ૭ વર્ષના પુત્ર રાહુલને છોડી ગૃહત્યાગ 'મહાભિનિષ્ક્રમણ" કર્યું.

૬ વર્ષની કઠોર તપસ્યા અને ધ્યાનાવસ્થા બાદ બિહારમાં નિરંજના નદી કાંઠે પીપળાના એક ઝાડ નીચે, વૈશાખી પૂર્ણિમાને દિવસે એમને વૈશાલી 'તત્ત્વબોધ' થયો અને તેઓ 'બુધ્ધ' થયા. ત્યારબાદ પચાસ વર્ષ સુધી એમણે 'શાંતિ'નો સંદેશ ફેલાવ્યો.

**ચૈત્ર સુદ નોમ સહજાનંદ સ્વામીની જન્મ જયંતી સમયે એમના માટે વાઘા સીવતાં કુ. રેખાબેન**

# શ્રી વિષ્ણુ સહસ્ત્રનામ

- હીરાલાલ એન. સોની - ગાંધીધામ

**ગતાંકથી ચાલુ.......**

**પ્રથમ પ્રશ્ન હતો :-**

ક્યા દેવતા પરમ તત્ત્વ છે ?

જેના જવાબમાં ભીષ્મ પિતામહ જણાવે છે કે **"दैवतं देवतंतां च भूतानां यो ब्ययापिता"** એટલે કે ભગવાન વિષ્ણુ જે સર્વત્ર વ્યાપ્ત છે. જે અવ્યય છે, જે દેવતાઓ ના પણ દેવતા છે સમગ્ર સંસારના પિતા હોવાની તેમની વિશિષ્ટતા છે તે પરમ તત્ત્વ છે.

**બીજો પ્રશ્ન હતો :-**

પરમ પ્રાપ્ય શું છે ?

જેના જવાબમાં ભીષ્મ પિતામહ જણાવે છે કે

**"परं यो महतेजा: परं यो महतव ।**
**परं यो महद्प्रश्न परं य: परायणम ।।**
**पवित्राणां पवित्रं यो महालाना गृहमडंलम् ।**
**देवतं देवतांनां च भूतानां यो अव्यय: पित्ता ।।**

ભગવાન વિષ્ણુ પરમ પ્રાપ્ય છે. જે તેજ, તપ, બ્રહ્મ, પવિત્ર, મંગલ છે. જે દેવતાઓનો દેવતા છે અને સર્વ પ્રાણીઓના અવ્યયપિતા છે તે પરમ પ્રાપ્ય છે.

**પ્રશ્ન ત્રીજો છે. :-**

કોનું સ્તવન (જપ) કરવું જોઈએ ?

જેના જવાબમાં ભીષ્મ પિતામહ જણાવે છે કે,

**"अनादि निधनं विष्णु सर्वलोभ महेश्वरम् ।**
**लोक ाध्यक्षं स्तुवन्नित्य सर्वदु:खातिगो भवेत्**
**ब्राह्मणं सर्व धर्मज्ञं लोभानां कीर्तिवर्धनम्।**
**लोक नाथं महद्भतं सर्वभूतेद्रवम् ।।**

ભગવાન વિષ્ણુ સ્તવન (જપ) કરવું જોઈએ શા માટે ?

કારણ કે....

(૧) **अनादिधन:** - જેનો આદિ કે અંત નથી તેવા ભગવાન વિષ્ણુ હંમેશા કૃપા કરે છે.

(૨) **विष्णु:** - જે સર્વત્ર છે તેજ સર્વ પર કૃપા કરી શકે છે. વિષ્ણુ સર્વપર કૃપા કરનાર સર્વત્ર, વ્યાપ્ત છે.

(૩) **सर्वलोक महेश्वर :** - બધા લોક (૧૪ લોક છે ૭ ઉર્ધ્વ ૭ નિમ્ન) ના મહાન ઈશ્વર છે જે સર્વત્ર સમસ્ત ઐશ્વર્ય આપી શકે છે.

(૪) **लोक ाध्यक्ष :** - બધા લોક (લોક ૧૪ છે) પર જેની દયાદ્રષ્ટિ છે ને બધા લોક (૧૪)ના અધ્યક્ષ છે.

(૫) **ब्रह्मणवेद :** - જેઓ વેદને સર્વસ્વ માને છે તેઓ તેનું સ્તવન કરે છે.

(૬) **सर्वधर्ममज्ञ :** - તે (વિષ્ણુ) સર્વધર્મોના જ્ઞાતા છે.

(૭) **लोक भीतिवर्धन :** - તે સર્વે પ્રાણીઓની કીર્તિ વધારે છે.

(૮) **लोक नाथ :** - તે સર્વ લોક (૧૪ લોક) ના સ્વામી છે તેથી તેની સ્તુતી એ મિથ્યા પ્રશંસા નથી.

(૯) **महदूत :** - તે મહાન છે તેથી સર્વજીવો તેની કૃપાના પાત્ર થઈ શકે છે.

(૧૦) **सर्वभूत महोद्रवम् :** - તે સર્વપ્રાણીઓ પર કૃપા કરનાર છે.

ક્રમશ...

# શ્રીમદ્ ભાગવતનું તત્ત્વામૃત

મહર્ષિ વેદવ્યાસ રચિત "શ્રીમદ્ ભાગવત્" જગતના મહાન ધાર્મિક ગ્રંથોમાં ઊંચું સ્થાન ધરાવે છે. જ્ઞાન, વૈરાગ્ય તથા ભક્તિરૂપી ત્રિવેણી સંગમમાં સ્નાન કરવાનું સદ્ભાગ્ય તેના પઠન તથા શ્રવણથી પ્રાપ્ત થાય છે. તેમાં ભગવાનનાં દસ અવતારની કથા સાથે પરમશક્તિની લીલારૂપ સૃષ્ટિની ઉત્પત્તિ, સ્થિતિ તથા લય વિશે તેમજ પરમાત્મા તત્ત્વ અને આત્માનાં સંબંધ વિષયમાં વિવેચન થયેલ છે. વિશેષમાં વર્ણ તથા આશ્રમઅને ધર્મ, અર્થ તથા કામનું જીવનમાં સ્થાન એ બાબતમાં વિચારણા થવાની સાથે સંસાર તથા મોક્ષ વગેરેનું રહસ્ય સમજાવવામાં આવેલ છે.

તેથી જ તેનાં મંગલાચરણ શ્લોકમાં કોઈ દેવ દેવીનું સ્તવન નહીં કરતાં સર્વે ધર્મમાં મહત્ત્વનું સ્થાન ધરાવતા, ધર્મનાં આધારરૂપ મુખ્ય તત્ત્વ **'સત્ય'**નો મહિમા 'સત્ય' પર ધીમહી (અમે પરમસત્યનું ધ્યાન ધરીએ છીએ) એ અંતિમ ચરણવાળા શ્લોકથી ગવાય છે.

શ્રીમદ્ ભાગવતની રચના શ્રી વ્યાસજીએ શ્રી મહાભારતમાં પોતે 'ભક્તિ'નો મહિમા કહ્યો ન હતો તેથી ચિત્તમાં અશાંતિ જાગી ઉઠી હતી એવું જાણવાથી તેમના પોતાના આત્માની શાંતિને અર્થે કરેલ હોવાનું મનાય છે.

શ્રીમદ્ ભાગવતનું પઠન-પાઠન ખરેખર આત્માને શાંતિદાયક તથા પરમાનંદ ઉપજાવે તેવું છે.

રાજા પરિક્ષિતે જરાસંઘના સુવર્ણ મુકુટ જેવી અધર્મથી પ્રાપ્ત થયેલ સંપત્તિમાં મોહ રાખ્યો તેથી એની બુધ્ધિ બગડી અને એણે બ્રાહ્મણનો શાપ વહોર્યો. સાતમે દિવસે એનું મૃત્યુ થવાનું હતું તે જાણી એ સંસાર છોડીને તપ કરવા ગંગાતીરે ગયો. સાત દિવસ સુધી નિરાહાર રહીને ભગવત્ ચિંતન કર્યું ત્યાં વ્યાસજીનાં પુત્ર શ્રી શુકદેવજીએ સ્વયં પધારીને ભક્તિરસથી પૂર્ણ પરમશાંતિદાયક અને આત્માનું પરમાત્મા સાથે મિલન કરાવે તેવું શ્રી ભાગવતની કથા પારાયણરૂપી અમૃતનું પાન કરાવ્યું.

શ્રીમદ્ ભાગવતમાં ધ્રુવ તથા પ્રહલાદની નિર્મળ ભક્તિની સુદામાની નિઃસ્વાર્થ મિત્ર-ભક્તિની, જડ ભરતની વૈરાગ્ય ભક્તિની, વિધુર તથા ઉદ્ધવની જ્ઞાન - ભક્તિની અને શ્રી હનુમાનજી, અર્જુન, કુંતા તથા દ્રોપદી વગેરેની અનન્ય ભક્તિની કથા આપેલી છે. બાળક ધ્રુવના તપ તથા નિર્મળ ભક્તિથી એના અંતરમાં અલૌકિક પ્રકાશ પ્રકટ થાય છે. તેથી એ શ્રી નારાયણની સ્તુતિ કરતાં ગાય છે.

**"યોઽન્તઃપ્રવિશ્ય મમવાચમિમાંપ્રસુપ્તાં સંજીવયત્યખિલશક્તિ ધરઃ સ્વધામ્ના ॥**
**અન્યાંચ હસ્તચરણ શ્રવણ ત્વગાદિન્ પ્રાણાનનમો ભગવતે પુરૂષાય તુભ્યમ્ ॥**

(ભાવાર્થ :- જે મહાશક્તિમાન પરમાત્માએ મારા અંતઃકરણમાં પ્રવેશ કરી મારી સુષુપ્ત વાચાને જીવન આપ્યું છે, બીજા અંગો તથા પ્રાણને જાગૃત કરેલ છે, તે પરમ પુરુષને નમસ્કાર.

બાળકૃષ્ણ તરફ પ્રેમઅને ભક્તિભાવ ધરાવતી ગોપી ગોપીકા ગીત ગાતાં બોલી ઉઠે છે :

જયતિ તેડધિકં જન્માનાવૃજ, શ્રીયત ઈંદિરા શાશ્વદત્રણિ ન

(ભાવાર્થ :- હે પ્રિય કૃષ્ણ, તારા જન્મથી વ્રજ ભૂમિધન્ય બની છે. અહીં લક્ષ્મીએ કાયમનો વાસ કર્યો છે.)

ગોપ બાળકો સાથે ખેલતા-કૂદતા, બંસીનાદથી ગોપીઓ તથા ગાયોને ઘેલી બનાવતા કૃષ્ણની બાળલીલામાં નિષ્કામ પ્રેમરસ ગાન થયેલ છે. ગોપીઓ સાથેની રાસલીલા આધ્યાત્મિક સ્વરૂપની વસ્તુ છે. શ્રી કૃષ્ણ નવ-દસ વર્ષની ઉંમરે તો ગોકુળ છોડીને મથુરામાં રહેવા ગયા છે. વિદુરજી, કુંતા તથા દ્રોપદી, શ્રી કૃષ્ણના અનન્ય ભક્ત છે. શ્રીમદ્ ભાગવતે ભક્તિનો મહિમા નીચેની અમર પંક્તિમાં ગાયો છે.

"સંસાર કૂપ પતિતો ત્તરણાવલમ્બં...."

(ભાવાર્થ :- સંસારરૂપી કૂવામાં પડેલા પામર જીવને ભક્તિ એ કુવામાંથી બહાર નીકળવા માટે સાધન છે.)

શ્રીમદ્ ભાગવતના મહાત્મ્યમાં એવી કથા છે કે પ્રેત યોનિ પામેલ ધુંધુકારીની મુક્તિ માટે એના ભાઈ ગોકર્ણે શ્રીમદ્ ભાગવતની કથાનું પારાયણ કરેલ તે વખતે સાત ગાંઠવાળા વાંસ પર બેસીને ધંધુકારીએ કથા સાંભળી અને દરરોજ વાંસની એક ગાંઠ ફૂટતા, સપ્તાહાંતે એની મુક્તિ થઈ. આ કથાનું રહસ્ય એ છે કે શ્રોતા કામ, ક્રોધ, લોભ, મોહ, મત્સર તથા દંભ આદિકથા શ્રવણ દ્વારા દરરોજ એક એક દોષમાંથી પોતાના આત્માની મુક્તિ સાધી શકે છે.

શ્રી ગરૂડ પુરાણ (અધ્યાય - ૭, શ્લોક - ૨૭)માં જણાવેલું છે કે શરીર કર્મજન્ય છે અને તેને કર્મ ભોગવવાં જ પડે છે." તેથી મનુષ્ય પોતાના આત્માનું કલ્યાણ કરવા ઈચ્છતો હોય તો એણે ભક્તિભાવે કથા શ્રવણ કરી કામક્રોધ વગેરે દોષોથી મુક્ત થવાનું છે. અને સત્કર્મોનું આચરણ કરવાનું છે. તેથી જીવ ની સદ્ગતિ થાય છે.

અંતમાં શ્રીમદ્ ભાગવતમાં પરમપાવનકારી નીચેના શ્લોકથી પરમાત્માને વંદન કરે છે.

**ૐ સચ્ચિદાનંદ કૃપાય, વિશ્વોત્પયાદિ હેતવે ।**
**તાપત્રયં વિનાશાય, 'શ્રી કૃષ્ણાય વયં નુમઃ ॥**

ભાવાર્થ :- શારીરિક વગેરે ત્રણ પ્રકારનાં તપોનાં વિનાશાર્થે, સત-ચિત્ત તથા આનંદ રૂપ અને વિશ્વમાં ઉત્પત્તિ, સ્થિતિ તથા લયનાં હેતુરૂપે શ્રી કૃષ્ણને વંદન કરીએ છીએ.

- સ્વ. ઠાકરશી પી. કંસારાના લેખસંગ્રહમાંથી

# વૈષ્ણવ વિચાર વિથિકા

**સંકલન - મનુભાઈ કોટડીયા**

ભગવદીય, વાચકો અગાઉ જુન-જુલાઈ ૨૦૧૩ના સાબરકાંઠા વિષેશાંકમાં આપણે પૃષ્ટિમાર્ગના પ્રણેતા શ્રી વલ્લભાચાર્યજીની ૮૪ બેઠકો માની પહેલી બેઠકજી ચમત્કારની ઝાંખી કરી હતી. હવે આ અંકથી આપણે બેઠકજીની વાર્તાનો સત્સંગ કરીશું.

## બેઠક - ૨જી ગોકુલની ભીતરની મોટી બેઠકનો ચમત્કાર



ગોકુલમાં શ્રી આચાર્યજી મહાપ્રભુજીની બીજી મોટી બેઠક છે. ત્યાં આપ નિત્ય કથાવાર્તા કહેતા. - આપે પ્રગટ થઈને સેવા માર્ગ પ્રગટ કર્યો ત્યારે વૃંદાવનના મોટા મોટા મહાનુભાવ કૃષ્ણ ચૈતન્ય પ્રભુજીએ એવો વિચાર કર્યો કે શ્રી નાથજીની સેવા આપણે કરીયે. ત્યારે શ્રીનાથજીએ એવી આજ્ઞા કરી કે મારી સેવા તો જે મારું સ્વરૂપ હશે તેજ કરી શકશે. તમને તો ભગવદ્ ભજન નો જ અધિકાર છે. અને ભજન થી જ તમારો ઉધ્ધાર થશે. મારી સેવાતો શ્રી આચાર્યશ્રી મહાપ્રભુ આપ પોતે કરશે ત્યારે વૃંદાવનના એ મહંતે પોતાના એક વૈષ્ણવને પરીક્ષા માટે શ્રી ગોકુલમાં શ્રી આચાર્યજીની પાસે મોકલ્યો તે વૈષ્ણવનું નામ, શ્યામાનંદ હતું.

તે વૈષ્ણવ ગોકુલમાં આવ્યા એમની પાસે શાલીગ્રામજીનું એક સ્વરૂપ હતું જે એમણે બટુઆમાં રાખ્યું હતું. તે બટુઓ તે તો છોંકર (સમી) ના વૃક્ષમાં લટકાવીને અંદર આપશ્રી ના દર્શનાર્થે આવ્યો.

આપશ્રીના દર્શન કરીને પાછો બહાર આવ્યો અને બહાર આવીને જોયું તો તેણે લટકાવેલો બટુઓ ત્યાં નહોતો ફરી પાછો તે શ્રી આચાર્યજી પાસે આવ્યો અને કહેવા લાગ્યો મહારાજ, આપના સેવકે મારો બટુઓ લઈ લીધો છે. ત્યારે આપશ્રીએ કહ્યું. મારો સેવક તારો બટુઓ શા માટે લઈ તે જ્યાં મુક્યો હતો ત્યાં બરાબર જોઈએ ત્યારે તે પાછો બહાર આવ્યો અને જોયું તો આખા છોંકરના વૃક્ષમાં બટુઓજ ભર્યા હતા. ત્યારે ફરીથી તે વૈષ્ણવ ત્યાં ગયો. અંદર આવીને આપશ્રીને કહ્યું. મહારાજ ત્યાં તો અનેક બટુઆ છે આમાંથી, મારે કયો બટુઓ લેવો ? ત્યારે આપશ્રીએ કહ્યું. તું તારા ઈષ્ટદેવને નથી ઓળખતો ? તો આગળ સેવા કેવી રીતે કરીશ ? તું તો ખરો. ત્યારે તે વૈષ્ણવ ફરીથી જોયું તો ત્યાં એક જ બટુઓ લટકતો હતો. તે લઈને તે શ્રી વૃંન્દાવન જવા રવાના થયો. અને ત્યાં સંત મહંતો ને સર્વે સમાચાર કહ્યા જે સાંજાળી ને સર્વે આશ્ચર્ય ચકિત થઈને બોલ્યા. તેવો સાક્ષાત ઈશ્વર છે. આ ચમત્કાર આપે ભીતરની બેઠકમાં બતાવ્યો આવા તો અનેક ચમત્કાર આપે બનાવ્યા છે.

ઈતિ શ્રી ભીતરડી (બરી) બેઠકો ચરિત્ર સમાપ્ત.

## બેઠક ૩જી - શૈયા મંદિરની બેઠકનો ચમત્કાર

એક સમયે શ્રી આચાર્યજી મહાપ્રભુજી આપ શ્રી શૈયામાં મંદિરની બેઠકમાં પોઢ્યા હતા. ત્યારે ત્યાં શ્રી દ્વારકાનાથજીનું મંદિર બન્યુ ન હતું. ત્યારે ત્યાં દ્વાપરયુગનો એક યોગેશ્વર બેસીને તપસ્યા કરતો હતો તેની પર્ણકુટી(ઝૂંપડી) માં નીચે હતી. ત્યારે તે યોગેશ્વર પર્ણકુટીમાંથી નીકળીને શ્રી આચાર્યજી મહાપ્રભુને સાષ્ટાંગ દંડવત્ કરીને નિવેદન કર્યું. જો મહારાજનું દ્વાપરયુગથી બેસીને તપસ્યા કરુ છું. તેનું ફળ મને આજે સિધ્ધ થયું છે. જેથી મને આપશ્રી ના દર્શન થયા હવે અહી સાત મંદિર બનશે અને ગોકુળ ફરીથી વસશે તેથી આપશ્રી આજ્ઞા કરો કે અહીંયાથી કોઈ ઉઠશે નહી.

ત્યાર બાદ કેટલાક દિવસો પછી શ્રી દ્વારકાનાથજીનું મંદિર બન્યું ત્યારે જમીન માંથી પેલા યોગેશ્વરની પર્ણકુટી નીકળી. એટલે શ્રી દ્વારકાનાથજી એ યોગેશ્વરને ત્યાંથી પરત જવા કહ્યુ ત્યારે યોગેશ્વરે કહ્યુ મહારાજ મને શ્રી આચાર્યજી મહાપ્રભુજીની આજ્ઞા છે કે મને અહીંયાથી કોઈ ઉઠાડશે નહી. ત્યારે શ્રી દ્વારકેશજી મહારાજે કહ્યું કે હવે તો તું અહીયાથી સરકીજા, અને તેની કુટી જમીનમાં સોળ હાથ જેટલી જમીનમાં પ્રવેશી ગઈ અને પછી ત્યાં શ્રી દ્વારકાનાથજીનું મંદિર બન્યું અને તેમાં શ્રી ઠાકોરજી બિરાજ્યા. પરંતુ ત્યાં નિત્ય રાજભોગ સરાવ્યા પછી. મહાપ્રસાદમાં કૃમી (કરમીયા) થવા લાગ્યા. ત્યારે શ્રી દ્વારકેશજી મહારાજે શ્રી ગોકુલનાથજીને પૂછ્યું અને શ્રી ગોકુલનાથજી એ કહ્યું હું શ્રી નાથજીને પૂછીને તને ઉત્તર આપીશ અને ત્યાર બાદ શ્રી ગોકુલનાથજી શ્રીનાથદ્વારા પધાર્યા. પછી રાજભોગ સમય બાદ શ્રી ગોકુલનાથજી મહારાજ શૈયા મંદિરના દ્વારપર જ ઉભા રહ્યા. અને શ્રી નાથજીને સર્વે વિગત જણાવી. ત્યારે શ્રી નાથજીએ આ કર્મનું ફળ છે અને શ્રી નાથજી શૈયા મંદિરમાં પધાર્યા. આ સમાચાર શ્રી ગોકુલનાથજી એ શ્રી દ્વારકેશ ને આપ્યા. તેથી કેટલાક દિવસ તો શ્રી દ્વારકાનાથજી, શ્રી મથુરેશજી પાસે બિરાજ્યા. આ ચમત્કાર શ્રી શૈયા મંદિરની બેઠકમાં થયો.

ઈતિ આચાર્યજી, મહાપ્રભુની શૈયા મંદિરની બેઠક ચરિત્ર સમાપ્ત.

# 'સેતુ'ના સંગે વર્તમાન સામાજીક સંબંધો સાથે સાક્ષાત્કાર

વિનોદ કંસારા - માંડવી - કચ્છ

ઉંમરલાયક સંતાનો માટે યોગ્ય પાત્રને શોધવાનું કાર્ય આજના વડીલોના જીવનનું અતિ મહત્ત્વનું કાર્ય છે. તેનો ઈન્કાર કરી શકાય નહીં. જ્યારે આજથી ૫૦ વર્ષ અગાઉના સમયમાં સાધન સંપન્ન પરિવારો માટે બિલકુલ સહજ અને સુલભ પ્રતિત થતું આ કાર્ય આજના સમયમાં તેમને માટે પણ મહદ્ અંશે મુશ્કેલીનો સામનો કરવા સમાન છે. જ્યારે સામાન્ય પરિસ્થીતીમાં પોતાનું જીવન નિર્વાહ કરનાર પરિવારો તો અતિ મુશ્કેલી બાદ જ મંઝીલ સુધી પહોંચતા નજરે પડે છે. જ્યારે લગ્નોત્સુક યુવક-યુવતીઓ પોતાની પસંદગીના પાત્રની વરણી કરવા માટે સ્વસમાજથી વિમુખ બની અન્ય સમજોમાં પોતાનો સ્થાન પ્રતિષ્ઠિત કરી સંતુષ્ટીનો અનુભવ કરતા જાણવા મળે છે.

સંતાનોના સંબંધ તો કુદરતને આધિન છે એમા આપણે કશું પણ કરી શકતા નથી. એવા બહાના, હેઠળ, વડીલો પોતાની મહત્ત્વની જવાબદારીને નજર અંદાજ કરતા થયા છે. પરંતુ યેનકેન પ્રકારે બંધાયેલ સંબધોના મૂળ સ્વરૂપના પ્રાગટ્ય સાથે ઓળખાણ અને જાણકારી સરકતા સમયની સાથે લુપ્ત થતી નજરે પડે છે ત્યારે વડીલો પાસે કોઈ પણ વિકલ્પ રહેતા નથી. પરંતુ પોતાના પૂર્વજન્મના પૂણ્યોની ફળશ્રુતિ ના પરિણામ સ્વરૂપે બંધાયેલ સંબંધો સુચારૂ રૂપે ચાલતા પણ હોય છે, તેમાં બે મત નથી.

અત્યારના સમયમાં સંબંધ બંધાતા પહેલાં એક પક્ષ સામે બીજા પક્ષના પરિવારોની વિગતોથી સદંતર અજાણ હોવાને કારણે બંને પક્ષ વતી મધ્યસ્થી તરીકે રહેતા વ્યક્તિ અથવાતો પોતાના દૂરના પારિવારિક સંબંધો ધરાવતા સંબંધીના કથન પર નિર્ભર રહીને સંબંધ બાંધતા જોવા મળે છે. પરંતુ આવા સમયે એકબીજાની વાસ્તવિકતા પર નજર કરવાનું અત્યંત જરૂરી બને છે. એક બીજાને સર્વસ્વ અર્પણ કરવાની સાથે પોતાનો સંપૂર્ણ જીવન જવાબદારી સાથે નિર્વાહ કરવાના અતિ મહત્ત્વના નિર્ણય પર સમંતિ સૂચક મહોર મારવાની હોય છે. જેના કારણે સંતાનોની પસંદગીને પ્રાથમિકતા આપવી તે આજના સમયની માંગ છે અને રહેશે. જે અગાઉના વખતમાં અશક્ય હતું તે આજના સમયનું અનિવાર્ય સત્ય છે.

વડીલો પોતાના પરિવારના સમકક્ષ તથા સમાજમાં પોતાની પ્રતિષ્ઠા અનુરૂપ સંબંધ બંધાય તેની તકેદારી રાખતા હોય છે. સંતાનો પોતાની પસંદગીના પાત્રને અગ્રતા આપતા હોય છે. પોતાના પરિવારને પારકું કરનાર અને પારકા પરિવારને પોતાનું કરવા આવનારી પરિણિતા પણ પોતાની ઈચ્છામાં જરાપણ બાંધછોડ કરવામાં નકારાત્મક ભૂમિકા ભજવતી હોય છે ત્યારે આવી વિષમ પરિસ્થિતીમાંથી આજનો કોઈપણ સમાજ બાકાત રહ્યો નથી જેના વિપરીત પરિણામો દરેક સમાજો એ નિહાળ્યા છે. અનુભવાય છે.

આપણે થોડા વર્ષો પાછળ નજર કરશું તો ખ્યાલ આવશે કે એક વખત વડીલોએ આપેલ અનુમતિ અનુસાર બંધાયેલ સંબંધોનો અનાદર કરવો તે સમયના સંતાનો માટે લગભગ અશક્ય હતું. અથવા ત્વચ્છેદ સ્થિતીનું નિરમણ સમાધાનની સીમાના અંતબાદ થતું અને તેમ પ્રમાણ પણ જુજ સંખ્યામાં હોવાનું અનુમાન છે, અને તેમાં પણ સમાજના પ્રમુખ (પટેલ) અને પ્રતિષ્ઠિત વડીલોની આજ્ઞાથી સમાધાનની શક્યતાઓ નકારી શકાય નહી. અત્યારના સમયમાં આજનો સમાજ વિપરીત દિશામાં ગતિમાન થતો દૃષ્ટિગોચર થાય છે.

સમયાનુસાર પરિવારના જીવન નિર્વાહ માટે વડીલો પોતાના વ્યવસાયમાં અતિ વ્યસ્ત રહી આર્થિક ઉપાર્જનને મહત્ત્વ આપવાને કારણે અને પરિવાર ભૌતિક સુખ સગવડના સાધનોની પૂર્તિ કરી જીવન સાર્થક થયાનું માનતા થયા છે. જ્યારે સંતાનોની માતાઓ પણ પોતાના ગૃહકાર્ય સહ ઈત્તર પ્રવૃત્તિઓ વ્યસ્ત હોવાને લીધે સંતાનોને આપવો જોઈતો સમયનો અભાવ વર્તાતો હોવાને લીધે જેના પરિણામ સ્વરૂપ પોતના શિક્ષણકાળના મિત્રો દ્વારા મેળવેલ સંસ્કારો જન ફળરૂપે સ્વચ્છંદતા માં રાખતા આજના સંતાનો સાથે સંઘર્ષ કરવા સિવાય કોઈપણ વિકલ્પ નજરે પડતો નથી. બાહ્ય દેખાવ સામે સંસ્કારોની અવગણના સાવ સહજ બાબત છે.

આજના હાઈટેકનોલોજીના યુગમાં અદ્યતન મોબાઈલથી સુસજ્જ આજની યુવા પેઢી સમગ્ર દુનિયાની જાણકારી આંગળીના એકમાત્ર સ્પર્શ વડે મેળવતા થયા છે. જ્યારે અડધાથી વધુ સંખ્યાના વડવાઓ આ ટેકનોલોજીથી બિલકુલ અજ્ઞાત હોવાનું અનુમાન લગાવવાનું ખોટું તો નથી. વિદેશોની સંસ્કૃતિનું આંધળું અનુકરણ કરવાના વાતાવરણ વચ્ચે પોતાના સંપૂર્ણ જીવનમાં બહુ જ ઓછી સંખ્યામાં સારા પરિણામો તથા પ્રમાણ વધુને વધુ નરસા પરિણામોના શિકાર બનતા નજરે પડે છે.

એકંદરે દરેક સમાજના વડીલોએ પોતાના સંતાનો માટે સમયનો ભોગ અવશ્ય આપવો જ પડશે જે સનાતન સત્ય અને સમાજની પ્રગતિ માટે અતિ જરૂરી પણ છે તથા સંતાનો પોતાનો સંબંધ બાંધવા બાબતે પોતાની મહેચ્છા સાથે વડીલોની સલાહને અનુસરવું જે અત્યારના સમયની નરી વાસ્તવિકતા છે એવું કહેવું અયોગ્યતો નથી જ સમાજ સુધારણાના અનુસંધાને આ વાત આપની સમક્ષ મૂકવાનો પ્રયત્ન કરેલ છે. જેના વડે સંપૂર્ણ સમાજમાં પરિવર્તન થવું અશક્ય છે પરંતુ તેમાં કંઈકઅંશે પણ સુધારો થાય તો સૌથી મોટી સિધ્ધિ ગણાશે.

# જ્યેષ્ઠ નાગરિકોના સંગઠનો

- ભાણજીભાઈ ચૂનિલાલ સોની - નાગપુર

મને વૃધ્ધાવસ્થા માં આવવાની ખૂબ મઝા પડી. ખબર જ ન પડી કે ક્યારે આ સુવર્ણકાળ આવી ગયો. આ સુવર્ણકાળ એટલા માટે છે કે ત્યારે આપણી વિવેક શક્તિ એની પરાકાષ્ઠાએ પહોંચી હોય છે. આ સમયે ૬૫ની આસપાસ પહોંચી ગયો છતાં માતા ની છત્રછાયા મેળવતો રહ્યો એ કેટલું મોટું સદભાગ્ય ! માત્ર છ માસ પહેલાં માએ સાથ છોડ્યો, પણ આશિર્વચનો નો વરસાદ તો એ સતત કરી રહી છે. ભગવતી બની એ ગુણવંતી (મારા ધર્મ પત્ની) તથા મને સતત ધર્મનિષ્ઠ અને સત્યનિષ્ઠ બનવાની પ્રેરણા આપતી રહી છે. 'બાઈ' ના શબ્દો અમારી બંનેની મહામૂલી મૂડી છે.

પશ્ચિમી દેશો સાથે આમ તો સરખામણી થાય જ નહિં પણ જો કરીએ તો આપણે આપણી સંસ્કૃતિ ને સલામ કરવી પડે. અમેરિકા-યુરોપમાં પંચોતેર વર્ષ ના યુગલમાંથી પુરૂષ ને આગલા લગ્નો ના પરિણામે એક કે બે સંતાનો હોઈ શકે અને સ્ત્રી પાસે પણ અગાઉના લગ્નોના પરિણામે જન્મેલા સંતાનો હોઈ શકે. એકબીજાથી થયેલું સંતાન એક પણ ન હોય. અથવા સંતાનની ઈચ્છા જ ન હોય. ભારતમાં સાંકડા ઘરો ને કારણે ભાઈ-ભાઈ અને બાપ-દિકરા છૂટા પડે છે પરંતુ મનથી છૂટા પડતા નથી એ આપણા દેશનું સદ્ભાગ્ય છે. **અલગ રહેવા છતાં વખતોવખત પ્રસંગોપાત ભેગા થવાની ભાવના આપણામાં મરી નથી.** સંયુક્ત કુટુંબના સંજોગો નથી તો એનું દુ:ખ શાને ?

મેડિકલ રિપ્રેઝેંટીવનું કામ જ છે જનસંપર્કનું ડોક્ટરો તથા દવાખાના ની વિઝિટો થી મારૂં પરિચય નું ક્ષેત્ર સતત વધતું ગયું. વહેવાર કુશળતા એક એવો ગુણ છે જે અનાયાસે વ્યક્તિ ને લોકપ્રિય બનાવી દે છે. આપ બિઝનેશ કરો કે નોકરી, ગ્રાહક સર્વોપરિ છે, અને તેની સેવા માત્ર ફરજ નહિ. આનંદની વસ્તુ છે, એમ માનશો તો બધો જ માર્ગ સરળ થઈ જશે. નમ્ર વહેવાર અને મલકતું મુખ એ સફળતા માટે ચાવીરૂપ છે. પ્રભુકૃપાએ જ્યેષ્ઠ નાગરિકત્વ મેળવવા લગી નવા ગ્રાહક કે નવામિત્રો મેળવવા માં તથા એમનો સાથ સહકાર લેવા-દેવામાં ક્યાંય મને મુંઝવણ થઈ નથી. જરૂર ન હતી છતાં મારા વિસ્તારના ત્રણ જ્યેષ્ઠ નાગરિકોના મંડળોનું સભ્યપદ મેં લઈ લીધું. એક ની સાપ્તાહિક બેઠક સોમવારે, બીજાની મંગળવારે તથા ત્રીજાની બુધવારે થાય છે. એક વર્ષ થી વધુ વીતી ગયું મેં સભ્યપદ લીધું પણ કોઈ પ્રોગ્રામ ખાસ રસપ્રદ હોય એવું ન લાગ્યું. મેં જે ઉણપ જોઈ, એ મુદ્દાસર આમ જણાવી શકાય -

- પ્રત્યેક મંડળમાં સભ્ય સંખ્યા ૪૦૦ જેટલી, પણ હાજરી કોઈ માં ૧૫ થી વધુ નહિ.
- મોટાભાગે કોઈ અતિથિ વક્તા ને બોલાવવા માં આવે. તબીબો ને વધુ પડતા બોલાવવાથી પડઘો એવો પડે કે ઋગ્ણાવસ્થા કે જરાવસ્થા થી આપણે કેટલા ભયભીત છીએ.
- ધાર્મિક પ્રવચન પણ સારા પ્રમાણમાં થાય. પરંતુ ઉપનિષદ જે જ્ઞાનના ભંડાર છે. એની ચર્ચા વિશેષ નહિ.
- મહારાષ્ટ્રમાં છું એટલે વક્તાઓ નો પ્રિય વિષય શિવાજી, તુકારામ, સાવરકર, ગોપાલકૃષ્ણ ગોખલે તથા લોકમાન્ય તિલક (આ બધાની જયંતી પર) કાર્યક્રમ આયોજીત કરવામાં આવે. આ મહાનુભાવો ના કાર્ય ને આગળ ધપાવવા શું ઠોસ કારવાઈ કરીશું. એમના જેવી પેઢી તૈયાર કરવી હોય તો શું તજવીજ કરીશું. એ બાબત શૂન્ય જ પ્રવર્તે છે.
- ઘણા તો ઘર થી કંટાળી ને મંડળમાં ભાગ લેતા હોય. પ્રોગ્રામ થી બહાર નિકળી મિત્રો વાતચીત કરે એ એવું લાગે કે એ ગપશપ માટે જ મંડળ ન હોય જાણે !
- ઓલ ઈન્ડિયા મહામંડળ થી સંલગ્ન હોય, એના નિર્દેશો, સૂચનો બાબત સભ્યો દુર્લક્ષ્ય જ સેવે. વાર્ષિક અધિવેશન મહામંડળ પ્રેરિત થતું હોય ત્યારે ગણ્યા ગાંઠ્યા વરિષ્ઠોને ઉમંગ હોય. શરીર અશક્ત કે નાદુરસ્ત હોય એ વાત જૂદી છે આપણું સંગઠન બળ વધે છે, એ આપણો જ લાભ છે, એવું મોટા ભાગના વડીલોને અનુભવાતું નથી.
- જે પોતે ક્ષેત્રમાં કાર્યરત હતા એનું ગૌરવ ઘણાને હોતું નથી. એ હોય તો પોતાના અનુભવનો લાભ અન્ય ને ખાસ કરીને યુવાન પેઢી ને મળે, એ ભાવના ઉત્પન્ન થાય.
- મને તો સાફ જણાય છે કે અંગ્રેજી લેખક જે.બી.પ્રીસ્ટલી નું અનુસરણ કરવું. એમણે એક આલેખ "લેટ્સ અસ લંચ વાઈલ વી કેન" માં કહ્યું કે "બધા હયાત છીએ ત્યાં સુધી સત્કાર્યો ની મજા લઈ લઈએ. કોણ જાણે ક્યારે જીવન નો સૂર્યાસ્ત થઈ જાય." તો કોશિશ એ કરીએ કે આવા સંગઠનો લોકકલ્યાણ ની ચળવળ બની જાય. ગુજરાત ને દાયકાથી વધુ સમય માટે જે મુખ્યમંત્રી મળ્યા હતા, એમણે હવે વડાપ્રધાન પદનું સુકાન સંભાળ્યું છે. અને એક જ વરસના ગાળામાં દિગ્વીજયી થયા છે. એમના માટે આ વિશ્વ ઘણું નાનું છે. એમની આભા થી ૨૦૨૦નું ભારત ઝગમગી ઉઠશે એમાં જરાય ઈર્ષાળુ કે શંકા કુશંકા કરવાનો ચાન્સ નથી. પરંતુ એ ત્યારે બનશે જ્યારે એમના જેવા સહૃદયી સંગઠનો બનશે.

જ્યેષ્ઠ નાગરિકો ની માર્ગદર્શક તથા પરામર્શદાતા ની ભૂમિકા જેવી તેવી નથી. તેઓ માં સેવાભાવ ની કમી નથી. તેઓ અનાસક્ત પણ સહેલાઈથી બની શકતા હોય છે. તો પછી આ રાષ્ટ્ર ને સમૃધ્ધ કરવામાં એમનો ફાળો યુવાનોથી કોઈ રીતે ઓછો ન આંકી શકાય.

અંતે કહેવાનું એટલું જ છે કે હકારાત્મક વલણથી ઘરમાં તથા ઘર ની બહાર જ્યેષ્ઠ નાગરિક સંગઠનો મોટું પરિવર્તન લાવી શકે ખરા.

# તમારા માથે હજી કરજ છે ?

- વર્ષા પાઠક

**પારકી સહાયથી ભણીગણીને ઉચ્ચ સ્થાને પહોંચેલા લોકોની વાહવાહ થાય, એ પોતે જાહેરમાં ભાષણ આપે ત્યારે બાળપણમાં વેઠેલી મુશ્કેલીઓનું વર્ણન કરે, એમને મદદ કરનારને ભૂલેચૂકે યાદપણ કરી લે પરંતુ એ પછી શું ?**

વરસના ભલે વચલે દહાડે, એવુંયે બને કે સવારના પહોરમાં છાપું ઉપાડો અને પહેલા પાને સારા સમાચાર જોવા મળે. વાંચીને મનને શાતા મળે કે હાશ ! આપણી આસપાસની દુનિયામાં માત્ર આતંકવાદ અને ભ્રષ્ટાચાર નથી. એ બધાની વચ્ચે ઘણાં સારા માણસો વસે છે અને એ સારાં કામ પણ કરે છે. સદનસીબે, આ અઠવાડિયામાં તો એવું બે વાર થયું. એક દિવસ ગુજરાતના એક ઉદ્યોગપતિ વિશે વાંચ્યું જેમણે ગરીબ બાળકોને ભણાવવા માટે દર વર્ષે ૪૦ લાખ રૂપિયા આપવાનું વચન આપ્યું, એટલું જ નહીં, આ કાર્યથી પોતાને હજયાત્રા કરવા જેટલો સંતોષ થતો હોવાનું કહ્યું. એના બે દિવસ પછી એવા ૧૪ શિક્ષકો વિશે જાણ થઈ, જેમણે પોતાના પગારમાંથી અત્યાર સુધીમાં લાખો રૂપિયા, એવાં બાળકોને ભણાવવા માટે ખર્ચી નાખ્યા જેમનાં ઘરમાં ખાવાના સાંસા હતા.

આ બે કિસ્સા વિશે તો છાપામાં વાંચ્યું એટલે ખુશી થઈ, બાકી એવા બીજા અનેક લોકો અને સંસ્થાઓ છે, જેમની મદદથી આપણે ત્યાં હજારો, કદાચ લાખો બાળકોને સ્કૂલ અને કોલેજમાં જવાનું સદભાગ્ય પ્રાપ્ત થાય છે. સાવ નજીકના વર્તુળમાં હું એવા અડધો ડઝન જેટલા લોકોને ઓળખું છું, જે કદાચ બહાર તો મોટા દાનપુણ્ય કરવા જતા નથી પણ ઘરમાં કામ કરતી બાઈ કે એમની વર્કશોપમાં નોકરી કરતા સામાન્ય સ્થિતિના માણસોના બાળકોની સ્કૂલ ફી નિયમિત ભરી દે છે અને એ વિશે ઢોલનગારા પીટતા નથી. સૌરાષ્ટ્રનું એક બહુ જાણીતું, લોકપ્રિય અખબાર વર્ષોથી સેંકડો ગરીબ બાળકોને ભણાવવાનો ખર્ચ ઉપાડે છે. ટુંકમાં જેમને ખરેખર ભણવું હોય એમને ભણાવનારા આપણે ત્યાં મળી રહે છે. હવે પ્રશ્ન એ છે કે **બીજાની મદદથી ભણીગણીને, નોકરી ધંધે લાગી જનારા લોકોમાંથી કેટલા પછી બીજાને મદદ કરવાની તસ્દી લે છે ?**

**દિવ્ય ભાસ્કર દૈનિકમાં પ્રકાશીત આ લેખ ખૂબ જ વિચારણીય છે.**

મોટેભાગે એવું બને છે કે પારકી સહાયથી ભણીગણીને ઉચ્ચ સ્થાને પહોંચેલા લોકોની વાહવાહ થાય, એ પોતે જાહેરમાં ભાષણ આપે ત્યારે બાળપણમાં વેઠેલી મુશ્કેલીઓનું વર્ણન કરે, કદાચ એમને મદદ કરનારને ભૂલેચૂકે યાદ પણ કરી લે પરંતુ એ પછી શું ? **જેમણે અમને મદદ કરી હોય એ વ્યક્તિ, સંસ્થા કે સમાજને શું મળે ?**

કોઈએ મને મદદ કરી, હવે હું બીજાને મદદ કરીશ, એવું કેટલા લોકો કહે છે ? ઘણી હોંશીલી સ્કૂલ, કોલેજો એમને ત્યાં ભણી ગયેલા અને પછી થોડા કે ઘણા પ્રસિધ્ધ થયેલા વિદ્યાર્થીઓને બોલાવીને એમનું બહુમાન કરે છે. પણ પછી એ સન્માન પામેલા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓમાંથી કેટલા જણ એ સ્કૂલ કે એમાં ભણતા વિદ્યાર્થીઓ માટે નાનકડું યે ડોનેશન આપવા જેટલી ઉદારતા દાખવે છે ? માની લો કે પારકાની મદદથી આવી રીતે ભણીને પગભર થનારા કદાચ એ સ્થિતીએ ન પહોંચ્યા હોય કે બીજાનાં બાળકોને ભણાવવાનો ખર્ચ નિયમિત ઉપાડી શકે, પણ કમ સે કમ એટલું તો કરી શકે ને કે જે સંસ્થામાંથી આર્થિક મદદ મળી હોય એને થોડુંઘણું તો પાછું આપે, હપ્તે હપ્તે આપે પણ ના, સંસ્થા અને સખાવતીઓનો આભાર માની લીધો એટલે માથેથી કરજ ઉતરી ગયું. બેન્કમાંથી એજ્યુકેશન લોન લો તો ડિગ્રી મળ્યાના અમુક મહિના પછી, ફરજિયાત હપ્તા ભરવા પડે. પણ કોઈએ ભલાભાવે ડોનેશન આપ્યું હોય તો ખાઈ જવાનું ! ઓડકાર પણ નહીં ભરવાનો એ કેવું ?

ઘણી જ્ઞાતિઓમાં એમના સુખીસંપન્ન ગણાતા સભ્યોની સખાવતથી એજ્યુકેશન ફંડ ઉભા કરાય છે. ક્યારેક તો એકાદ બે જણ જ એટલું મોટું ડોનેશન આપી દે છે કે એના વ્યાજમાંથી વર્ષો સુધી અનેક બાળકો ભણતાં રહે. આવા ફંડનો વહીવટ કરતા એક સજ્જનને મેં હમણાં પૂછ્યું કે આમાંથી કેટલા જણ પછી ફંડમાં પોતાની રીતે ફાળો આપે છે ? તો એમણે હસીને કહ્યું, “જવા દો ને બહેન, ડોનેશન નહીં પણ લોન તરીકે લીધેલી મામૂલી રકમ પણ લોકો પાછી નથી વાળતા. આપણે કંઈ થોડા બેન્કની જેમ ઉઘરાણી કરવા જવાય છે ?” મેં પોતે જોયું છે કે કોમ્પ્યુટર્સ નવાં નવાં આવ્યાં ત્યારે ઘણી સંસ્થાઓ અને જ્ઞાતિઓ હોશિયાર પણ નબળી આર્થિક સ્થિતિવાળા વિદ્યાર્થીઓને વધુ અભ્યાસ કરવા માટે સુવિધા થાય એટલે મફતમાં કોમ્પ્યુટર્સ આપતી હતી. છોકરા ખરેખર બહુ હોશિયાર પુરવાર થયા. એમણે દાનમાં મળેલા ડેસ્ક કોમ્પ્યુટર્સ સારી રીતે વાપરી લીધા અને પછી કોઈ સ્ટોરમાંથી એક્સચેન્જ ઓફર આવી ત્યારે જૂનાં થઈ ગયેલાં કોમ્પ્યુટરના બદલામાં

નવા લઈ પણ લીધા. પરંતુ મૂળ ડોનરને ડિંગો !

**અલ્યા, મફતમાં મળેલી વસ્તુ વાપરીને છેવટે ભંગારમાં વેચો ત્યારે એ પૈસા તો કોઈક રીતે મૂળ આપનારને પાછા વાળો અને એવું નથી કે કરજ ચૂકવવાની એમની સ્થિતિ નહોતી.**

આવું કરનારા લોકો બધા લુચ્ચા જ હશે એવુંયે માનવું ન ગમે. કદાચ એમને વિચાર જ નહીં આવતો હોય કે દાન કે મદદ તરીકે મળેલી વસ્તુ પણ એક પ્રકારનું કરજ કહેવાય, જે શક્ય હોય તો, અને ત્યારે ચૂકવવું જોઈએ અને જરૂર નથી કે જેણે મદદ કરી હોય એને જ પાછું વાળવું જોઈએ. બહુ શ્રીમંત વ્યક્તિ તો કદાચ દાનમાં આપેલા પાંચ પચીસ હજાર પાછા આવે તો પણ નહીં લે. પરંતુ એણે આપણને મદદ કરી એટલી કે એનાથી અડધી મદદ આપણે કોઈ બીજા જરૂરતમંદને કરી શકીએ નહીં ? સાંકળ આમ જ બનતી હોય છે. પહેલા પગારમાંથી મા માટે સાડી લઈ આવ્યો, મંદિરમાં જઈને એકસો રૂપિયાનો પ્રસાદ ચઢાવ્યો, મને મદદ કરનારા અંકલને જઈને પગે લાગ્યો...આ બધા વાક્યો બોલવા, સાંભળવામાં કેટલાં સારાં લાગે છે પણ કેટલીવાર એવું સાંભળ્યું કે પહેલા પગારમાંથી કોઈએ એને ભણવામાં સહાય કરનારી સંસ્થામાં પાંચ રૂપિયાનું ડોનેશન લખાવ્યું ? ભણતરની બાબતમાં તો લેવાનું અને ભૂલી જવાનું એ જ સિલસિલો મોટેભાગે ચાલતો આવ્યો છે. ઋણસ્વીકાર કે મદદ હંમેશાં રોકડ રકમમાં પણ નથી હોતાં. કોઈની સહાયથી ભણેલી પણ નોકરી નહીં કરતી ગૃહિણીઓ અઠવાડિયે એક વાર પણ કોઈ ગરીબ બાળકને મફત ટ્યુશન આપી ના શકે ? બસ લીધા જ કરવાનું કે કોઈ વાર આપવાનું પણ વિચારવાનું !!

## દિકરા નો શું વાંક ?

ઘણી મહેનત, ઘણા બધા પ્રયત્નો અને સગા-સબંધીઓની ભૂમિકા થી દીકરાનો સબંધ નક્કી થયો. દૂધ-પીણા અને સગાઈ નો પ્રસંગ આનંદથી ઉજવાયો બંન્ને પરિવાર ખૂબજ ખુશ હતા. નવા સબંધીઓને મળવાનો આનંદ અનેરો હતો. થોડા સમયના અંતરે લગ્ન નક્કી થયા. બંન્ને પરિવાર લગ્નની તૈયારીમાં રોકાયું. દિકરી પરિવારની પરિસ્થિતી મધ્યમહતી તેથી લગ્નનો બધો ખર્ચ દિકરા પરિવાર નો હતો.

દિકરાનો પરિવાર ખૂબજ સુખી સંપન્ન હતો. તેમના માટે લગ્નનો પ્રસંગ એક શાનદાર ઉજવણી હતી. તેઓ ખૂબજ ધામ-ધૂમથી લગ્ન ઉજવવા માગતા હતા. ક્યાંય ક્યાસ નહી, ક્યાય લોભ નહી. જેટલો થાય એટલો ખર્ચ કરવો લક્ષ્મી વાપરવા થી વધે અને સારા પ્રસંગે વપરાય તેને જ શુભ લક્ષ્મી કહેવાય.

નક્કી કરેલા દિવસે લગ્ન થયા. દીકરા પરિવાર તરફથી શાનદાર જલસો, ઠાઠમાઠ અને ઉમંગભેર પાર્ટી રખાઈ હજારો માણસો લગ્નની ઉજવણીમાં હાજર રહ્યાં. જાત-જાતના ભોજન પીરસાયા રાત્રે પાર્ટી પૂર્ણ થઈ. મહેમાનો જમીને ઘેર પહોંચી ગયા ખુશીનો પાર નહોતો.

પણ નવોઢા કહે ''મારે અહીં રહેવુ જ નથી, મને અહીંથી લઈ જાઓ'' આવુ સાંભળતાની સાથે જ દિકરા પરિવાર હેરત માં આવી ગયું. સૌને અચંબો થયો, હજાર કરંટનો શોર્ટ લાગ્યો. અરે ! આ શું ? આને લગ્ન કહેવાય ? લગ્ન પ્રસંગની ઉજવણી શોકમય બની. લગ્નના પહેલા જ દિવસે નવોઢાએ પરચો બતાવ્યો. સૌ હતાશ થયા. દિકરાને અને તેના પરિવારને શી તકલીફ થઈ તે લખી ન શકાય. જેના પર વીતી હોય તેજ જાણે.

ઘણાં લોકોના સમજાવવા છતાં નવોઢા એકની બે ન થઈ મને અહીંથી લઈ જ જાઓ. આખરે દીકરીનો પરિવાર દિકરીને તેડી ગયો. દિકરા પરિવારની ઈજ્જત, માન-સન્માનને ઠેસ પહોંચી. આપણા સમાજમાં આવું ક્યારેય બન્યું નથી. છેલ્લે જાણકારી મુજબ દિકરા-દીકરીના છૂટાછેડા થઈ ગયા છે. હવે કહો આમાં દિકરાનો શો વાંક ?

**નોંધ :- આપણા સમાજમાં યુવાનો માં સબંધ ટકાવવાની સમજ આવે તેટલા માટે આ લેખ લખેલ છે. કંઈ અયોગ્ય લખાયુ હોય તો માફ કરશો.**

**સોની મહેશકુમાર તુલસીદાસ - અંજાર**

એક મહિલાના કાકડાના ઓપરેશન પછી ડોક્ટરે તેના પતિને કહ્યું, "આ ઓપરેશન તો બાળપણમાં કરાવી લેવું જોઈતું હતું."
બીજે દિવસે ડોક્ટરે એ મહિલાના પતિને જ્યારે બીલ આપ્યું ત્યારે તેણે તે બીલ પોતાના સાસરે મોકલી આપ્યું.

•

એક મિત્ર : મારી પત્ની બહુ મોટા કુટુંબમાંથી આવી છે.
બીજો મિત્ર : પણ મારી પત્ની તો મોટું કુટુંબ સાથે લઈને જ આવી છે.

•

# "ઉચ્ચ શિક્ષણ" અને "સંસ્કાર"

- ફોરમ સોની (સુખપર)

વાતની શરૂઆત કરું એ પહેલા, આપ સૌ ને એક પ્રશ્ન પુછવા માંગુ છું...આપના મત મુજબ ઉચ્ચ શિક્ષણ શું છે ? ઉચ્ચ શિક્ષણ અથવા સારું ભણતર...આ તમામ શબ્દોને સારા ભવિષ્યની સીડી ગણી ને શા માટે માનવામાં આવે છે ?

શું એક સારા અને ઉજ્જવળ ભવિષ્ય માટે ફક્ત 'ઉચ્ચ શિક્ષણ' જ અનિવાર્ય છે ? જવાબ છે 'ના....!' ઉચ્ચ શિક્ષણની સાથે સાથે જ આપણું આપણા પરિવાર પ્રત્યેનું આદર....આપણા સમાજ પ્રત્યેની જવાબદારી અને...આપણા સંસ્કાર....આ બધી જ બાબતો એક ઉજ્જવળ ભવિષ્ય સાથે જોડાયેલી છે જ !

આજ કાલ આપણે સૌ જોઈ શકીએ છીએ, કે દરેક માતા-પિતા પોતાના સંતાનો ને ઉચ્ચ-શિક્ષણ આપવાની ખેવના રાખે છે, અને રાખવી પણ જોઈએ ! એમાં કશુંય ખોટું નથી. માતા-પિતા બાળકોને આ બસ...સંઘર્ષ ત્યાંથી જ શરૂ થઈ જાય છે. માતા-પિતા માંડ દસ ધોરણ સુધી જ ભણી શક્યા હોય, અને સંતાનો ને ફ્રેન્ચ ઈંગ્લીશ શીખવતી કોઈ શાળામાં દાખલ કરે. તમે જ જરા વિચારી જુઓ, શું પરિસ્થિતિ થતી હશે. તે બાળકને અને માતા-પિતા ને પણ ! જ્યારે પોતાના જ સંતાનને મળતા જ્ઞાન થી તેઓ સંપૂર્ણ અજ્ઞાન છે.

પછી ? પછી શું ? એ જ પરિસ્થિતિ, જે ઘર - ઘરમાં જોઈ શકીએ છીએ. મધ્યમવર્ગ - ઉચ્ચ શિક્ષણ - ટ્યુશન ફી, સ્કૂલ ફી - જુદા જુદા ક્લાસીસ....વગેરે ....વગેરે...અને જો એજ બાળક સાદા - 'ગુજરાતી માધ્યમ'માં અભ્યાસ કરે, તો તેને 'ઉચ્ચ શિક્ષણ' નહી પરંતુ 'પછાત' વર્ગનું શિક્ષણ' શા માટે ગણાય છે ? અહિં વાત 'ગુજરાતી/અંગ્રેજી માધ્યમ' ના અભ્યાસ નીજ ફક્ત નથી, પરંતુ વાત એ સૌ માતા-પિતાની ઉચ્ચ શિક્ષણ પરત્વેની આ માનસિકતાની છે.

અરે ! આપણા રાષ્ટ્રપિતા ગાંધીજી થી માંડીને મોટા-મોટા તમામ રાજકારણીઓ, અભીનેતાઓ પણ તેમની માતૃભાષામાં અભ્યાસ કરી ને જ તો આગળ આવ્યાં છે.

આજના પ્રત્યેક પરિવારો, સંયુક્ત કુટુંબો - આ સૌની સળગતી સમસ્યા એ જ છે, કે ઘરનાં સંતાનો અને વડીલો વચ્ચે સતત સંઘર્ષો થયાં કરે છે. સંતાનો ને વડીલો ની વાત માનવાનું અને તેમને આદર આપવાનું ઓખું લાગે છે. અને વડીલોની લાગણી દુભાય છે. પરિણામે અંતે સંયુક્ત કુટુંબ વિભક્ત થઈ જાય છે. આ જનરેશન ગેપ ને સમજવા કોઈ કેમ તૈયાર નથી થતું ? દર દસ માંથી આઠ ઘરમાં આ પરિસ્થિતિ આપણે જોઈ શકીએ છીએ.

આ પરથી જ તમે કહો, શું 'ઉચ્ચ શિક્ષણ' મેળવેલી દરેક વ્યક્તિ 'સંસ્કારી' છે જ... હોય જ.....એવું તમે કહી શકશો ? આ વાત ઉચ્ચ શિક્ષણના વિરુધ્ધ નહી, પરંતુ - જે સંતાન એકધારું અને સાદું જીવન જીવે છે, તે પણ જીવનમાં સતત વિકાસ સાધી શકે છે. જો તેને માતા-પિતા દ્વારા યોગ્ય માર્ગદ્રશન અને સંસ્કારો મળી રહે તો !

એક કુટુંબ છે. ખુબ જ પૈસાદાર, ખાનદાન પતિ પત્ની અને દિકરી સુખ-શાંતીથી રહે...મોટું શહેર, પોતાનું ઘર - દુકાને....મોજ શોખની વસ્તુઓ ! બધું જ પર્યાપ્ત.

અચાનક જ પતિ ને દારૂની લત લાગે છે, પત્ની ને પુત્રીને ત્રાસ આપવું, પરેશાન કરવું તે જાણે રોજની આદત બની જાય છે...

પત્ની એ પોતાની દિકરીનું ભવિષ્ય સુધારવા પિયરે પાછા ફરવાનું નિર્ણય કરે છે...!

ત્યારે આવા સમયે સગાં વહાલાઓ - સંબંધીઓ સૌ એને સલાહ આપે છે! "જો તારી દિકરી અંગ્રેજી માધ્યમમાં શહેરની સૌથી મોટી શાળામાં અભ્યાસ કરે છે. તું જો પિયરે તારા ગામમાં જતી રહીશ, તો તેને ઉચ્ચ શિક્ષણ કેમ મળશે ?"

તેના સાસરાંવાળા પણ તેને મહેણાં મારે છે. એજ ઉચ્ચ શિક્ષણ ની લાલચો આપે છે. પરંતુ એ દિકરીની 'મા' આમથી તેમ નથી થતી. અને દિકરીને ગામડામાં એક સરકારી પ્રાથમિક શાળામાં દાખલ કરે છે. શાંતી અને સાદગી ભર્યું જીવન જીવે છે. અને એ જ દિકરી પોતાનું પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ પૂર્ણ કરે છે. વક્તૃત્વ, લેખન, ગાયન આદિ બધા જ ક્ષેત્રો માં સિધ્ધિ હાંસલ કરે છે. અને જ્યારે કોઈ વ્યક્તિ તેને તેના શિક્ષણ, અથવા તેના ભણતર બાબતે કોઈ પ્રશ્ન પૂછે, ત્યારે તેની પ્રગતિનું તમામ શ્રેય તેની માતા ને આપે છે.

ઉપરની વાત ફક્ત એટલું જ દર્શાવે છે, કે જો તમે તમારા સંતાનોને ઉચ્ચ શિક્ષણ ના આપી શકો, તો કંઈ નહી, પરંતુ ઉચ્ચ સંસ્કાર તો આપી જ શકો છો ! અને ઉચ્ચ સંસ્કાર આપવા માટે જરૂર છે, ફક્ત લાગણીના સંબંધોની કદર કરવાની, પ્રેમભર્યા શબ્દોની ઓળખ કરવાની, વડીલોના સાન્નિધ્યમાં જ સુખ ને મેળવવાની અને કર્તવ્ય પાલનની.

બસ, પછી જોજો તમારું કુટુંબ, તમારા પરિવારનું વાતાવરણ એ સ્વર્ગ જેવું શાંત અને સ્વસ્થ બની જશે. જીવનમાં જીવવાની ફરી તાકાત આવી જશે.

**'મિત્ર'**

**આપણો ખરો મિત્રતો એ છે કે જે એલાર્મ ક્લોકની જેમ ખરે સમયે આપણને ચેતી દે.**

# શ્રી અખિલ ભારતીય મારૂ કંસારા સોની જ્ઞાતિ મહામંડળ

પ્રેષક - ફોરમભાઈ સુરેશભાઈ પોમલ (અંજાર)

## તા.૧-૪-૨૦૧૫ ત્રણ વર્ષ માટે ટ્રસ્ટી મંડળ (હોદ્દેદારો)

| અ.નં. | હોદ્દો | નામ | ગામ | ફોન નં. |
|---|---|---|---|---|
| ૧ | પ્રમુખશ્રી | સોની પ્રભુદાસ ખેતશીભાઈ | ભુજ | ૦૨૮૩૨-૨૫૫૯૭૬ |
| ૨ | ઉપપ્રમુખશ્રી | સોની હરિલાલ લખમશીભાઈ | અંજાર | ૯૮૭૯૫ ૩૦૮૫૪ |
| ૩ | ઉપપ્રમુખશ્રી | સોની અમૃતલાલ જેઠાલાલ સોલંકી | ભુજ | ૯૪૨૬૯ ૬૮૨૨૦ |
| ૪ | ઉપપ્રમુખશ્રી | સોની લખમશીભાઈ ઈશ્વર કોટડીયા | નખત્રાણા | ૯૪૨૭૭૬૬૬૪૫ |
| ૫ | ઉપપ્રમુખશ્રી | સોની પ્રકાશચંદ્ર ભગતલાલ બારમેડા | સદર બજાર | ૯૮૨૬૩૦૮૨૦૮ |
| ૬ | મહામંત્રીશ્રી | સોની પ્રેમજીભાઈ કેશવજીભાઈ સોલંકી | વડાલી | ૯૪૨૭૩૬૫૩૭૭ |
| ૭ | ખજાનચીશ્રી | સોની ચંદ્રકાન્તભાઈ જટુભાઈ ચનાણી | ભુજ | ૯૮૨૫૪૩૧૬૮૩ |
| ૮ | મંત્રીશ્રી | સોની ઈન્દુભાઈ હરિરામભાઈ સોલંકી | ભુજ | ૯૩૭૪૩૩૭૬૭૮ |
| ૯ | મંત્રીશ્રી | સોની ભરતભાઈ તુલસીદાસ બગા | ગાંધીધામ | ૯૮૨૫૪ ૨૨૧૧૨ |
| ૧૦ | મંત્રીશ્રી | એકતાબેન હેમેન્દ્રભાઈ કટ્ટા | અંજાર | ૯૮૭૯૧૯૪૩૩૪ |
| ૧૧ | સહમંત્રીશ્રી | સોની જયંતિલાલ હીરજી સાકરીયા | મુલુન્ડ | ૯૯૬૯૮૪૦૩૪૫ |
| ૧૨ | સહમંત્રીશ્રી | કંસારા હેમેન્દ્રભાઈ મોહનલાલ | નખત્રાણા | ૯૪૨૯૪૬૨૨૫૫ |
| ૧૩ | સહમંત્રીશ્રી | સોની ફોરમકુમાર સુરેશભાઈ | અંજાર | ૯૪૨૮૦૩૩૧૦૦ |
| ૧૪ | સંગઠન મંત્રીશ્રી | સોની મનુભાઈ વિઠ્ઠલદાસ કોટડીયા | મણિનગર | ૯૬૦૧૨૭૫૦૭૮ |
| ૧૫ | સંગઠન મંત્રીશ્રી | સોની ગોપાલભાઈ સામજીભાઈ | દહેગામ | ૯૮૨૫૩૯૫૪૬૪ |

## વિવિધ સમિતિના ચેરમેનની યાદી

| અં. નં. | હોદ્દો | નામ | ગામ | ફોન નં. |
|---|---|---|---|---|
| ૧ | મેડીકલ સમિતિ ચેરમેનશ્રી | સોની સુનીલભાઈ માધવજી પોમલ | ભુજ-કચ્છ | ૯૮૯૮૦૮૯૧૪૧ |
| ૨ | નાણાકીય સમિતિ ચેરમેનશ્રી | સોની નિતીનભાઈ અમૃતલાલ હેડાઉ | ભુજ-કચ્છ | ૯૮૭૯૦૮૦૫૩૬ |
| ૩ | શિક્ષણ સમિતિ ચેરમેનશ્રી | સોની ચેતનભાઈ ઈશ્વરલાલ બારમેડા | ભુજ-કચ્છ | ૯૮૭૯૨૮૬૦૬૪ |
| ૪ | કલા-સાંસ્કૃતિક સમિતિ | સોની સુધાબેન અમૃતલાલ બુધ્ધભટ્ટી | ભુજ-કચ્છ | ૯૯૨૫૩૧૩૭૩૪ |
| ૫ | મહામંડળના મહિલા સેલ | સોની લતાબેન ઈન્દુભાઈ સોલંકી | ભુજ-કચ્છ | ૯૭૨૫૩૨૦૪૪૪ |

## યુવક મંડળ તથા મહિલા મંડળના પ્રમુખશ્રીઓ

| અં. નં. | નામ | ગામ | ફોન નં. |
|---|---|---|---|
| ૧ | સોની રાહુલકુમાર ચંદ્રકાન્ત ચનાણી | ભુજ | ૯૮૭૯૬ ૧૦૯૩૯ |
| ૨ | સોની સંદિપકુમાર રમણીકલાલ બુધ્ધભટ્ટી | અંજાર | ૯૦૩૩૩ ૯૯૯૪૭ |
| ૩ | ભાવેશકુમાર સુરેશભાઈ બગ્ગા | નખત્રાણા | ૯૯૦૪૫ ૭૦૩૬૪ |
| ૪ | પરેશકુમાર મગનલાલ બારમેડા | રાયપુર | ૯૪૨૫૫ ૧૩૬૮૪ |
| ૫ | શ્રીમતિ લતાબેન ઈન્દુભાઈ સોલંકી | ભુજ | ૯૭૨૫૩ ૨૦૪૪૪ |
| ૬ | શ્રીમતી પિન્કીબેન એન.કટ્ટા | અંજાર | ૯૯૨૫૩ ૧૮૧૬૮ |
| ૭ | શ્રીમતિ જ્યોતિબેન રમણીકલાલ કટ્ટા | નખત્રાણા | ૯૯૭૮૪ ૫૪૬૦૬ |
| ૮ | શ્રીમતિ ઉર્મીલાબેન વિનોદભાઈ પોમલ | રાયપુર | ૯૪૨૪૨ ૨૬૬૭૩ |

## મહામંડળના કારોબારી સભ્યશ્રીઓ

| અં. નં. | નામ | ગામ | ફોન નં. |
|---|---|---|---|
| ૧ | દિલીપભાઈ કાનજી બગ્ગા | ભુજ | ૯૮૨૫૨૨૬૬૧૭ |
| ૨ | સુનીલભાઈ માધવજી પોમલ | ભુજ | ૯૯૯૮૦૮૯૧૪૧ |
| ૩ | નીતિનભાઈ અમૃતલાલ હેડાઉ | ભુજ | ૯૮૭૯૦૮૦૫૩૬ |
| ૪ | ચેતનકુમાર ઈશ્વરલાલ બારમેડા | ભુજ | ૯૮૭૯૨૮૬૦૬૪ |
| ૫ | હર્ષદભાઈ ઝવેરીલાલ બુધ્ધભટ્ટી | ભુજ | ૯૮૨૫૨૮૫૩૨૧ |
| ૬ | હર્ષદભાઈ જટુભાલ ચનાણી | ભુજ | ૯૮૨૫૯૫૧૨૫૫ |
| ૭ | અનિલભાઈ કેશવલાલ છત્રાળા | ભુજ | ૯૮૭૯૦૪૨૯૬૯ |
| ૮ | મુળજીભાઈ નાનાલાલ કટ્ટા | ભુજ | ૯૭૨૭૯૯૬૮૫૦ |
| ૯ | રસીકલાલ જે. બુધ્ધભટ્ટી | ભુજ | ૯૮૨૪૨૪૪૨૪૯ |
| ૧૦ | જગદીશભાઈ ડી. ચૌહાણ | ભુજ | ૯૪૨૬૨૩૧૩૭૩ |
| ૧૧ | પુરૂષોત્તમગોવિંદજી પોમલ(દાસ) | ભુજ | ૯૯૭૯૬૭૨૪૦૭ |
| ૧૨ | પરેશભાઈ ચમનલાલ ગુજરાતી | ભુજ | ૯૪૨૬૭૮૯૨૨૦ |
| ૧૩ | ભરતભાઈ હરીવદન પરમાર | ભુજ | ૯૪૨૬૩૮૧૯૮૧ |
| ૧૪ | હસમુખભાઈ કેશવલાલ મૈચા | ભુજ | ૯૭૨૭૫૨૧૦૧૦ |
| ૧૫ | મુકેશભાઈ એલ.બારમેડા | ભુજ | ૯૮૨૫૩૯૪૪૮૦ |
| ૧૬ | લતાબેન આઈ.સોલંકી | ભુજ | ૯૭૨૫૩૨૦૪૪૪ |
| ૧૭ | સુધાબેન એ.બુધ્ધભટ્ટી | ભુજ | ૯૯૨૫૩૧૩૭૩૪ |
| ૧૮ | રોહિણીબેન બી. બુધ્ધભટ્ટી | ભુજ | ૯૪૨૯૩૪૧૧૨૦ |
| ૧૯ | દર્શનાબેન પી. ગુજરાતી | માનકુવા | ૯૪૨૬૨૭૩૮૧૬ |
| ૨૦ | સોની રાજેશભાઈ કેશવલાલ વિશાપરમાર | અંજાર | ૯૫૮૬૨૭૧૬૭૯ |
| ૨૧ | સોની કિરણકુમાર કાનજી હેડાઉ | અંજાર | ૯૪૨૬૯૨૧૪૭૦ |
| ૨૨ | સોની અનિલકુમાર શંકરલાલ બગ્ગા | અંજાર | ૯૮૨૪૨૮૫૨૧૦ |
| ૨૩ | કંસારા ભરતભાઈ ચત્રભુજ | અંજાર | ૯૮૨૫૮૩૭૯૩૬ |
| ૨૪ | સોની ભરતભાઈ ભગવાનદાસ બુધ્ધભટ્ટી | અંજાર | ૯૭૨૫૪૬૯૩૪૦ |
| ૨૫ | સોની પ્રકાશભાઈ નરોતમભાઈ બારમેડા | અંજાર | ૯૪૨૮૮૯૮૪૪૪ |
| ૨૬ | સોની સુરેશભાઈ પ્રાગજીભાઈ સોલંકી | અંજાર | ૯૮૭૯૨૧૬૧૪૦ |
| ૨૭ | સોની પ્રવિણભાઈ લક્ષ્મીદાસ સોલંકી | અંજાર | ૯૯૧૩૮૪૨૧૨૫ |
| ૨૮ | સોની હરેશભાઈ નેણશી બારમેડા | માંડવી | ૯૮૭૯૩૪૯૫૧૩ |
| ૨૯ | સોની મનુભાઈ જીવરામભાઈ બારમેડા | તલોદ | ૯૯૦૪૮૨૯૯૨૧ |
| ૩૦ | સોની રશ્મીનભાઈ જેઠાલાલ બારમેડા | તલોદ | ૯૮૯૮૧૭૩૩૧૩ |
| ૩૧ | સોનિ પિયુષભાઈ વસંતરાય બારમેડા | મુંબઈ | ૯૮૬૯૭૨૫૫૨૮ |
| ૩૨ | શ્રીમતિ ચાંદનીબેન વૃજલાલ બિજલાણી | મુંબઈ | ૯૮૨૦૦૧૦૨૨૯ |
| ૩૩ | સોની રમેશભાઈ રાઘવજી લાયચા | કોટડા | ૯૪૨૭૭૬૨૬૯૬ |
| ૩૪ | સોની કાંતિલાલ દામજી પોમલ | કોઠારા | ૯૯૭૯૭૯૮૬૨૧ |
| ૩૫ | સોની ખેંગારભાઈ વિશનજી કટ્ટા | વિથોણ | ૯૯૦૯૦૭૨૫૦૫ |
| ૩૬ | સોની અનિલભાઈ લાલજીભાઈ બારમેડા | દયાપર | ૯૮૨૫૨૫૦૫૬૨ |
| ૩૭ | સોની હર્ષદભાઈ જેઠાલાલ પોમલ | ગઢશીશ | ૯૯૨૫૩૧૩૦૭૮ |
| ૩૮ | સોની પ્રવિણકુમાર જીવરાજ બુધ્ધભટ્ટી | વર્માનગર | ૯૪૨૭૪૩૯૧૧૮ |
| ૩૯ | સોની નારાણભાઈ મોહનલાલ પરમાર | ખોંભડી | ૯૪૨૭૫૧૩૦૫૩ |
| ૪૦ | સોની ચમનલાલ વેલજી સોલંકી | ભચાઉ | ૯૪૨૮૨૧૪૫૧૯ |

| | | | |
|---|---|---|---|
| ૪૧ | સોની અતુલભાઈ શંકરલાલ બગ્ગા | અમદાવાદ | ૯૭૨૫૦૩૮૧૪૦ |
| ૪૨ | સોની રાજેન્દ્રભાઈ કાન્તીલાલ બારમેડા | અમદાવાદ | ૯૪૨૯૫૨૪૦૪૨ |
| ૪૩ | સોની હિરાલાલ મોહનલાલ બગ્ગા | નખત્રાણા | ૯૮૭૯૧૨૨૧૬૦ |
| ૪૪ | સોની ગંગારામભાઈ કરશનદાસ કટ્ટા | નખત્રાણા | ૯૪૨૮૩૦૬૩૧૩ |
| ૪૫ | સોની ભરતભાઈ બેચરદાસ બગ્ગા | નખત્રાણા | ૯૮૨૫૨૨૫૩૧૬ |
| ૪૬ | સોની જ્યોતિબેન રમણીકલાલ કટ્ટા | નખત્રાણા | ૯૯૭૮૪૫૪૬૦૬ |
| ૪૭ | સોની જેરામભાઈ ધનજીભાઈ બુધ્ધભટ્ટી | નખત્રાણા | ૯૪૨૭૪૦૭૫૪૭ |
| ૪૮ | સોની શંભુલાલ વિશ્રામબુધ્ધભટ્ટી | મોટી વિરાણી | ૯૪૨૭૭૧૮૫૮૫ |
| ૪૯ | સોની બાબુલાલ રવજી સાકરીયા | નલીયા | ૯૪૨૯૧૨૩૬૫૧ |
| ૫૦ | સોની કિર્તીકુમાર પ્રાગજી પરમાર | નેત્રા | ૯૪૨૭૭૬૩૧૨૫ |
| ૫૧ | સોની હરિશભાઈ બીપીનચંદ્ર બુધ્ધભટ્ટી | જામનગર | ૯૮૨૫૩૫૪૭૭૦ |
| ૫૨ | સોની ખુશાલ એન.બારમેડા | રાજકોટ | ૮૮૬૬૬૧૭૬૧૦ |
| ૫૩ | કંસારા કાંતીભાઈ વાલજીભાઈ હડાઉ | બોડકદેવ | ૯૮૨૫૨૮૭૪૩૪ |
| ૫૪ | સોની કૌશિકકુમાર કિશોરભાઈ કટ્ટા | રાયપુર | ૯૮૨૭૧૭૬૫૧૨ |
| ૫૫ | સોની પ્રફુલચંદ્ર મગનલાલ બારમેડા | રાયપુર | ૯૪૨૪૨૨૬૬૩૭ |
| ૫૬ | સોની અશ્વિનકુમાર શાંતિલાલ સાકરીયા | રવાપર | ૯૪૨૭૨૮૮૨૦૪ |
| ૫૭ | સોની કિશોરભાઈ પ્રાણલાલ સોલંકી | ગાંધીધામ | ૯૮૨૫૫૩૩૩૭૧ |

## લીગલ ડેસ્ક

**- ઈન્દુલાલ હરિરામ સોલંકી (એડવોકેટ) ભુજ**



દુનિયાના કોઈ પણ સમાજમાં કોઈકને કોઈક બાબતે મતભેદ ઉભા થતા હોય છે. આવા મતભેદ ક્યારેક મનભેદનો સ્વરૂપ ગૃહણ કરે છે. જેના કારણે ઝગડા થાય છે અને આવા ઝગડા કોર્ટો સુધી પહોંચે છે. આવા કોર્ટો સુધી પહોંચેલ ઝગડાઓનું નિરાકરણ વર્ષોના વર્ષોથી અનિર્ણત રહી કોર્ટની ફાઈલોમાં અટવાયેલા રહે છે. આ રીતે અટવાયેલા ઝગડાઓનું મુળમાં કોઈ તથ્ય હોતું નથી. ફક્ત અહમસંતોષવા માટે જ આવા મતભેદ અને ત્યારબાદ મનભેદ ઉભા થાય છે કે ઉભા કરવામાં આવે છે. તેવા મતભેદ અને મનભેદ ક્યારેક વંશપરંપરાગત ઉતરી આવે છે. આવા વંશપરંપરાગત ઉભરી આવેલ ઝગડામાં નજીકના સગા સંબંધીઓમાં એક બીજાને ઓળખતા પણ નથી હોતા. આવા ઝઘડાનું મૂળ કોઈ શોધતું નથી. જો તેનું સંશોધન થાય તો હાલના મોર્ડન યુગમાં તેવા મૂઈનું કોઈ અસ્તિત્વ રહેવા પામે તેમહોતું નથી.

કેટલાક અંશે આપણા સમાજમાં પણ આવા પ્રકારના મતભેદ અને મનભેદ ઉપસ્થિત થતા રહે છે અને કેટલાય લોકોના આવા મતભેદ અને મનભેદ કોર્ટોની ફાઈલોમાં અટવાઈ રહ્યા છે. હાલના મોર્ડન યુગમાં આવા અટવાઈ ગયેલ કેશોનું નિરાકણ લાવવું જરૂરી છે. તેવા કેશોના મુળ જો બતાવવામાં આવે તો એમજ માનવામાં આવે કે આપણે વડીલોએ આવા ઝગડા ઉભા કરી પૈસા અને સમયનો બગાડ કરવાની સાથે નજીકના સગા સંબંધીઓ સાથે વૈમન્સય ઉભા કરેલ છે. જો કે હાલના સમયમાં પણ સમાજમાં કોઈ ગેરસમજણ કે કાયદાની અજ્ઞાનતાના કારણે પણ મતભેદ અને મનભેદ ઉભા થઈ રહેલ છે.

આવા ઝગડાના નિવારણ માટે સુપ્રીમકોર્ટ તથા દેશની હાઈકોર્ટો દ્વારા કોર્ટોમાં ચાલતા કેશ તથા આવા કેશો થયગા તેનાથી પહેલા તેવા કેશોના નિવારણ માટે મીડીએશન સેન્ટર સ્થાપવામાં આવેલ છે. તેમજ તેમાં નામદાર શ્રી સુપ્રીમકોર્ટ તથા નામદાર શ્રી ગુજરાત હાઈકોર્ટ દ્વારા મીડીએટરોને તાલીમઆપવામાં આવેલ છે અને તે આધારે દરેક જીલ્લા સ્થળે સ્થાપાએલ મીડીએશન સેન્ટરમં મીડીએટરો પોતાની સેવાઓ આપે છે. જેમાં કોર્ટોમાં ચાલતા કેશોમાં બન્ને પક્ષકારોની સંમતિથી કેશો મેડીએશન સેન્ટરમાં મુકવામાં આવે છે તેમજ મીડીએટરો રૂબરૂ બન્ને પક્ષકારોની સર્વ સંમતિથી વર્ષોથી ચાલતા કેશોનો બન્ને પક્ષકારોની રાજીખુશીથી અને સંમતિ કેશોનો અંત આવે છે.

આપણા સમાજના કેટલાક કેશો રાજ્યની જુદી જુદી કોર્ટોમાં પડતર રહેલ છે અને બન્ને પક્ષકારો કેશોનો અંત લાવવા આતુર હોય છે પરંતુ કોઈ પ્રકારની કાયદાકીય માહિતિના અભાવના કારણે કોઈ નિર્ણય લઈ શકાતું નથી. આવા કેશો તથા સમાજના કોઈ કુટુંબોમાં કોઈ પ્રકારના મતભેદ ઉભા થઈ રહ્યા હોય અને તેવા મતભેદો દુર કરવાના પ્રયાસ રૂપે આપણી જ્ઞાતિના સમાચાર પીરસતી "જ્ઞાતિસેતુ" માં લીગલ ડેસ્ક નામનો એક વિભાગ શરૂ કરવા તેમજ તેમાં કોઈ પણ પ્રકારની કાયદાકીય સલાહ સૂચનો આપવા માટે પ્રયત્ન કરવા કોશીશ કરવામાં આવશે.

આપણી જ્ઞાતિના કોઈ પણ વ્યક્તિને કાયદાકીય સલાહ સુચનની જરૂરીઆત હોય તો તે માટે જ્ઞાતિસેતુને અથવા પરબારે મને મુળ પ્રશ્ન વિશે વિગતવાર લખે તો જ્ઞાતિસેતુ મારફ્તે કાયદેસરની અને ખરી સલાહ આપવાનો પ્રયત્ન કરવામાં આવશે. મારૂં સરનામું અંજારીયા ફળિયા, કંસારા બજાર ભુજ-કચ્છ


મો. - ૦૯૩૭૪૩૩૭૬૭૮

**Email :- indubhai@rediff.com**

**Education :- B.A.(Economics), L.L.B.**

પૂર્વ પ્રમુખ શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ ટ્રસ્ટ, ભુજ

મંત્રી, શ્રી અખિલ ભારતીય મારૂ કંસારા, સોની જ્ઞાતિ મહામંડળ ,ભૂજ

## શ્રી માધાપર મારૂ કંસારા સોની જ્ઞાતિ સંસ્થાના વિકાસની "પથયાત્રા"

- નવિન ઈંદરજી હેડાઉ

### વિક્રમસંવત ૧૯૯૦ થી ૨૦૭૧ સુધી

આજથી લગભગ ૭૨ વર્ષ અગાઉ જ્યારે માધાપર સોની જ્ઞાતિના માત્ર ૧૪ જ ઘર માધાપરમાં હતા અને ત્યારે લોહાણા જ્ઞાતિના ૧૬ ઘર હતા ત્યારે માધાપરની મુખ્ય વસ્તીમાં પટેલ અને મીસ્ત્રી મુખ્ય જ્ઞાતિ તથા અન્ય છુટીછવાઈ નાની માટે કોઈ સારા માઠા પ્રસંગો માટે કોઈ વ્યવસ્થા નહોતી. એ વખતે મૃતદેહને અગ્ની સંસ્કાર આપવા માટે લાકડાની વ્યવસ્થા દોડાદોડી કરવી પડતી હતી. તેવા સમયે માધાપરના લોહાણા આગેવાન સ્વ. દેવચંદ વાઘજીએ બીડું ઝડપ્યું અને સોની જ્ઞાતિના ઝવેરલાલ દેવશી ગુજરાતી અને દેવકરણ શીવજી મૈચા અને વેલજી ચૌહાણ આસણીયા વાસ અને આપણી જ્ઞાતિના ૧૪ પરિવારો સાથે સહયોગ કરી બંન્ને મહાજનોનું એક સંયુક્ત મકાન ઉભું કરવા અને આવી સૌની વ્યવસ્થા ગોઠવવાનું આયોજન કર્યું. આ માટે પોતાના મુખ્ય ફાળા સાથે સૌનો યથાશક્તિ સહયોગ મેળવ્યો. વિક્રમસંવત ૧૯૯૯માં માં બન્ને મહાજન સંસ્થા ઉભી કરી અને દરબાર પાસેથી માધાપરના બંને દખણાદા નાકા બહાર બે જોટા એટલે કે ૪૦૦ચો.વાર જમીન વેચાણ લઈ તેમાં ત્રણ રૂમ સાથેની વરંડો કોરી ૧૧૨૮૧ ના ખર્ચ બનાવ્યો. અને ત્યારથી બંન્ને મહાજનોની સતત સેવા આ સ્થળેથી ચાલતી રહી. જેનો લાભ નાતજાતના ભેદભાવ વગર તમામ હિન્દુ સમાજને મળતો રહ્યો.

આ રીતે આ સંસ્થા ઉભી થયા બાદ સંવંત ૨૦૦૬થી આ સંસ્થાની વહીવટી ૮૮૮૨ મંગલજી પ્રેમજી જોબનપુત્રા તથા ઝવેરીલાલ દેવશી ગુજરાતીએ અનેક ચડાવ ઉતાર છતાં મિલ્કત જાળવી રાખવાનું ઉમદા કાર્ય કર્યું.

ત્યારબાદ સને ૧૯૬૧ થી કચ્છના ટ્રસ્ટ નોંધણી કાયદો અમલમાં આવ્યો અને આ સંસ્થાની નોંધણી નાં એ - ૩૬ કચ્છ થી રજીસ્ટર કરવામાં આવી. ત્યારથી સને ૧૯૯૫ સુધી સતત કાર્ય કરી. અને તે દરમ્યાન માધાપરની પણ ઘણો વિકાસ થયો. સોની મહાજનના પણ ઘણા પરિવાર ધંધાર્થે માધાપર રહેવા આવ્યા અને માધાપર ને પોતાનું વતન બનાવી દીધું અને તે રીતે લોહાણા મહાજનના પણ ઘણા પરિવારો માધાપર સ્થાયી થઈ પોતાના ધંધો જમાવેલ અને આ રીતે બંન્ને જ્ઞાતિના પરિવારોની સંખ્યામાં ઘણી મોટો વધારો થતાં ઉપરોક્ત ટ્રસ્ટને અલગ બતાવવાની જરૂરિયાત ઉભી થઈ. અને બંન્ને મહાજનો વચ્ચે લંબાણ પૂર્વક ચર્ચા વિચારણા બાદ સને ૧૯૯૫ માં મારૂ કંસારા સોની જ્ઞાતિ ઉપરોક્ત ટ્રસ્ટમાંથી પોતાની હિસ્સો રૂપિયા બે લાખ લઈ એમનું અલગ ટ્રસ્ટ બનાવવામાં આવ્યું. અને તેની વિધિસર રચના કરવા ઝવેરીલાલ દેવશી ગુજરાતીના ઘરે આપણી જ્ઞાતિના આગેવાનો અમૃતલાલ વાલજી હેડાઉ, અમૃતલાલ જેઠાલાલ સોલંકી તથા અન્ય આગેવાનો ની હાજરીમાં સ્વ. દિનેશકુમાર વિસનજીની પ્રમુખ તરીકે વરણી કરવામાં આવી અને મંત્રી તરીકે દિલીપ કાનજી બગા તા અન્ય કારોબારી સમીતીની રચના કરવામાં આવી અને ઉપરોક્ત રકમ બે લાખ રૂપિયા તે વખતે સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયામાં સેવીંગ્સ ખાતામાં રાખેલ.

૧૯૯૫ થી ૨૦૦૧ સુધી કોઈ નોંધપાત્ર કાર્યવાહી ઉપરોક્ત હોદ્દેદારી ધ્વારા કરવામાં આવી નહીં.

ત્યારબાદ ૨૦૦૧માં આવેલ વિનાશક ભુકંપ વખતે મારૂ કંસારા સોની જ્ઞાતિના ઘણા પરિવારો છિન્ન ભિન્ન થઈ ગયેલ અને આર્થિક રીતે પાયમાલ થઈ ગયેલા અને ભુજ જ્ઞાતિની મોટા ભાગની મિલ્કતો તથા આપણા મુખ્યમંદિર, સુધ્ધાં જમીન દોસ્ત થઈ ગયેલ ત્યારે માધાપર જ્ઞાતિ મંડળના અનેક યુવા કાર્યકરોએ તન-મનથી સેવા આપેલ તેમજ ભુકંપના એક વર્ષ બાદ જ્ઞાતિજનોને ભુકંપની ભયાનક પીડામાંથી બહાર લાવી રોજિંદા ઘટાનક્રમમાં લોકો જોડાય તે હેતુથી વર્ષ ૨૦૦૨ના માર્ચ મહિનાની ત્રીજી તારીખે માધાપર જ્ઞાતિ મંડળના તે વખતના પ્રમુખ સ્વ.દિનેશકુમાર વિશનજી ના પ્રમુખપદે તથા શ્રી હસમુખભાઈ કેશવલાલ મૈચાના સમુહલગ્ન સમિતિના પ્રમુખપદે માધાપર જ્ઞાતિ મંડળના પ્રથમ સમુહલગ્નનું આયોજન અરજણભાઈ પટેલની વાડી મધ્યે કરવામાં આવેલ જેમાં ૭ યુગલોએ પ્રભુતામાં પગલાં માંડેલ અને વિશાળ જ્ઞાતિજનોની હાજરીમાં ખૂબ જ ધામધુમથી સંપન્ન કરેલ.

૨૦૦૨ થી ૨૦૦૫ સુધી સામાન્ય કાર્યવાહી સિવાય અન્ય કોઈ નોધનીય કામગીરી સંસ્થા ધ્યારા થયેલ નહી.

પરંતુ ૨૦૦૫ બાદ નવી ટીમના ઉત્સાહ અને જોશ સાથે શ્રી હસમુખભાઈ કેશવલાલ મૈચાના પ્રમુખપદે નવી કારોબારીની રચના કરવામાં આવી અને ત્યારે માધાપરમાં સમાજવાડી હોવી જોઈએ તેવો વિચાર વહેતો કરેલ અને બાપા દયાળું નગરમાં રાજેશ નાનાલાલ સોલંકીના બે જમીન બજાર ભાવથી ઓછા ભાવે માધાપર જ્ઞાતિ મંડળને આપેલ વચન અને તે જમીન અગાઉની બચતમાંથી ખરીદેલ ત્યારબાદ વગેરે ઉપર વાડીનું સમી સ્ટ્રક્ચર સેડ તથા રસોડું, ઓફીસ, ચોકીદાર રૂમતથા ફરતે બાઉન્ડ્રીવાળું પાર્ટીપ્લોટ ડેવલોપ કરવામાં આવેલ. આ બાંધકામ માટે જ્ઞાતિજનો

પાસેથી યથાશક્તિ લેખ રૂપે ફંડ મેળવી ઉભું કરવામાં આવેલ. જેમાં હસમુખભાઈ મૈચા પ્રલયથી તથા દિલીપ બિજલાણી, ભરતકુમાર, મુકેશ બારમેડા, દિનેશ લિલાવટ પોમળ, અમૃતલાલ વીરજી કટ્ટા તથા તખાજી કારોબારી સભ્યો તથા યુવા કાર્યોકરોની અથાગ મહેનતના પ્રમુતામાં સામેલ કરી પરિણામે ઉપરોક્ત બાંધકામર૦૦૭માં પૂર્ણ કરી હવન હોમકરી જ્ઞાતિજનો તથા અન્ય સમાજના ઉપયોગ માટે પ્રજા સમક્ષ, મુકેલ, ઉપરોક્ત વાડીના બાંધકામમાં આપણા જ્ઞાતિના મુખ્ય, વડીલો તથા સમાજના તમામ હોદ્દેદારો તરફથી પુસ્ર સહાનુભૂતિ તથા આર્થિક તેમજ અન્ય સાથ સહકાર મળેલ.

હસમુખભાઈ કે. મૈચાના રાજીતામાં બાદ શ્રી ભરકુમાર ચૌહાણ થોડા સમય જુના પ્રમુખશ્રીની કાર્યભાર સંભાળેલ અને તેમણે સ્વૈચ્છિક નિર્વૃત્તિ લેનાર શ્રી રામજીભાઈ હરીલાલા સોલંકીના પ્રમુખપદે નવા જોસ અને ઉત્સાહ સાથે ૨૫ સભ્યોની નવી કારોબારી સમિતીની રચના થયેલ જે હાલે કાર્યરત છે. હસમુખભાઈ મૈચા તથા તેની ટીમે જે પાયાના પથ્થર તરીકે આ સંકુલનું નિર્માણ કરેલ તેને હવે નવા પ્રમુખ રામજીભાઈ સોલંકી તથા તેમની ટીમે એક આધુનિક વાડી સંકુલનું નિર્માણ કરી આગળ વધારવાનું છે. જે માટે તેઓ ખૂબ જ પ્રયત્નશીલ છે. ઉપરોક્ત સંકુલ જે હાલે છે તેના નિર્માણ માટે અગાઉ લેખ લેવામાં આવેલ તેમાંથી મોટાભાગના દાતાશ્રીઓએ આ લખીને ડોનેશનમાં ફેરવવા સંમતિ આપી દીધેલ છે. અન્ય દાતાઓ પણ આ માટે ઉત્સુક છે.

હાલમા માધાપરની અંદરનો ૫૦ હજારને પાર કરેલ છે. જેમાં જુના વાસનો સમાવેશ થાય છે. તેમાં મારૂ કંસારા સોની જ્ઞાતિના લગભગ ૨૫૦ પરિવારો વસવાટ કરે છે અને હજી ઘણા કુટુંબો માધાપર આજુબાજુના વસવાટ કરવાની તજવીજમાં છે. આમ માધાપર માં કચ્છમાં આપણી જ્ઞાતિના નાના નાના ઘટકો કરતા ખૂબ જ વિશાળ સંખ્યામાં પરિવારી વસે છે.

માધાપર જ્ઞાતિ મંડળ, આપણી જ્ઞાતિના દરેક પરિવારને સારી વ્યવસ્થા મળે તથા સામાજલક્ષી કાર્યો થાય તે માટે હંમેશાં પ્રયત્નશીલ છે અને રહેશે.

મંત્રીશ્રી
કંસારા માધાપર જ્ઞાતિ મંડળ માધાપર
સંકલિત તથા પુરક માહિતી
દિનેશભાઈ લીલાધર પોમલ - માધાપર

**જ્ઞાતિ સમાચાર**

## કન્યાભોજ

**- શ્રીમતી કિરણબેન સોની**



આપણા હિંદુ ધર્મમાં નવરાત્રીના દિવસોમાં કન્યાઓનું પૂજન કરવાની પ્રથા છે આપણે કન્યાઓને દેવીનું સ્વરૂપ માનીએ છીએ એટલે નવરાત્રીના દિવસોમાં ઉપવાસ, ફળાહાર કરીએ અને અનુષ્ઠાન, સપ્તશતી પાઠ અને આરતી કે માળા કરવાનો સંકલ્પ લઈએ છીએ. સંકલ્પ પૂરો થાય એટલે ઘરમાં કન્યા પૂજન અને કન્યા ભોજ કરાવી શ્રૃંગાર સામગ્રી આપી આર્શિવાદ લઈએ છીએ. આવો જ સંકલ્પ સત્સંગ મંડળની આ બહેનોએ લીધો.



**સત્સંગ મંડળની બહેનો દ્વારા "કન્યાભોજ"નો કાર્યક્રમ**

શ્રી મારૂ કંસારા સોની સમાજ, રાયપુરમાં જ્ઞાતિની અગ્રણી મહિલાઓનું એક ગ્રૃપ સત્સંગ મંડળ ચલાવે છે. સત્સંગ મંડળ ની બહેનો અગિયારસ, પૂનમજેવા દિવસોમાં વારાફરતી પોતાના ગ્રૃપના ઘેરમાં ભજનોનો કાર્યક્રમરાખે છે. અહીં બહેનો ઢોલ, મંજીરા અને પખાવજ વગાડીને ખૂબ જ સરસ ભજનો ગાય છે. જ્ઞાતિની અન્ય મહિલાઓ પણ આ ગ્રૃપને પોતાને ઘેર ભજનો ગાવા બોલાવે છે. આ વખતે ચૈત્ર નવરાત્રીના નવે દિવસ આવી જ રીતે ભક્તિમય સંગીતમય ભજનોની રમઝટ બોલાવ્યા.

બાદ આ ગ્રૃપની બહેનો દ્વારા અગિયારસ ના દિવસે સમાજવાડીમાં કન્યાભોજ નો કાર્યક્રમરાખવામાં આવ્યો હતો. જેમાં જ્ઞાતિની સર્વે નાની-નાની કન્યાઓ અને બટુકોને, પોતાના હાથે રસોઈ બનાવીને બહેનોએ ભાવ-પ્રેમથી જમાડ્યા અને બાળકોને શ્રૃંગાર સામગ્રી અને ચોકલેટ્સ ભેટ આપી આર્શિવાદ લીધા.

બધી કન્યાઓને જમાડ્યા બાદ જ બહેનોએ અને એમના પરિવારે પ્રસાદ ગ્રહણ કર્યો.

# શ્રી સમસ્ત મારૂ કંસારા સોની સોલંકી યુવક મંડળ - દુધઈ

મહાસુદ આઠમ એટલે માઈ આઠમ, નવરાત્રીના આ દિવસે શ્રી માતાજીની અસીમ કૃપા પ્રાપ્ત કરવા માતાજીના નૈવેદ્ય-હવન-ઉપવાસ એકટાણા કરી માતાજી ને પ્રસન્ન કરીએ છીએ.



તારીખ :- ૨૭/૨/૧૫ મંગળવારના રોજ દુધઈ મુકામે શ્રી સમસ્ત મારૂ કંસારા સોની - સોલંકી યુવક મંડળ આયોજીત શ્રી વારાહી માતાજી (વેરાઈ) ના મંદિરે નૈવેદ્ય-હવન-જનરલ સભા-સરસ્વતી સન્માન સમૂહ ભોજનનું આયોજન થયું.

સવારે ૮-૩૦ કલાકે થી ધાર્મીક વિધી હવનનું કાર્ય જ્ઞાતિના ગોર શ્રી દેવનચંદ્રભાઈ એ શરૂ કરાવેલ. હવન પર આ વર્ષના યજમાન તરીકે સ્વ..શાંતિલાલ રામજીભાઈ - માધાપર વારાના પુત્રો સતીષભાઈ અને કેતનભાઈ એ ભાગ લીધો હતો. તેમજ ઉપસ્થીત દરેક ભાઈ-બહેનોએ હવનમાં આહુતી આપી માતાજીના આર્શીવાદ મેળવેલ.

ત્યાર બાદ ૧૨ કલાકેથી જનરલ સભાનું આયોજન કરેલ. મીટીંગની શરૂઆત કરવા મંત્રી નવિનભાઈએ ઉપસ્થિત દરેક ભાઈ - બહેનોનું શાબ્દીક સ્વાગત કરેલ ત્યાર બાદ ગત મીટીંગનું વાચન કરેલ ત્યાર બાદ ખજાનચી ગિરીશભાઈ એ વાર્ષીક હિસાબ રજુ કરેલ જે બહાલ કરવામાં આવેલ. ચાલુ વર્ષ. ધર્મેન્દ્રભાઈ ભાઈલાલ અ તલોદ વારા એ પરિવારના સભ્યોનું વોટસઅપ અને એસએમએસ ગ્રૂપ બનાવેલ જેમા નામએડ કરવા જણાવેલ અન્ય સુચન ન હોતા જનરલ મિટીંગ પૂર્ણ કરેલ.

ત્યાર બાદ ૧૨-૩૦ કલાકે થી સરસ્વતી સન્માનનું કાર્ય શરૂ કરવામાં આવેલ જેમાં સ્ટેજ પર (૧) કિર્તીભાઈ કેશવજી - ભુજ (૨) રામજીભાઈ હરીલાલ - માધાપર (૩) ચમનલાલ વેલજી - ભચાઉ (૪) યોગેશભાઈ સુરેશભાઈ - ધાનેરા (૫) ઈશ્વરલાલ હરીલાલ - આદિપુર (૬) ગોર શ્રી દેવનમારાજ (૭) સમીતી પ્રમુખ કિશોરભાઈ વગેરે બિરાજેલ - ત્યાર બાદ ધોરણ - ૧૦ થી ઉપર અલગ - અલગ ફેક્લ્ટીના કુલ - ૨૦ વિદ્યાર્થીઓનું સન્માન પત્ર અને પ્રતિક ઈનામઆપી સન્માન કરવામાં આવેલ હતું.

જેમા ચાલુ વર્ષ બી.ઈ.મીકેનિકલ એન્જીનીયરીંગ ની ડીગ્રી પ્રાપ્ત કરવા બદલ જીતેનભાઈ પંકજભાઈ - ભુજ વારાનું સમીતી દ્વારા સિલ્વર મેડલ થી વિશીષ્ટ સન્માન કરવામાં આવેલ. ત્યાર બાદ આજના ધાર્મિક વીધી - તેમજ સંપૂર્ણ ભોજન ખર્ચ ના દાતાશ્રી સ્વ. શાંતિલાલ રામજીભાઈ - માધાપર વારાના પુત્ર સતીષભાઈ નું સમિતિના પ્રમુખ કિશોરભાઈ એ સાલ ઓઢાળી સન્માન કરેલ હતું. અન્ય એક જાહેરાત થયેલ જેમા યોગેશભાઈ સુરેશભાઈ ધાનેરાવારા પરિવાર આવતા વર્ષ ના સરસ્વતી સન્માન ખર્ચના દાતા તરીકે નામનોંધાવેલ.

આજના આ પ્રસંગે ભુજ - અંજાર - માંડવી - નખત્રાણા - આદિપુર - ભચાઉ - વડાલી - જામનગર - ખેડબ્રહ્મા - ધાનેરા - તલોદ - કેશોદ - વડોદરા - મુંબઈ તથા અન્ય ગામોથી અંદાજીત ૫૫૦ થી ૬૦૦ જેવી મોટી સંખયામાં ભાઈ-બહેનો હે હાજરી આપેલ હતી. અંત માં ઉપસ્થીત દરેક સભ્યો તથા ભૂમિદાન - સન્માન ખર્ચ - ધાર્મીક ખર્ચ - પાટોત્સવ નીમીતે દાન આપનાર સહુનો આભાર માની કાર્યક્રમ પૂર્ણ જાહેર કરેલ.

મીટીંગ અને સન્માન નું કાર્ય - ૧-૩૦ વાગે પુરૂ થતા ત્યાર બાદ સમૂહ ભોજન પ્રસાદનું કાર્ય શરૂ કરેલ જે ૩ વાગે પૂર્ણ થયેલ.

આજના આ કાર્યક્રમને સફળ બનાવવા પ્રમુખ - કિશોરભાઈ - મંત્રી નવિનભાઈ, ખજાનચી, ગિરીશભાઈ ઉપરાંત ઉમેશભાઈ, હિતેષભાઈ, કિરીટભાઈ, પ્રશાંતભાઈ, યોગેશભાઈ, રાહુલભાઈ, જયેશભાઈ, પ્રભુભાઈ તથા અન્ય કાર્યકરો એ જહેમત ઉઠાવેલ અને સમાજના પ્રસંગને સફળ બનાવેલ હતો.

આજના કાર્યક્રમનો સંચાલન - ગિરીશભાઈ અમૃતલાલ તથા પ્રશાંતભાઈ ચંદુલાલ એ કરેલ હતું.

**:: લાફિંગ સ્ટેશન ::**

શિક્ષક (રાજુને) : રાજુ, દુકાળ અને પૂર વચ્ચે જમીન આસમાનનો ફરક કેમછે ?
રાજુ : સાહેબ, દુકાળમાં નેતાઓ જીપમાં ફરે છે અને પૂર હોનારતમાં હેલીકોપ્ટરમાં ફરે છે.

●

એક વ્યક્તિ : કેળાંની સાથે છાલ પણ ખાઈ જવી જોઈએ.
બીજી વ્યક્તિ :- કેમ? એનાંથી હાડકાં તંદુરસ્ત રહે છે ?
પહેલી વ્યક્તિ :- હા, પણ ખાનારના નહીં, રસ્તે ચાલનારના !!!

## શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ ટ્રસ્ટ - ભુજ

### મેડીકલ કાયમી ફંડ સમિતિ - અહેવાલ

**- મહેશભાઈ એમ. કંસારા**

શ્રી સરકારી આયુર્વેદ હોસ્પિટલ - ભુજના સહયોગથી શ્રી મારુ કંસારા સોની જ્ઞાતિ મેડીકલ કાયમી ફંડ સમિતી દ્વારા ભુજ મધ્યે આયુર્વેદીક નિદાન અને ચિકિત્સા સાથે સ્વાઈન ફ્લુ નાં ડોઝ (ઉકાળો) પણ પીવડાવવામાં આવેલ હતો. આ ઉકાળાનો લાભ જ્ઞાતિજનો એ ખુબ બહોળા પ્રમાણમાં લીધો હતો.



પ્રારંભમાં જ્ઞાતિ ટ્રસ્ટના પ્રમુખશ્રી દિલિપભાઈ બાગ્ગા સમિતિના ચેરમેનશ્રી હર્ષદભાઈ બુધ્ધભટ્ટી, યુવક મંડળના પ્રમુખશ્રી રાહુલભાઈ ચનાણી, મહિલા મંડળના પ્રમુખશ્રી લત્તાબેન સોલંકી, ડૉક્ટર શ્રી કમલેશભાઈ જોષી ઉર્વશીબેન દ્વારા દિપ પ્રાગટ્ય કર્યા બાદ જ્ઞાતિ પ્રમુખશ્રી એ કેમ્પને ખુલ્લો મુક્યો હતો અને ખુલ્લો મુક્તાં જણાવેલ કે, હવે એલોપેથી ની દવા સાથે આયુર્વેદીક દવાની જરૂરીયાત પણ વધતી જાય છે. ત્યારે મેડીકલ કાયમી ફંડ સમિતિ દ્વારા મેડીકલ કેમ્પનું આયોજન થયું તે યોગ્ય છે. તેમણે આયોજકોને અભિનંદન આપ્યા હતા ભવિષ્યમાં પણ આવા મેડીકલ કેમ્પ યોજવા માટે સુચન કરેલ હતું.

પ્રારંભમાં મેડીકલ કાયમી ફંડ સમિતીનાં મંત્રીશ્રી મહેશભાઈ એમ. કંસારા એ જ્ઞાતિ આગેવાનો ને આવકારી ને આ સમિતિ દ્વારા જુદા-જુદા નિષ્ણાંત ડૉક્ટરશ્રી નો સંપર્ક કરી વિવિધ રોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવશે. ગુજરાત સરકારશ્રી દ્વારા પણ આવા કેમ્પો માટે સંપૂર્ણ સહયોગ મળે છે. તેનો પણ આપણે લાભ લેવો જોઈએ. સમિતિનાં ચેરમેનશ્રી હર્ષદભાઈ બુધ્ધભટ્ટી કેમ્પનાં દાતા શ્રી સ્વ. જયંતિલાલ કાનજી બુધ્ધભટ્ટી પરિવાર નાં શ્રી અશોકભાઈ બુધ્ધભટ્ટી મહિલા મંડળ તથા યુવક મંડળ દ્વારા સેવા માટે આવેલ ડૉક્ટરશ્રી તથા તેમના સ્ટાફ નું શાલ ઓઢાડી ને સન્માન વગેરે એ સારી સેવા આપેલ હતી.

આ કેમ્પમાં ડૉક્ટર શ્રી કમલેશભાઈ વી. જોષી તેમજ ડૉ. ઉર્વશીબેન પી. મોદી, અમુલ કે. મિસ્ત્રી ક્રિષ્નાબેન ગોર રમેશભાઈ વાઠેર વગેરે એ સારી સેવા આપેલ હતી.

આ કેમ્પમાં ૯૮ દર્દી એ દવા લીધેલ હતી. સ્વાઈન ફ્લુ નાં ઉકાળા નો ૨૬૫ લોકોએ લાભ લીધેલ હતો.

આ કેમ્પને સફળ બનાવવા માટે યુવક મંડળ ના મંત્રીશ્રી જીગર બુધ્ધભટ્ટી, ભાવેશભાઈ બાગ્ગા, અશોકભાઈ બુધ્ધભટ્ટી, સંજીવ બુધ્ધભટ્ટી તથા યુવક મંડળનાં તમામ સભ્યોએ જહેમત ઉઠાવેલ હતી.

આ સમગ્ર કાર્યક્રમનું આયોજન શ્રી મારુ કંસારા સોની જ્ઞાતિ મેડીકલ કાયમી ફંડ સમિતી ના મંત્રીશ્રી મહેશભાઈ એમ. કંસારા એ કરેલ અને આભારવિધિ અનિલભાઈ છાત્રાળાએ કરેલ હતી.

### કાવ્ય

કલિયો સે હસના ફૂલો સે મહેકના
બહારો સે ખીલના શીખો....
સર્વાત્માને નમઃ કહેકર કુછ ના કુછ તો
સભી સે શીખો
પૈડો સે પલના ફૂલો સે ઝુકના
નદિયો સે ચલના બહેના ઝુમના
ઝરનો સે કુદના ઊછલના બહના
તલાબોં સે મિલના શીખો
સર્વાત્માને નમ....
સુર જ સે ઢલના ફિરસે નિકલના
ચંદા સે શીતલ બનના બનાના
અંબર સે ટિકના બાદલ સે બરસના
તારોં સે ચમકના શીખો
સર્વાત્માને નમઃ....
પહાડોં સે ટૂટકર ખડે હોકે રહેના
હવાઓ સે જીના જીવન સબકો દેના
મોહિની ધરતી સે સેહના ઔર દેના
સાગર સે સમાના શીખો
સર્વાત્માને નમઃ::::

**દક્ષાબેન વસંતભાઈ બુધ્ધભટ્ટી(અંજાર)**

# શ્રી પ્રાગજીભાઈ બુધ્ધભટ્ટી

- હંસરાજ કંસારા



કચ્છના સર્વાંગી ઈતિહાસ સંપાદન સંદર્ભે, કચ્છ વિષે થોડું સાહિત્ય વાંચવાનું થયું. એમાં એક પુસ્તક હતું.'કચ્છની બૃહદ ભૂગોળ' એના લેખક ગોકુળદાસ લાંભડાઈએ એમની પ્રસ્તાવનાના છેલ્લા પેરામાં નીચે મૂજબ લખ્યું છે.

"....કચ્છ ભૂમિના બીજા સપૂત કચ્છ બંદરોના ભૂતપૂર્વ એન્જિનિયર શ્રી પ્રાગજી બુધ્ધભટ્ટીએ એમની સચોટ દલીલોથી કચ્છના રણની અને વર્ષા ઝાડી વગેરેની હકીકત સન ૧૯૪૮ના નવેમ્બર માસની તા.૨૩ના અમદાવાદની રોટરી ક્લબ સમક્ષ એક ભાષણ રૂપે જણાવી હતી. જે તા. ૧૧-૧૨ ડિસેમ્બર, ૧૯૪૮ ના જન્મભૂમિ પત્રમાં છપાઈ હતી. એ જ મહાશયે, ફરી અમદાવાદમાં સને ૧૯૪૯ ના જૂલાઈ માસમાં જાહેર સભા સમક્ષ ભાષણ કર્યું હતું. જે પણ જન્મભૂમિ તા. ૭-૭-૧૯૪૯ના અંકમાં છપાયું હતું....."

બુધ્ધભટ્ટીનું નામ વાંચી સ્વાભાવીક જ મને એમના વિષે જીજ્ઞાસા થઈ. એમનું પગેરું મને કરમસદ (જીલ્લા આણંદ)માં મળ્યું. એમના સુપુત્ર કિરીટભાઈએ એમના પ્રવચનો, અખબારી રિપોર્ટો તેમજ સંબંધીત એજન્સીઓ સાથેના પત્ર વ્યવહારની નકલો મોકલી. એનો અભ્યાસ કરતાં મને લાગ્યું કે પ્રાગજીભાઈના એન્જિનીયરીંગ કૌશલ તેમજ કચ્છ સૌરાષ્ટ્ર ના બંદરો અને રણના જાત અભ્યાસનું જે ભાથું એમની પાસે હતું, તેને લીધે કંડલાના મહાબંદર તરીકે ના વિકાસ અને કચ્છના રણ નવસાધ્ય પ્રયાસ અંગે પ્રજાકીય અને પ્રશાશકીય વિચાર-વિમર્શ પ્રક્રિયામાં એમનુ પણ કિંચિત યોગદાન હતું.

શ્રી પ્રાગજીભાઈનો જન્મ ભૂજ મધ્યે ૭ માર્ચ ૧૯૦૯ને રોજ થયો. ભુજની ઓલ્ફ્રેડ હાઈસ્કૂલમાંથી મેટ્રીક થયા. ૧૯૩૭માં કરાંચીની એન.ઈ.ડી. એન્જિનીયરીંગ કોલેજમાંથી સિવિલ એન્જીનિયરીંગ સ્નાતક થયા. ૧૯૩૮માં મુંબઈ મધ્યે કચ્છના મહારાવશ્રીના 'દરિયા મહેલ' નું નિર્માણ કાર્ય સંભાળ્યું. ૧૯૪૫-૪૬માં કંડલા પોર્ટના અને ૧૯૪૭-૪૮માં નવલખી પોર્ટના હાર્બર એન્જીનીયર તરીકે નો કાર્યભાર સંભાળ્યો. ૧૯૪૯માં કાઠીયાવાડ સ્ટેટ સર્વિસમાં જોડાયા. સિવિલ, હાર્બર અને એગ્રીકલ્ચર એન્જિનીયર તરીકે ઉચ્ચ પદો પર સેવાઓ આપી. ૧૯૬૪માં નિવૃત્ત થયા. ત્યારબાદ મુંબઈમાં સ્થાવર સંપત્તિ અને પ્લાન્ટસ આદિના રજીસ્ટર્ડ વેલ્યુઅર તરીકે કાર્યરત રહ્યા. ૪ માર્ચ, ૧૯૮૨ને રોજ મુંબઈ મધ્યે એમનું અવસાન થયું.

સન ૧૯૪૭ માં ભારત આઝાદ થયું. દેશના ભાગલા થયા. કરાંચી બંદર પાકિસ્તનનું થયું. એની અવેજ માં મેજર પોર્ટના વિકાસ હેતુ સરદાર પટેલે ફેબ્રુઆરી ૧૯૪૮ માં, અમદાવાદના શ્રેષ્ઠિવર્ય કસ્તુરભાઈ લાલભાઈના અધ્યક્ષ પદે "વેસ્ટ કોસ્ટ મેજર પોર્ટ ડેવલોપમેન્ટ કમિટી"નું ગઠન કર્યું.

**મહાબંદર કંડલાના મક્કમ કદમ**

- ૧૯૨૭ :- કચ્છના મહારાવશ્રી ખેંગારજી બાવા નું આકલ્પન (તત્કાલીન વાઈસરોય લોર્ડ ઈરવીન ધ્વારા ઉદ્‌ઘાટન
- ૧૯૪૮ :- સરદાર પટેલનું સ્વપ્ન સાકાર કરવા માટે શ્રેષ્ઠશ્રી કસ્તુરભાઈ લાલભાઈના અધ્યક્ષપદે વેસ્ટ કોસ્ટ મેજર પોર્ટ ડેવલપમેન્ટ કમિટિનુ ગઠન.
- ૧૯૫૫ :- ૮ એપ્રિલને રોજ તત્તસમયના ટ્રાન્સપોર્ટ પ્રધાન લાલબહાદુર શાસ્ત્રી દ્વારા કંડલાનું વિધિવત **મહાબંદર** નામાંકન

**મુખ્ય તંત્રી**

કચ્છ તેમજ સૌરાષ્ટ્રના બંદરો માટે એન્જિનીયર તરીકે સન ૧૯૪૫થી કાર્યરત પ્રાગજીભાઈને આ બંદરોની પ્રાકૃત્તિક/ભૌગોલિક સ્થિતિ, એની ક્ષમતા તેમજ સમસ્યાઓ આદિનો ગહન અભ્યાસ હતો. એની પ્રતિતિ, એમના ૮,૨૧ અને ૩૦ માર્ચ તેમજ ૪ એપ્રિલ ૧૯૪૮ ના "ડબલ્યુ, સી, એમ,પી, ડી, સી ના અધ્યક્ષ કસ્તુરભાઈને લખેલા પત્રો પરથી થાય છે.

આ પત્રોમાં એમણે કંડલા, માંડવી, મુન્દ્રા, નવલખી બેડી, ઓખા પોરબંદર, વેરાવળ, ભાવનગર, અને સિક્કા બંદરોની પ્રવર્તમાન સ્થિતિના અવલોકન સાથે મહાબંદરની આવશ્યકતાઓ, જેવી કે ઝડપી કાર્ગો હેન્ડલીંગ, સંભવીત હિન્ટરલેન્ડ, ટ્રાન્સપોર્ટ નેટવર્ક, વેરહાઉસિંગ, ટર્મિનલ ફેસીલીટી અને બાર્જીસ આદિની બંદરીય વિકાસ સંબંધી મહત્ત્વની બાબતોનું વિશ્લેષણ આપ્યું હતું. સાથે સાથે હાર્બર એન્જિનીયરીંગ અને ઓનરશીપ અંગે યુ.કે., હોલેન્ડ, ટાંગાનીકા આદિ વિદેશોના બંદરો ની માહિતી પણ આપી હતી. કંડલા બંદર કાંઠે સાગર સપાટી ઉંડી હોતાં, એના વિકાસની શક્યતા દર્શાવી હતી. ત્યાં મીઠા પાણીની પૂરતી વ્યવસ્થા તેમજ કંડલા ક્રિકની એન્ટરન્સ અને સિલ્ટીંગ સમસ્યાઓ પ્રત્યે ધ્યાન દોર્યુ હતું. કંડલા બંદરને રાજસ્થાન, દિલ્હી અને ગુજરાત સાથે રેલ-રોડથી જોડવાના સૂચન સાથે એમણે લખ્યું હતું કે

કંડલા બંદર "…..ઈઝ બેસ્ટ એટ ઓલ ટાઈમ્સ એન્ડ ક્લાઈમસ…." નવીનાળ (કચ્છ)નો બાર્જ પોર્ટ તરીકેના વિકાસની સંભાવના પણ વ્યક્ત કરી હતી.

સેવા નિવૃત્તિ બાદ પણ પ્રાગજીભાઈ કંડલા બંદરના વિકાસ વિષે જાગ્રત રહ્યા હતા. ૨૨ નવેમ્બર ૧૯૭૮ ને રોજ એમણે ભારત સરકાર ના શિપિંગ તેમજ કોમર્સ મિનિસ્ટર ને અને સાંસદશ્રીને પત્રો લખ્યા હતા. આ પત્રોમાં એમણે માલવાહક જહાજોની યાતાયાતમાં અડચણ કર્તા કંડલાની મેઈન ક્રીકમાંના કાલાધાર બાર અને તુણાના બાર હટાવવાનું આવશ્યક હોવાનું જણાવ્યું હતું. પ્રાગજીભાઈનો **આ પત્ર વ્યવહાર એમની તજજ્ઞીય નિષ્ઠા અને વતન-પરસ્તીનો પરિચાયક છે.**

કચ્છનાં રણમાં એન્જિનીયરીંગ કૌશલથી જળ-ભંડારણ અને સાગર કાંઠે વૃક્ષારોપણ થકી કચ્છમાં વર્ષાવૃધ્ધિ અને ક્ષાર નિયંત્રણ ની સંભાવના સાથે નવ લાખ એકર જેટલી જમીન નવસાધ્ય થવાની શક્યતાઓ વિષે પ્રાગજીભાઈએ સર્વ પ્રથમ મે ૧૯૪૮ માં ભુજ રોટરી ક્લબ આયોજીત પ્રવચનમાં જણાવ્યુ હતું, ત્યારબાદ અમદાવાદમાં પણ એમના પ્રવચનો યોજાયા હતા, જેની ટાઈમ્સ ઓફ ઈન્ડિયા સહિત અન્ય અખબારો એ નોંધ લીધી હતી.

આ સંદર્ભે ૬ મે, ૧૯૫૮ ના 'પ્રભાત' દૈનિકમાં પ્રકાશીત પ્રાગજીભાઈના ઈન્ટરવ્યુ રિપોર્ટ અનુસાર દસ વર્ષ અગાઉ (૧૯૪૮)માં પ્રભાતે પ્રાગજીભાઈની યોજના અંગે ખાસ લેખ પ્રકાશિત કર્યો હતો. તેના અનુસંધાને દાદા સાહેબ માવલંકર ના પ્રમુખપદે પ્રેમાભાઈ હોલમાં જાહેર સભા સમક્ષ, એમની યોજના પ્રસ્તૃત થઈ હતી. માવલંકર દાદાએ આ યોજના અંગે મધ્યસ્થ સરકારનું ધ્યાન ખેંચવા પ્રયાસ કર્યા હતા. તે સમયે સૌરાષ્ટ્ર સ્ટેટના પંત પ્રધાન ઢેબરભાઈએ પણ એ અંગે સૂચનાઓ આપી હતી.

કચ્છના રણનું ઉત્તર ગુજરાત તરફનું અતિક્રમણ રોકવા અને આ પ્રદેશોમાં વધુ વર્ષા થાય તે માટે ના ઉપાયો સૂચવવા, ગુજરાત યુનિવર્સીટી દ્વારા ડો. કે. આર. રામનાથનના અધ્યક્ષપદે નવેમ્બર ૧૯૫૨માં કમિટિનું ગઠન થયું હતું. પ્રાગજીભાઈ આ કમિટિના સભ્ય હતા.

૧૯૫૫ માં સેન્ટ્રલ વોટર એન્ડ પાવર કમીશન ના અધ્યક્ષ અને વોટરવેઝ ઈરીગેશન અને નેવીગેશન ડાયરેક્ટરે પણ પ્રાગજીભાઈની પ્રસ્તાવીત રણમાં 'જળ ભંડારણ' અને સાગર કાંઠે 'વૃક્ષારોપણ'ની યોજનામાં રસ લીધો હતો. જો કે પ્રશાશનીક સ્તરે એનું કંઈ નક્કર પરિણામ આવ્યું હોય તેવું જણાતું નથી. અલબત પ્રાગજીભાઈના આ પ્રયાસોમાં એમના કચ્છના રણના ગહન અભ્યાસ સાથે એમના એન્જિનિયરીંગ કૌશલ અને **વતન પ્રત્યેની અભ્યાસુ નિસબત સ્પષ્ટ વર્તાય છે, જે આપણા સમાજ માટે ગૌરવ પ્રદ છે.**

## લગ્ન વિષયક

ઉમેદવારનું નામ :- **ડો.ભાવિકા સોની (બારમેડા)**

રહેઠાણનું સરનામું :- બી/૧૦૪, સદગુરૂ સાનિધ્ય બરોડા એક્સપ્રેસ હાઈવે પાસે સી.ટી.એમ. ન્યુ મણીનગર-અમદાવાદ

જન્મ તારીખ :- ૩૦-૧૧-૧૯૮૯

જન્મ સ્થળ :- અજમેર( રાજસ્થાન )

જન્મ સમય :- ૨૦.૪૦

જાતે :- યુવતી

ઉંચાઈ :- ૫.૩"

વજન :- ૫૩ કિગ્રા

અભ્યાસ :- બી.એચ.એમ.એસ.

વ્યવસાય :- મેડીકલ ઓફીસર

મોબાઈલ :- ૯૮૭૯૦૬૯૪૧૮

પિતા :- પ્રદીપભાઈ માવજી બારમેડા

વ્યવસાય :- સરકારી નોકરી ( મુળ-ભુજ, કચ્છ )

માતા :- રમીલાબેન પ્રદીપભાઈ

ભાઈ :- સીવીલ ઈજીનીયર ( પરિણિત )

બહેન :- કોમ્પ્યુનીકેશન એંજીનીયર ( પરિણિત )

મોસાળ :- સોની રવજી વિશ્રામ કટ્ટા ( ટોડીયા - કચ્છ )



નામ :- **નિતીન કિશોરભાઈ સોલંકી**

સરનામું :- 'રેણુકા' ૪૩-બી, માધવનગર, બાબાવાડી, માંડવી-કચ્છ

મો. ૯૪૨૯૦૪૦૪૫૮, ૯૪૨૬૬૩૦૭૧૫

અટક :- સોલંકી ( કંસારા સોની )

| | | |
|---|---|---|
| જન્મતારીખ | :- | ૧૫-૧-૧૯૭૭ |
| સ્થળ | :- | ભુજ-કચ્છ |
| સમય | :- | ૫-૩૦ કલાકે |
| ઊંચાઈ | :- | ૪ ફુટ |
| વજન | :- | ૫૫ કિ.ગ્રા. |
| અભ્યાસ | :- | બી.કોમ. |
| વ્યવસાય | :- | નોકરી |
| સરનામું | :- | મૈત્રી એન્ટરપ્રાઈઝ વીમા એજન્ટ અને નાણાકીય સલાહકાર બંદર રોડ, માંડવી-કચ્છ. |
| કૌટુંબિક વિગત | :- | માતા, પિતા અને એક બહેન ( બહેન પરણેલા છે ) |
| મોસાળ | :- | સોની શીવજી માધવજીની કું કંસારા બજાર, ભુજ કચ્છ |
| મોબાઈલ નં. | :- | ૯૪૨૯૦૪૦૪૫૮, ૯૪૨૬૬૩૦૭૧૫ |

# વેલ્યુએશન એક અનોખો વ્યવસાય

- કિરીટ પી. બુધ્ધભટ્ટી



રિયલ એસ્ટેટ આદી વેલ્યુએશન વ્યવસાય અંગેની પ્રસ્તૃત માહિતિના પ્રેષક, શ્રી કિરીટભાઈ બુધ્ધભટ્ટી, ઈલેક્ટ્રીકલ એન્જિનિયર છે, ભારત સરકારની સર્વેયર ઈન્સ્ટીટ્યુટ ધ્વારા લેવાતી રિયલ એસ્ટેટ વેલ્યુએશન પરિક્ષામાં ઉતિર્ણ થયા છે. તેઓશ્રી ઈન્સિટ્યુટ ઓફ સર્વેયર (ભારત) ના પૂર્વ પ્રમુખ અને ઈન્ટરનેશનલ પ્લાન્ટ અને મશીનરી વેલ્યુએશન કોન્ફરન્સ સમિતિ (૧૯૯૮-૨૦૦૭) ના સ્થાપક ચેરમેન અને સેન્ટર ફોર વેલ્યુએશન સ્ટડીઝ, રીસર્ચ અને ટ્રેઈનીંગ એસોસીએશના સ્થાપક સભ્ય અને ચેરમેન છે. ઈન્સ્ટીટ્યુટ ઓફ સર્વેયર (ભારત) અને ઈન્સ્ટીટ્યુટ ઓફ વેલ્યુઅર્સના ફેલો તેમજ ઈન્સ્ટીટ્યુટ ઓફ એન્જિનિયર્સના સભ્ય છે.

શ્રી કિરીટભાઈ રિયલ એસ્ટેટ, પ્લાન્ટ અને મશીનરી ના સરકાર માન્ય વેલ્યુઅર તરીકે ૪૦ વર્ષનો અનુભવ ધરાવેછે. હિન્દુસ્તાન યુનિલિવર, મુરુગપ્પા આર.પી.જી. ટાટા, બિરલા, વિ. ક્લાયન્ટસ ના વિવિધ હેતુઓ માટે અલગ અલગ ટાઈપના ઉધોગોનું વેલ્યુએશન કરેલ છે. પ્લાન્ટ અને મશીનરી તથા રિયલ એસ્ટેટ વેલ્યુએશન પર તેઓશ્રીના પુસ્તકો પ્રકાશીત થયા છે. તેમજ તેઓશ્રીએ રિયલ એસ્ટેટ અને પ્લાન્ટ મશીનરી વેલ્યુએશન માટે અભ્યાસ સામગ્રી તૈયાર કરવામાં યુનિવર્સીટીઓને મદદ કરી છે. ૧૯૯૪-૯૫ માં પી.એસ.ઈ. વેલ્યુએશન પર મૂળભૂત દસ્તાવેજ તૈયાર કરવામાં પણ એમનું યોગદાન રહ્યું છે. તેઓશ્રી એ એશિયા, આફ્રિકા, ઓસ્ટ્રેલિયા, અમેરિકા અને યુરોપમાં વેલ્યુએશનના વિષય પર પ્રવચનો આપ્યો છે. ભારતમાં રિયલ એસ્ટેટ અને પ્લાન્ટ અને મશીનરીના વેલ્લ્યુએશનના અભ્યાસક્રમ દાખલ કરવામાં તેઓશ્રી અગ્રેસર હતા. તેઓશ્રીએ ૧૯૯૮માં વી.એમ.ઈ.ની પ્રથમ કોન્ફરન્સ નું આણંદ ખાતે પાયોનીયરીંગ આયોજન કર્યું હતું. ત્યાર બાદ ૨૦૦૦,૦૨,૦૫,૦૭, ૦૯, ૧૧, ૧૩ સિડની, હોંગકોંગ, લંડન, સનફ્રાન્સીસકો, બેઈજીંગ અને સૈંટપીટર્સ બર્ગમાં પ્લાન્ટ અને મશીનરી વેલ્યુએન કોન્ફરન્સના આયોજન થયા. ૨૦૧૫માં ઓક્ટોબરમાં ટોક્યોમાં આયોજન કરવામાં આવેલ છે. કોન્ફરન્સ ના આયોજન થયાં હતાં.

મુખ્ય તંત્રી

- વેલ્યુએશન માં કારકીર્દી માટે ઉત્તમ તક

આજ-કાલ ના દિવસો માં બેન્ક મૂલ્યાંકન માટે ક્વોલિફાઈડ વેલ્યુઅર્સની ખૂબ જ સારી માંગ છે.

ઈન્ડિયન બેન્ક્સ એસોસિયેશન (આઈબીએ) અને નેશનલ હાઉસિંગ બેન્કે વર્ષ ૨૦૧૧ માં રિયલ એસ્ટેટ વેલ્યુએશન પર હેન્ડ બુક પ્રકાશિત કરી છે. આ પુસ્તક મુજબ જેણે નીચેની પરીક્ષા પાસ કરી છે તેઓ રિયલ એસ્ટેટ વેલ્યુઅર તરીકે એમપેનલમેન્ટ માટે બે વર્ષના અનુભવ પછી હકદાર છે. જે ઈજનેરો અને આર્કિટેક્ટસ માટે ૫ વર્ષનો અનુભવ નિર્ધારીત કરેલ છે.

**(૧) વેલ્યુએશનમાં ઈસ્ટીટ્યુટ ઓફ સર્વયર દ્વારા લેવામાં આવતી પરીક્ષા.**

આ પરીક્ષાને ભારત સરકાર દ્વારા બહેતર સેવાઓ અને નોકરીઓ માં ભરતી માટે માન્યતા આપવામાં આવેલ છે. આ પરિક્ષા માટે યોગ્યતાના માપદંડ ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહ, સીવીલ એન્જિનિયરીંગ ડિપ્લોમા, બી.કોમ વગેરે છે.

વધુ માહિતી માટે સંપર્ક સુત્ર :

ફોન નં. ના. ૦૧૧-૨૬૮૬-૩૦૬૯, ૦૧૧-૨૬૫૧-૨૪૬૯,

ફેક્સ નંબર :- ૦૧૧-૨૬૫૧-૨૪૬૯

વેબ સાઈટ :- www.iosindia.org

ત્રણ તબક્કાની પરીક્ષાઓ હોય છે - પ્રથમ, મધ્યવર્તી અને અંતિમપરિક્ષા હોય છે. તે ડિગ્રીને સમકક્ષ જ છે.

આ કોર્સ માટે વિદ્યાર્થીઓએ વર્ગોમાં હાજરી આપવી જરૂરી નથી. અભ્યાસક્રમ મુજબ તૈયારી કરીને પરીક્ષા આપી શકાય છે.

**(૨) પોસ્ટ ગ્રેજ્યુએટ ડિગ્રી કોર્સ (માસ્ટર ઓફ વેલ્યુએશન-રીયલ એસ્ટેટ) -**

સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિધાનગર, ગુજરાત દ્વારા સંપૂર્ણ સમય ની રેસીડેન્સીયલ અને શિવાજી યુનિવર્સિટી, કોલ્હાપુર, મહારાષ્ટ્ર દ્વારા ડીસ્ટન્સ એજ્યુકેશન હેઠળ રિયલ એસ્ટેટ વેલ્યુએશન પોસ્ટ ગ્રેજ્યુએટ ડિગ્રી કોર્સ ચલાવવામાં આવે છે.

પ્રવેશ માપદંડ : કોઈપણ ડિગ્રી, જેવા કે બી.એસ.સી., બી.કોમ., બી.ઈ., વગેરે....

સંપર્ક સુત્ર :- શ્રી રૂપેશ ટી શાહ - સરદાર પટેલ યુનિવર્સિટી (૦૨૬૯૨ ૨૩૪૯૫૫) rupeshtshah@gmail.com અને rupeshtshah@yahoo.co.in

- શિવાજી યુનિવર્સિટી - કોલ્હાપુર

ડિસ્ટન્સ એજ્યુકેશન સેન્ટર માટે સંપર્ક નંબરો, શિવાજી યુનિવર્સિટી ૦૨૩૧-૨૬૯૩૭૭૧, ૨૬૯૩૮૭૧, ૨૬૯૪૧૧૭, ૨૬૯૪૭૭૧ છે.

ઉપરોક્ત વિષયમાં પોસ્ટ ગ્રેજ્યુએટ ડિગ્રી ધારકો બે વર્ષના અનુભવ સાથે સ્થાવર મિલકતના વેલ્યુઅર્સ તરીકે નોંધણી માટે વેલ્થ ટેક્સ એક્ટ, ૧૯૫૭ હેઠળ લાયક છે (જ્યારે સીવીલ ઈજનેરો અને આર્કિટેક્ટસ માટે ૧૦ વર્ષનો અનુભવ જરૂરી છે.)

**● માસ્ટર ઓફ વેલ્યુએશન (પ્લાન્ટ એન્ડ મશીનરી)**

સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિધાનગર, પ્લાન્ટ એન્ડ મશીનરી વેલ્યુએશનમાં સમગ્ર વિશ્વમાં પોસ્ટ

ગ્રેજ્યુએટ ડિગ્રી કોર્સ ચલાવતી એક માત્ર યુનિવર્સિટી છે. પ્લાન્ટ અને મશીનરી વેલ્યુએશનમાં પોસ્ટ ગ્રેજ્યુએટ ડિગ્રી ના ધારકો વેલ્થ ટેક્સ એક્ટ ૧૯૫૭ હેઠળ બે વર્ષનો અનુભવ ધરાવતા હોય તો પ્લાન્ટ અને મશીનરી વેલ્યુઅર્સ તરીકે નોંધણી માટે લાયક છે. આ પ્લાન્ટ એન્ડ મશીનરી કોર્સ માટે પ્રવેશ માપદંડ કોઈપણ ડિગ્રી જેવી કે બી.એસ.સી., બી.કોમ, બી.ઈ. વગેરે પણ છે.

વેલ્યુએશન બેંક ફાઈનાન્સ ઉપરાંત નીચેના રાજકોષીય અને બિન નાણાકીય હેતુઓ (ફિસ્કલ એન્ડ નોન ફિસ્કલ પર્પસીસ) માટે જરૂરી છે.

**(અ) નાણાંકીય હેતુઓ નીચે મુજબ છે.**

કર વસુલાત :

- લોકલ ગર્વમેન્ટ દ્વારા જમીન અને મકાન પર મ્યુનિસિપલ ધ્વારા લેવાતો કર.....
- મિલકત ટ્રાન્સફર માટે દસ્તાવેજો પર સ્ટેમ્પ ડ્યુટી માટે રાજ્ય સરકારો દ્વારા એકત્રિત કરાય છે.
- ઈન્કમટેક્ષ - મિલકત ટ્રાન્સફર પર થતા કેપિટલ ગેઈન્સ પર ટેક્સ તથા વેલ્થ ટેક્સ માટે જે ભારત સરકાર દ્વારા એકત્રિત કરાય છે.

**(બ) બિન નાણાકીય હેતુઓ નીચે મુજબ છે.**

- સ્થાવર અને જંગમ મિલકત ના વીમા માટે;
- જાહેર હેતુઓ માટે

મિલકતના ફરજીયાત સંપાદન વખતે વળતરના એવોર્ડ માટે ;

- નગર આયોજન કાયદા હેઠળ સુધારણા કર માટે ;
- સરકારી માલિકીની ટેન્જીબલ અને ઈનટેન્જીબલ અસ્કયામતોના વેલ્યુએશન માટે

ભારત સરકાર અને રાજ્ય સરકારો તેમજ જાહેર ક્ષેત્ર ઉપક્રમો અને પોર્ટ ટ્રસ્ટ જેવી વૈધાનિક સંસ્થાઓ ના ખાનગીકરણ માટે તેમજ રોકાણ પર વળતર જાણવાની ઈચ્છા માટે ;

- કમિશનર, હાઈકોર્ટ અને ઓફિશિયલ લીક્વીડેટર દ્વારા અસ્કયામતોના ફડચાના કિસ્સામાં નાણાકીય વિવાદો પતાવટ માટે તથા પુનઃપ્રાપ્તિ માટે ;
- સરકારી/અર્ધ સરકારી સંસ્થામાં મિલકતના ભાડાપટ્ટા માટે ભાડું ગણતરી કરવા માટે તથા અનુગામી નવીનકર સમયે ભાડું ગણતરી માટે

## परिवार (अच्छी सोच)

“राह में सोच करचले थे हम,
‘परिवार’ की मंजिल है कहां मंजिल है कहां,
‘परिवार’ के हर सदस्य को समेट लो
यह एक “बंद मूठी” कि तरह है,
उसे बिखरने ना दो, बिखरने ‘न’ दो
इस ‘परिवार’ को बिछडनें न दो बिछडने न दो
इस बिछडे ‘परिवार’ को समेंट लो समेट लों
राहें सोच करचले थे,
परिवार की मंजिल यहि है, मंजिल यहि है ।

परिवार का तात्पर्य क्या है, क्या आप कभि जानने कि कोशिश कि है नहि । तो चलों में अपने विचार आपके सामने रखना चाहती हूं । परिवार का मतलब (तात्पर्य) क्यम होता है, वह यह होता है कि परिवार में मिलझूलकर रहेने से आपसि प्रेम, त्याग, बलिदान सुःखद - दुःखो में साथ रहेना । यहि परिवार को एकता बनाएं रखता है, यहि परिवार को घनिष्ठा बनाएं रखता है ।

परिवार के बारे में सोचे तो आज भी इस संसारमें हर देश में, हर गांव में, अपने आस-पास के वातावरण में परिवार के हर सदस्य को मिलझूलकर रहेते देखते है । जो परिवार में एकता बनाए रखता है । उस परिवार का जीवन खुशियों से हरा-भरा होता है । जहां एकता न हो, आपस से प्रेम न हों यह परिवार अधूरा सा लगता है, परिवार के जितने सदस्य है । वह एक “बेद मूंठी” की तरह है, बंद मूंठी याने परिवार कें लोगो में आपसी प्रेम हो एकता है । जिस परिवार में प्रेम न हो वह एक साथ ने के बराबर हैं ।

कुछ परिवार हमारे आस-पास देखे तो आज भी कुज़ ऐसे परिवार देखने को मिलता है, जो एक दूसरे के नजरो से गिराना चाहते है, एक दूसरो को निचा दिखाने के लिए अपमान करते हैं, षंडयंत्र रचते है, वह इतने हद तक नजरो से गिर जाते है, कि उसे यह भी पता नही चलता कि ये सब अपने परिवार के सदस्य है, वे अपने है, पराये नहि, वे लोग आपसी फूटफूटडालते है, ये सोचते नहि ये सब जो रहा है, वो सब गलत है ।

परिवार तब पूरा कहेलाता है, जब उसमें मां-बाप, भाई-बहेनों, दादा-दादी हर सदस्य का होना जरुरी है, हर सदस्य का होना परिवार पूरा हरा-भला कहेलाताहै ।

ईश्वर से जो हमे मनुष्य अवतार प्राप्त हुआ है, उसे व्यर्थ न जाने दे । अच्छे कामोमें, बिखरे परिवार, बिछडे परिवार को एक साथ होना और परिवार कोंजूदा न होने दें ।

जैसे-जिस तरह धागा टूट करसारे मोतियां बिखर जाते है, उसी तरह नया धागा लेकर, बिखरे मोती को समेट करएक एक मोतियों को धागों में पिरो करमालाएं बनाई जाति है, उसि तरह परिवार के हर सभ्य आपसी प्रेम भावना के बंधनों में बंधकरअपसी मेलझोल बढाकरबंधे रहे, यहि हमारे जीवन का लक्ष्य है ।

यहि हमारे परिवार में बदलाव लाएगा परिवार में खुशियां आएगी, यदि परिवार खुशाल होगा तो समाज की उन्नति होगी, तो समाज की उन्नति देश की उन्नति जिससे आपसी प्रेम त्याग कीभावना और शांति बनाएं रखना, घनिष्ठता और एकता बनाए रखना यहि परिवार कहेलाताहै । यहि हमारे जीवन को सबसे बडा लक्ष्य है ।

ज्योत्सना आर.बी.

# ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ (સી.એ.)નો વ્યવસાય અને અભ્યાસ ક્રમ

સી.એ. અરૂણકુમાર ટી. કંસારા - ગાંધીધામ



પ્રસ્તુત લેખના લેખક શ્રી અરૂણકુમાર કચ્છમાં આપણી જ્ઞાતિના સર્વ પ્રથમ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ થયેલા છે. (૧૯૭૫) તેઓશ્રી ટેક્સેસન વિષયમાં કચ્છમાં પ્રથમ સ્થાન સાથે એલ.એલ.બી.માં પ્રથમ વર્ગમાં ઉતિર્ણ થયેલા છે. ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ ઈન્સ્ટીટ્યુટ આયોજીત આદ્યોગિક આર્બિટ્રેટર તરીકેની યોગ્યતા પરીક્ષામાં તેઓશ્રી ઉતિર્ણ થયા છે. તેઓશ્રી ઈન્ડિયન ફાર્મર્સ ફર્ટીલાઈઝર કોર્પો.માંથી જનરલ મેનેજર (ફાઈનાન્સ) પદેથી ૨૦૧૨માં નિવૃત્ત થયા છે. હાલે ગાંધીધામ માં ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ તરીકે પ્રેક્ટીસ કરે છે. ઓલ ઈન્ડિયા મેનેજમેન્ટ એસોસિયેશન ન્યુ દિલ્હીના ગાંધીધામ ચેપ્ટરના સ્થાપક ટ્રસ્ટી છે. તેમજ ખજાનચી મંત્રી અને પ્રમુખ તરીકે પણ તેઓશ્રીએ સેવાઓ આપી છે. ગાંધીધામ સ્થિત કચ્છી મારુ કંસારા સોની ઉત્કર્ષ મંડળના સ્થાપક ટ્રસ્ટી તરીકે તેમજ તેમના પ્રમુખ તરીકે સેવાઓ આપેલી છે. આગામી વર્ષે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસી અભ્યાસક્રમમાં અપેક્ષિત ફેરફારોની દૃષ્ટિએ આ ક્ષેત્રે ઉચ્ચ અભ્યાસ ઈચ્છુક વિદ્યાર્થીઓને આવશ્યક માહિતી મળી રહે તે માટે એમણે આ લેખ મોકલ્યો છે.

- મુખ્ય તંત્રી

મુદ્રણ :- આ લેખ ગતાંકમાં પ્રકાશીત થયેલ પરંતુ સમસ્યા થતાં કેટલીક મહત્ત્વની વિગતો બરાબર છપાઈ ન હોતી, તેથી આ લેખ પુન:પ્રકાશીત કર્યા છે.

### ધી ઈન્સ્ટીટ્યુટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટનટ્સ ઓફ ઈન્ડિયા

ભારતમાં ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ (સીએ) નાં વ્યવસાય, અભ્યાસ ક્રમઅને પરીક્ષા તંત્ર નું સંચાલન, નિયમન અને નિયંત્રણ ધી ઈન્સ્ટીટ્યુટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ઓફ ઈન્ડિયા નામની સ્વાયત્ સંસ્થા દ્વારા કરવામાં આવે છે. આ સંસ્થાની સ્થાપના સંસદ દ્વારા પસાર થયેલા ધ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ એક્ટ દ્વારા ૧૯૪૯ માં કરવામાં આવી હતી.

### ધી ઈન્સ્ટીટ્યુટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ ઓફ ઈન્ડિયાનું સભ્યપદ

ધી ઈન્સટીટ્યુટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ઓફ ઈન્ડિયા દ્વારા લેવાતી ફાઈનલ સી.એ. (બંને ગ્રૂપની) પરીક્ષા પાસ કરેલ હોય અને માન્ય વ્યવસાયી (પ્રેક્ટીસીંગ) સીએ પાસે થી નિયત સમય ગાળાની આર્ટીકલસશીપ (પ્રેક્ટીકલ) ટ્રેઈનીંગ મેળવેલ હોય તેઓ સંસ્થાનું સભ્યપદ મેળવ્યા બાદ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ તરીકે ની પ્રેક્ટીસ કરી શકે છે. વ્યવસાયી તરીકે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ (સી.એ. વિવિધ સેવાઓ સમાજને પૂરી પાડે જેવી કે ....

(૧) કોર્પોરેટ અને અન્ય ગ્રાહકો ને ઓડિટ સેવા જેવી કે સ્ટેટ્યુટરી ઓડિટ, ખાસ ઓડિટ, આવકવેરા ઓડિટ, વેલ્યુ એડેડ ટેક્સ ઓડિટ, સર્વિસ ટેક્ષ ઓડિટ, કોસ્ટ ઓડિટ, બેન્ક ઓડિટ, ટ્રસ્ટ ઓડિટ, સહકારી સોસાયટી ઓડિટ, મેનેજમેન્ટ ઓડિટ, ઈન્ટરનલ ઓડિટ, અન્ય ઓડિટ સર્ટિફીકેશન અને એસ્યોરંસ સેવાઓ.

(૨) કરવેરા જેવા કે આવકવેરા, ગીફ્ટ ટેક્સ, વેલ્યુ એડેડ ટેક્ષ (સેલ્સ ટેક્સ), સર્વિસ ટેક્સ, કસ્ટમ, સેન્ટ્રલ એક્સાઈઝ અને અન્ય વેરા ઓ અંગે ટેક્સ પ્લાનીંગ, એડવાઈસ અને આવક વેરા, સર્વિસ ટેક્સ, વેટ, કસ્ટમ, એક્સાઈઝ, કંપની લો વિગેરે વિષયોના પત્રકો (રીટન્સ) નું ફાઈલીંગ તથા સ્ક્રુટીની અને અન્ય કેસોમાં એસેસીંગ અને અપીલ ઓથોરીટીસ સમક્ષ અસીલ વતી રજુઆત કરવી અને તેના સંદર્ભે ઉભા થતા કાનૂની પ્રશ્નો બાબતે અસીલો ને યોગ્ય માર્ગદર્શન આપવું.

(૩) કંપનીસ એક્ટ હેઠળ ની સેવાઓ જેવી કે કંપનીની સ્થાપના અંગે ની કાનૂની પ્રક્રિયા માં સલાહ અને માર્ગદર્શન પત્રકો ફાઈલ કરવા તથા તે અંગેની અન્ય સેવાઓ.

(૪) ફાઈનાન્સીયલ સર્વિસિસ જેવી કે ઈન્વેસ્ટમેન્ટ પ્લાનિંગ, પ્રોજેક્ટ રિપોર્ટસ તૈયાર કરવા અને બેંકો અને નાણાકીય સંસ્થાઓ પાસેથી લોન અને એડવાન્સીસ મેળવવાની વ્યવસ્થા...

(૫) ભાગીદારી પેઢી, મર્યાદીત કંપનીઓ, એલ.એલ.પી. ટ્રસ્ટ, સહકારી તથા અન્ય સોસાયટીની રચના માટે ભાગીદારી ડીડ, ટ્રસ્ટ ડીડ અને અન્ય કાનૂની પ્રકિયા અને કોમર્શિયલ દસ્તાવેજો માટે માર્ગદર્શન અને સહાય

(૬) નાણાકીય નિવેદનો, રીપોર્ટ વિગેરે પર એક્સપર્ટ અભિપ્રાય અને સર્ટીફીકેશન અને ડ્યુ ડીલીજનસ રિપોર્ટ.

(૭) મેનેજમેન્ટ કન્સલટન્સી સેવાઓ

**ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ (સી.એ.) નો તબક્કાવાર અભ્યાસ ક્રમ:**

(૧) ફાઉન્ડેશન - કોમન પ્રોફીસીયંસી ટેસ્ટ (સી.પી.ટી.)

(૨) સી.એ. ઈન્ટર - ઈન્ટિગ્રેટેડ પ્રોફેશનલ કોમ્પીરેનસી કોર્સ (આઈ.પી.સી.સી.)

(૩) સી.એ. ફાઈનલ

**(૧) સી.પી.ટી. (ફાઉન્ડેશન) કોર્સ :-**

સી.પી.ટી. (ફાઉન્ડેશન) એ સી.એ. કોર્સ માટેની પ્રવેશ સ્તરની પરીક્ષા છે. સી.પી.ટી. ની હેતુલક્ષી પરીક્ષામાં ૪ પેપર્સ હોય છે. જેમાં મલ્ટીપલ ચોઈસનાં હોય છે. પરીક્ષા દર વરસે બે વખત (જૂન અને ડિસેમ્બરમાં) લેવામાં આવે છે. સી.પી.ટી. બે રીતે થઈ શકે છે. (૧) માધ્યમિક (૧૦ માં ધોરણ) ની પરીક્ષા પાસ કર્યા બાદ કોમન પ્રોફીસીયંસી ટેસ્ટ (સીપીટી) માટે એનરોલમેન્ટ કરી અને ૧૨ માં ધોરણ ની પરીક્ષા પાસ કર્યા પછી સી.પી.ટી. ની પરીક્ષા પાસ કરવી. (૨) ઉચ્ચતર માધ્યમિક (૧૦+૨) ની પરીક્ષા આપ્યા બાદ કોમન પ્રોફીસીયંસી ટેસ્ટ (સીપીટી) માટે એનરોલમેન્ટ કરી સીપીટી પરીક્ષા પાસ કરવી.

**સી.પી.ટી. અભ્યાસ ક્રમ માટેનાં વિષયો :-**

| Session – I | | |
|---|---|---|
| **Sections** | **Subjects** | **Marks** |
| Section A | Fundamentals of Accounting | 60 |
| Section B | Mercantile Laws | 40 |
| **Session – II** | | |
| Section C | General Economics | 50 |
| Section D | Quantitative Aptitude | 50 |
| | **Total** | **200** |

**સી.પી.ટી. પરીક્ષામાં પાસ થવા માટેનું માપદંડ :-**

- વિદ્યાર્થીએ કુલ ૨૦૦ ગુણમાં થી લઘુત્તમ૫૦% એટલે કે ૧૦૦ ગુણ મેળવવા જરૂરી છે.
- દરેક ખોટા જવાબ માટે ૦.૨૫ નકારાત્મક ગુણ અને ખાલી જવાબ માટે ઝીરો ગુણ છે.

**સી.પી.ટી. ની નોંધણી પ્રક્રિયા**

વર્ષમાં બે વાર પરીક્ષા લેવામાં આવે છે. પરીક્ષા યોજાય તે મહિનાના પ્રથમદિવસથી ૬૦ દિવસ પહેલાં નોંધણી જરૂરી છે. જૂન પ્રયાસ માટે છેલ્લી તારીખ ૩૧ મી માર્ચ અને ડિસેમ્બર પ્રયાસ માટે છેલ્લી તારીખ ૩૦ મી સપ્ટેમ્બર છે. સી.પી.ટી. ની પરીક્ષા પસાર કર્યા પછી વિદ્યાર્થી સીએ ની પરીક્ષાના આગામી અભ્યાસ કોર્સ માં જોડાઈ શકે છે.

**(૨) સી.એ.ના ઈન્ટિગ્રેટેડ પ્રોફેશનલ કોમ્પીટન્સ કોર્સ (આઈ.પી.સી.સી.) માં ડાયરેક્ટ પ્રવેશ :-**

કોમર્સ સ્નાતકો/અનુ સ્નાતકો (૫૫ ટકા) અથવા અન્ય સ્નાતકો/અનુ. સ્નાતકો (૬૦ ટકા) અને આઈસીએસઆઈ અથવા આઈસીડબલ્યુઆઈ ની મધ્યવર્તી (ઈન્ટરમેડીઆટે) માં ડાયરેક્ટ પ્રવેશ મેળવી શકે છે.

**ઈન્ટીગ્રેટેડ પ્રોફેશનલ કોમ્પીટન્સી કોર્સ ( આઈ.પી.સી.સી. કોર્ષ : પરીક્ષા ની લાયકાત)**

(૧) કોમર્સ સ્નાતકો/પોસ્ટ સ્નાતકો (૫૫ ટકા) અથવા અન્ય સ્નાતકો/અનુ સ્નાતકો (૬૦ ટકા) અને આઈ.સી.એસ.આઈ. અથવા આઈ.સી.ડબલ્યુ.આઈ ની ઈન્ટરમીડીએટ સ્તરની પરીક્ષા પાસ કરી હોય તેવા ઉમેદવાર ઈન્ટિગ્રેટેડ પ્રોફેશનલ કોમ્પીટન્સી કોર્સ (આઈ.પી.સી.સી.) પરીક્ષા માટેનાં કોર્ષમાં સીધો પ્રવેશ મેળવી શકે છે.

(૨) એવા ઉમેદવાર જેમણે સી.પી.ટી. અને ૧૦+૨ ની પરીક્ષા પાસ કરી હોય તેવા વિદ્યાર્થી એ આઈ.પી.સી.સી. પરીક્ષામાં બેસતા પહેલાં ઓછામાં ઓછા ૯ મહિના પહેલાં આઈ.પી.પી.સી. પરીક્ષામાં બેસવા માટેની નોંધણી કરી હોવી જરૂરી છે.

(૩) વિદ્યાર્થી એ માહિતી ટેકનોલોજી તાલીમ(આઈટીટી) નો ૧૦૦ કલાક અને ઓરીએન્ટ પ્રોગ્રામ(ઓરીએનટેશન પ્રોગ્રામ) ના ૩૫ કલાક નો કોર્સ કરેલ હોવો જોઈએ.

**ઈન્ટીગ્રટેડ પ્રોફેશનલ કોમ્પીટન્સી કોર્સ (આઈ.પી.સી.સી.) કોર્ષ : પરીક્ષા માટેની લાયકાત**

| | Subjects | Marks |
|---|---|---|
| Group 1 | Accounting | 100 |
| | Law Ethics and Communication | 100 |
| | Cost Accounting | 50 |
| | Financial Management | 50 |
| | **Taxation** | |
| | Income Tax | 50 |
| | Indirect Tax - Service tax, Excise, Custom and VAT | 50 |

| | Subjects | Marks |
|---|---|---|
| Group 2 | Advanced Accounting | 100 |
| | Auditing and Assurance | 100 |
| | **Information Technology & Strategic Management** | |
| | Section A Information Technology | 50 |
| | Section B Strategic Management | 50 |

પરીક્ષામાં પાસ થવા માટે બંને ગ્રૂપ ના દરેક વિષયમાં ૪૦% અને એગ્રીગેટ ૫૦% માર્ક્સ મેળવવા જરૂરી છે.

**આર્ટિકલશિપ ટ્રેનીંગ**

આર્ટિકલશિપ ટ્રેનીંગ શરૂઆત આઈપીસીસી પાસ થયા બાદ કરવાની હોય છે. આર્ટિકલશિપ શરૂ કરવા માટે વિદ્યાર્થી એ આઈપીસીસી માં ઓછામાં ઓછા પહેલા ગ્રૂપની પરીક્ષા પાસ કરેલી હોવી જોઈએ અને ૧૦૦ કલાકની માહિતી ટેકનોલોજી તાલીમ( આઈટીટી ) પૂર્ણ કરેલ હોવી જોઈએ અને ઓરીઅન્ટ પ્રોગ્રામ( ઓરીએન્ટેશન પ્રોગ્રામ ) ના ૩૫ કલાક નો કાર્સ કરેલ હોવો જોઈએ. આર્ટિકલશિપ ટ્રેનીંગ નો કુલ સમયગાળો ૩ વર્ષનો છે.

**આર્ટિકલશિપ તાલીમદરમિયાન મેળવવાનો કાર્ય અનુભવ**

- એકાઉન્ટીંગ
- ઓડીટીંગ ( આંતરિક ઓડિટ, સ્ટેટ્યુટરી ઓડિટ, મેનેજમેન્ટ ઓડિટ, ટેક્સ ઓડિટ વગેરે )
- પ્રત્યક્ષ અને પરોક્ષ કરવેરા
- માહિતી ટેકનોલોજી
- મેનેજમેન્ટ કન્સલ્ટન્સી
- અન્ય વિષયોમાં કાર્ય અનુભવ

**આર્ટિકલ તાલીમ દરમ્યાન મળવા પ્રાપ્ત ન્યુનતમમાસિક શિષ્યવૃત્તિ**

| No | City Classification | 1st Year | 2nd Year | 3rd Year |
|---|---|---|---|---|
| 1 | Population of 20 Lakhs & above | 2000 | 2500 | 3000 |
| 2 | Population of 4 Lakhs & Above | 1500 | 2000 | 2500 |
| 3 | Population less than 4 lakhs | 1000 | 1500 | 2000 |

**જનરલ મેનેજમેન્ટ અને કોમ્યુનીકેશન સ્કીલ**

આર્ટિકલશિપ ટ્રેઈનીંગ ના પ્રથમવર્ષના સમયગાળા દરમિયાન ૧૫ દિવસની પ્રથમઅને આર્ટિકલશિપ ટ્રેઈનીંગ ના ૧૮ મહિના પુરા કર્યા પછી બીજાં ૧૫ દિવસની એમકુલ ૩૦ દિવસની જનરલ મેનેજમેન્ટ અને કોમ્યુનીકેશન સ્કીલ ( જી.એસ.સી.એસ. ) ની ટ્રેઈનીંગ અથવા ૪ સપ્તાહ ની રેસીડેન્સીઅલ પ્રોગ્રામઓન પ્રોફેશનલ સ્કીલ ડેવલપમેન્ટની ટ્રેઈનીંગ આર્ટિકલશિપ ટ્રેઈનીંગ પુરી કરવા પહેલા લેવી જરૂરી છે.

**સી.એ. ફાઈનલ કોર્સ - લાયકાત**

વિદ્યાર્થીએ આઈપીસીસી નાં બંને ગ્રૂપમાં પાસ હોવું જરૂરી છે.

વિદ્યાર્થીએ ૨-૧/૨ વર્ષની આર્ટિકલશિપ ની ટ્રેઈનીંગ પુરી કરેલ હોવી જોઈએ.

**સી.એ. ફાઈનલ કોર્સ ની પરીક્ષામાં બે ગ્રૂપ છે જેના વિષયો આ પ્રમાણે છે.**

| | Subjects | Marks |
|---|---|---|
| Group 1 | Financial Reporting | 100 |
| | Strategic Financial Management | 100 |
| | Advanced Auditing & Professional Ethics | 100 |
| | Corporate Laws & Secretarial Practice | 100 |

| | Subjects | Marks |
|---|---|---|
| Group 2 | Advanced Management Accounting | 100 |
| | Information Systems Control | 100 |
| | Direct Taxes | 100 |
| | Indirect Taxes | 100 |

પરીક્ષામાં પાસ થવા માટે બંને ગ્રૂપના દરેક વિષયમાં ૪૦% અને એગ્રીગેટ ૫૦% માર્ક્સ મેળવવા જરૂરી છે. સી.એ. ફાઈનલ ની પરીક્ષા ના બંને ગ્રૂપ પસાર કર્યા પછી અને આર્ટિકલશિપ તાલીમપુરી કર્યા પછી વિદ્યાર્થી આઈસીએઆઈના સભ્ય તરીકે નોંધણી કરવા માટે અને ''ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ'' ની પદવી મેળવવા લાયક બને છે.

**૨૦૧૬ થી સી.એ. ના અભ્યાસ ક્રમમાં થનાર સૂચિત ફેરફારો**

(એ) હોલ સી.એ. ફાઉન્ડેશન (સી.પી.ટી.) ના અભ્યાસક્રમમાં ૪ વિષયો છે તેને સ્થાને ૬ વિષયોની યોજના છે. જેના નવા વિષયો આ પ્રમાણે છે.

(૧) જનરલ ઈંગ્લિશ (૫૦ માર્ક્સ)

(૨) વ્યાપાર કોમ્યુનીકેશન ૧૦૦ માર્ક્સ (ગ્રૂપ ૨)

(બી) હાલ આઈપીસીસીમાં ૭ વિષય છે જેમાં કોસ્ટિંગ અને ફાઈનાન્સીંઅલ મેનેજમેન્ટ બંને ૧૦૦ માર્ક્સ અને ડાયરેક્ટ ટેક્સ અને ઈનડાયરેક્ટ ટેક્સ બંને ૧૦૦ માર્ક્સ ના હતા તેને સ્થાને ૮ વિષયોની નવી યોજનાનાં વિષયો આ પ્રમાણે છે.

(૧) કોસ્ટિંગ ૧૦૦ માર્ક્સ (ગ્રૂપ ૧)

(૨) ફાઈનાન્સિઅલ મેનેજમેન્ટ ૧૦૦ માર્ક્સ (ગ્રૂપ ૨)

(૩) ડાયરેક્ટ ટેક્સ ૧૦૦ માર્ક્સ (ગ્રૂપ ૧)

(૪) ઈનડાયરેક્ટ ટેક્સ ૧૦૦ માર્ક્સ (ગ્રૂપ ૨)

(૫) ઈન્ફોર્મેશન ટેકનોલોજી એન્ડ સ્ટ્રેજેટિક મેનેજમેન્ટ (૧૦૦ માર્ક્સ) નો વિષય રદ્દ કરવામાં આવ્યો છે.

(સી) સીએ ફાઈનલમાં ઈન્ફોર્મેશન સીસ્ટમકન્ટ્રોલ એન્ડ ઓડીટ (આઈએસસીએ) (૧૦૦ માર્ક્સ) નાં વિષયની જગ્યાએ ફાઈનાન્સિયલ સર્વિસ એન્ડ કેપીટલ માર્કેટસ (૧૦૦ માર્ક્સ)

(ડી) અન્ય ફેરફારો

(૧) સી.પી.ટી. પરીક્ષા માટેનાં કોર્સનાં કોર્સની નોંધણી અને પરીક્ષા આપવા વચ્ચે નો સમયગાળો ૬ મહિના થી વધારીને ૯ મહિના કરવામાં આવેલ છે.

(૨) સી.પી.ટી. ની પરીક્ષા પાસ કર્યા બાદ આઈ.પી.સી.સી. પરીક્ષા આપવા માટે વાંચવા માટે સમયગાળો ૯ મહિનાથી વધારીને ૧૨ મહિના કરવામાં આવ્યો છે.

**"ધ ઈન્સટીટ્યુટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ઓફ ઈન્ડિયા" ની કોન્ટેક્ટ ડીટેઈલ્સ**

Head Office
The Institute of Chartered Accountants of India
ICAI Bhawan
Indraprastha Marg
Post Box No. - 7100
New Delhi - 110 002

**વિસ્તૃત માહિતી માટે સંપર્ક**
**મો. ૦૯૭૨૭૩૦૦૫૪૮**
**ફોન નં. (ઓ). ૦૨૮૩૬૨૨૯૧૬૩**
Email : aruntkansara@rediffmail.com

Board Of Studies :

The Institute Of Chartered Accountants of India.
"ICAI Bhavan" Plot No. - A-29,
Sector - 62, Noida,
Dist : Gautam Budh Nagar
Uttar Pradesh
Pin - 201309
Phone : 0120-3045930
Fax : 91 0120 3045940
Email : bosnoida @ icai.in

- સંકલીત

## અભ્યાસ માટે લોન/શિષ્યવૃત્તિ મેળવવાના પ્રયાસ કરવા યોગ્ય

● **રાષ્ટ્રીય પ્રતિભા ખોજ પરીક્ષા (કેન્દ્ર સરકાર)**

પ્રતિભાસંપન્ન બાળકોને પ્રોત્સાહન આપવા વર્ષે રૂા. ૨૦૦૦ થી ૨૭૦૦ સુધીની સ્કોલરશીપ મળે છે. આ માટેનું સ્ક્રીનીંગ ગુજરાત રાજ્ય પરીક્ષા બોર્ડ, દિલ્હી ચકલા, અમદાવાદ દ્વારા ડિસેમ્બરમાં થાય છે. એ માટેની વિગતો જીલ્લા શિક્ષણાધિકારીની કચેરીમાંથી મેળવી શકાય છે.

● **શિક્ષણ વિભાગ, માનવ સંશાધન વિકાસ મંત્રાલય :-**

કોમનવેલ્થ સ્કોરશીપનું સંચાલન કરે છે.
કર્ઝન રોડ બેરેક, કસ્તુરબા ગાંધી માર્ગ, દિલ્હી - ૧૧૦ ૦૧૧

નીચે આપેલી સંસ્થાઓ પણ અભ્યાસ અર્થે શ્રેષ્ઠતા અથવા પારિવારિક આવક મર્યાદાના ધોરણે લોન/શિષ્યવૃત્તિઓ આપે છે. જેમની સાથે પત્રવ્યવહાર કરી વિગતો મેળવી શકાય છે.

**(૧) ઈન્ડિયન ઈન્સ્ટીટયુટ ઓફ સાયન્સ,** બેંગલોર (બી.એસ.સી પછી વિજ્ઞાન ક્ષેત્રે અભ્યાસ અર્થે)

**(૨) મફતલાલ ઈન્ડસ્ટ્રીઝ સ્કોલરશીપ સ્કીમ,** એચ.આર.ડી. વિભાગ, મફતલાલ સેન્ટર, ૮ મે માળે, નરીમાન પોઈન્ટ, મુંબઈ-૨૧.

**(૩) ઈલેક્સ ફાઉન્ડેશન, પો.બો.નં. ૨૧૦૮ દિલ્હી** - ૧૧૦ ૦૦૭. (વિદેશમાં સ્નાતકોત્તર અભ્યાસ માટે)

**(૪) જે.એમ.ટાટા એન્ડાઉન્મેન્ટ ફોર એજ્યુકેશન,** ૨૪, હોમી મોદી સ્ટ્રીટ, બોમ્બે હાઉસ, મુંબઈ - ૪૦૦ ૦૦૧.

● **મહિલાઓ માટે ખાસ :-**

ધો-૧૦/૧૨ માં સારા માર્કસ મેળવ્યા હોય અને આગળ અભ્યાસ માટે પોલિટેકનીકમાં ડિપ્લોમાં કરવા ઈચ્છતી બહેનોને ત્રણ વર્ષ માટે દર વર્ષે રૂા. ૫૦૦ ની શિષ્યવૃત્તિ અપાય છે. સરનામું નીચે મુજબ છે.

મેનેજીંગ ટ્રસ્ટી, કે.સી.મહેન્દ્ર એજ્યુકેશનલ ટ્રસ્ટ, સિવિલ કોર્ટ, ત્રીજે માળે, મહાકવિ ભૂષણ માર્ગ, મુંબઈ.

## ગ્રેજ્યુએશન બાદ યુ.કે.માં નોકરીની ઉજળી તકો

પ્રવાસી ભારતીય દિવસ અને વાઈબ્રન્ટ સમિટ નિમિત્તે ભારત આવેલા યુ.કેના હોદ્દેદારોએ ભારતીય વિદ્યાર્થીઓ માટે યુ.કેના દરવાજા હંમેશા ખુલ્લા હોવાનું ભારપૂર્વક જણાવ્યું છે. ગુજરાતની મુલાકાતે આવેલા બ્રિટિશ કાઉન્સિલના ડિરેક્ટર રોબ વિલિયમ્સે અત્રે ગુજરાતી વિદ્યાર્થીઓ વધુમાં વધુ યુ.કેનું એજ્યુકેશન મેળવવા માટે આવે તે માટેના હકારાત્મક પાસાઓ પર પ્રકાશ ફેંક્યો હતો. તેમના જણાવ્યા પ્રમાણે યુકે ભારતીય ગુજરાતી વિદ્યાર્થીઓ માટે ફોરેન એજ્યુકેશન માટેનું શ્રેષ્ઠ ડેસ્ટિનેશન છે.

કેમ્બ્રિજ અને ઓક્સફર્ડ જેવી વિશ્વની શ્રેષ્ઠ યુનિવર્સિટીઝ યુ.કેમાં છે. એ ઉપરાંત પણ વિશ્વની શ્રેષ્ઠ યુનિવર્સિટીઓ ધરાવતાં આ દેશમાં સેંકડો યુનિવર્સિટીઝ અને કોલેજો એવી છે જે ઉચ્ચ શિક્ષણના ક્ષેત્રે કાર્યરત છે. આ અંગે બ્રિટિશ કાઉન્સિલની વેબસાઈટ્સ અને અમદાવાદ શહેરમાં લો ગાર્ડન પાસે આવેલી બ્રિટિશ લાઈબ્રેરીમાં પણ માહિતી વિદ્યાર્થીઓ માટે ઉપલબ્ધ છે. એ ઉપરાંત પણ દર વર્ષે બ્રિટિશ કાઉન્સિલ દ્વારા યુકેની વિવિધ શૈક્ષણિક સંસ્થાઓને એક પ્લેટફોર્મ પર લાવીને કાઉન્સિલ દ્વારા એડમિશન કમ ઈન્ફર્મેશન ફેર પણ યોજવામાં આવે છે. આવા ફેરની મુલાકાત દરમિયાન વિદ્યાર્થીઓ યુકેની માન્યતા પ્રાપ્ત કોલેજ કે શૈક્ષણિક સંસ્થાઓના પ્રતિનિધિઓ સાથે સીધી મુલાકાત કરી શકે છે.

હાલમાં અમદાવાદ આવેલા બ્રિટિશ કાઉન્સિલના ડિરેક્ટર રોબ લિન્સે મુલાકાતમાં જણાવ્યુ હતું, "ભારતીય વિદ્યાર્થીઓ ગ્રેજ્યુએશન બાદ યુ.કેમાં સારામાં સારી જોબ મેળવી શકે છે. આ ઉપરાંત જો તેમને યુ.કેમાં જોબ ન મળે તો તેઓ યુ.કેની ડિગ્રી સાથે ભારતમાં આવીને પણ સારી કમાણી કરી શકે છે. કારણ કે યુ.કેનું ઉચ્ચ શિક્ષણ માત્ર ભારતમાં જ નહીં પરંતુ દુનિયાના લગભગ તમામ દેશોમાં માન્યતા ધરાવે છે."

છેલ્લા કેટલાંક વર્ષમાં ભારતીય વિદ્યાર્થીઓમાં વિદેશ જવાનો ક્રેઝ વધ્યો હોવાથી આઈ.ઈ.એલ.ટી.એસ.ની પરીક્ષા આપતા વિદ્યાર્થીઓની સંખ્યા પણ ઘણી વધી ગઈ છે. આ સંજોગોમાં બ્રિટીશ કાઉન્સિલ દ્વારા યોજાતી આઈઈએલટીએસ પરીક્ષાની તારીખ ઘણી ઓછી હોવાથી વિદ્યાર્થીઓને તારીખ લેવા માટે ત્રણ મહિનાની રાહ જોવી પડે છે.

આ સંદર્ભમાં રોબ લિન્સે જણાવ્યું હતું, "જે અરજદારો આઈઈએલટીએસ આપવા માંગે છે તેમણે અગાઉથી આયોજન કરીને ટેસ્ટ માટે તારીખ બુક કરાવી દેવી જોઈએ. અમે પરીક્ષાની ક્વોલિટી સાથે કોમ્પ્રોમાઈઝ કરવા માંગતા નથી આથી પરીક્ષાની તારીખો મર્યાદિત જ રાખી છે. આ ઉપરાંત તારીખની મુખ્ય સમસ્યા પ્રથમ વાર પરીક્ષા આપનારને નહીં પરંતુ આઈ.ઈ.એલ.ટી.એસ.માં રિપપિયર થનારા અરજદારોને થાય છે. આથી અરજદારોએ પ્રથમવારમાં જ પૂરતી તૈયારી સાથે આઈઈએલટીએસની પરીક્ષા આપવી જોઈએ જેથી તેમણે રી-અપિયર થવું ન પડે. કારણ કે અંગ્રેજી પર પ્રભુત્ત્વ હોવું એ બ્રિટનમાં અભ્યાસ કરવા માટેની ન્યુનત્તમ લાયકાતોમાં પ્રથમ છે.

# - નરસિંહ મહેતા

- જીનલ સોલંકી (નાગલપુર)

ગત બે અંકમાં મીરાંબાઈના બે કાવ્યોનો રસાસ્વાદ કરાવેલ..આ અંકમાં આવા જ આપણા આદ્યકવિ શ્રી નરસિંહ મહેતાની રચના માણીએ...

આપણે સૌ જાણીએ છીએ કે નરસિંહ મહેતાનું "વૈષ્ણવજન..." ભજન મહાત્મા ગાંધીનું અત્યંત પ્રિય ભજન હતું.... અને તાજેતરમાં જ સરકારશ્રીના આદેશ મુજબ તમામ શાળાઓમાં આ ભજન પ્રાર્થનાઓમાં ફરજિયાત સામિલ કરી દેવામાં આવ્યું છે.... એમકહેવાય છે કે, નરસિંહ મહેતાનું આ ભજન આપણા ચાર વેદની બરાબર છે....આ ભજનનો પ્રત્યેક અમલ જો વ્યક્તિથી થઈ શકે તો એને ક્યાંય ઈશ્વર શોધવાની જરૂર નથી...આટલી અગ્ર હરોળમાં સ્થાન પામેલું આ ભજન છે જેના રચયિતા શ્રી નરસિંહ મહેતા વિશે થોડી માહિતી આપું તો....



રેખાંકન-જીનલ સોલંકી

શ્રી નરસિંહ મહેતાનો જન્મ ઈ.સ. ૧૪૧૪માં તળાજામાં થયો હતો. કૃષ્ણદાસ અને દયાકુંવરના આ સંતાનનું હુલામણું નામ નરસૈયો હતું. જૂનાગઢમાં રહેતા આ કવિએ કુંવરબાઈનું મામેરું, સુદામા ચરિત્ર વગેરે જેવા ૧૫૦૦ થી વધારે પદો આપ્યા છે. તેમનાં મોટા ભાગના પદોમાં કૃષ્ણ ભક્તિના દર્શન થાય છે તેમના પોતાન જીવન પરથી તેમણે રચેલું સાહિત્ય જેમકે - કુંવરબાઈનું મામેરું, શામળશાદાસનો વિવાહ, વગેરે પ્રખ્યાત છે. આજે પણ તેમની યાદમાં ગુજરાતી, ભાષાના શ્રેષ્ઠ કવિને નરસિંહ મહેતા એવોર્ડ અપાય છે. ગુજરાત રાજ્યના તાજેતરના બજેટમાં જૂનાગઢમાં નરસિંહ મહેતા યુનિવર્સિટી સ્થાપવાનો પણ ઉલ્લેખ છે. આવા મહાન કવિની એક રચના માણીએ.....

કેમ પૂજા કરું કૃષ્ણ કરુણાનિધિ ? અકળ આનંદ તે કહ્યો ન જાયે;
સ્થાવર-જંગમ વિશ્વ વ્યાપી રહ્યો, તે કેશવ કંડિયે ક્યમ સમાયે ?

બાર મેઘે કરી સ્નાન શ્રીપતિ કર્યા, શંખની ધારે તે કેમ રીઝે ?
ઉનપચાસ વાયુ તુંને વ્યંજન કરે, ચમર ઢાળું તે કેમગમે જે ?

સૂરજ રૂપે કરી ત્રિભૂવન તપાવ્યા, ચંદ્ર રૂપે કરીને રે ઠાર્યા ;
મેઘ રૂપે કરી વરસ્યા રે, વિઠ્ઠલા ! વાયુ રૂપે કરીને વધાર્યા....

અઢાર ભાર વનસ્પતિ અહર્નિશ પીમળે, માળી તે પાતરી શી રે લાવે ?
ચુઆ-ચંદને કરી, પ્રભુ ! તુને પૂજીએ, અંગની બહેકની તુલ્યે ના વે

તારે નિત નવનવા નૈવેદ કમળા કરે, સૂક્ષ્મ નૈવેદ કેમ તુલ્ય આવે ?
ભણે નરસૈયોઃ જેણે કૃષ્ણરસ ચાખિયો, તે પુનરપિ માતને ગર્ભ ના વે...

આ પદમાં નરસિંહ મહેતાએ વિશ્વ વ્યાપી પરમેશ્વર અને પામર મનુષ્યની ભક્તિની વાત કરી છે...

પ્રથમ પંક્તિમાં કવિ કહે છે કે શ્રી કૃષ્ણની ભક્તિ કરવાનો આનંદ તો અવર્ણનીય છે.., કંડિયે એટલે કે કરંડિયામાં ફુલો લઈને આપણે કેશવને (પ્રભુને) રીઝવીએ...અરે...કૃષ્ણ તો વિશ્વવ્યાપી છે. સર્વત્ર છે એ આપણા કરંડિયાના ફૂલોમાં કેમ સમાય ?

બીજી પંક્તિમાં કવિ કેટલું સરસ કહે છે કે ઈશ્વર તું તો બાર મેઘથી સ્નાન કરી શકે...એ શંખની ધારી તું કેમરીઝે...? ઉનપચાસ વાયુ તુંને વ્યંજન કરે...મતલબ કે ઓગણપચાસ પ્રકારના વાયુ તને પંખો નાખે છે ત્યાં ચામર તને કેમગમે ?

ત્રીજી અને ચોથી પંક્તિમાં કવિ કહે છે કે...તું તો સુરજ બની ત્રણેય લોક તપાવી શકે, ચંદ્ર બની શિતળતા બક્ષી શકે મેઘ બની વરસી શકે....તું તો બધા પ્રકારની વનસ્પતિમાં સુગંધ ફેલાવી શકે.....માળી તે પાતરી શી રે લાવે ? એટલે કે માળીના એક પડિકામાં બાંધેલી માળા તને ક્યાં તોલે આવે ?

ચંદને કરી એટલે કે સુગંધી તેલથી તને રીઝીએ...અરે, તારાથી તો આ આખું સંસાર મઘમઘે છે ત્યારે તું અમારી અર્ચનાના ફૂલ-તેલથી થોડો મઘમઘી શકે ?

છેલ્લી પંક્તિમાં કવિ કહે છે કે સાક્ષાત લક્ષ્મી નિત નવ નવા તારા નૈવેદ કરે છે....એની સામે અમારા નૈવેદની કેમ તુલના થાય ....?

આમ શ્રી નરસિંહ મહેતાએ આપણી પૂજા, અર્ચના, પ્રભુને રિઝવવાની આપણી તમામ પ્રવૃત્તિઓનો ઉલ્લેખ કરી આપણને નિર્દેશ કર્યો છે કે, જેણે કૃષ્ણનો રસ ચાખી લીધો છે એને જ આ જીવનના ફેરાઓમાંથી મુક્તિ મળે છે....

મારા મતે કહું તો ભક્તિનો સાચો અર્થ 'અમલ' છે.... ફક્ત પૂજા-અર્ચના વિધિ થી ઈશ્વર રીઝી ન શકે....ઈશ્વરે સૂચવેલા માર્ગ પર ચાલવું પણ પડે....વસાવડાના એક વાક્યમાં મને એક વાક્ય ખૂબ ગમેલું કે

**"આપણે સૌને રામ ને માનવા છે...પણ રામનું માનવું નથી...."**

મતલબ ભગવાન રામને ભગવાન તરીકે પૂજવા છે પણ એમણે દર્શાવેલ આદર્શોને અનુસરવું નથી....

ચાલો આજથી ઈશ્વર ભક્તિનો સાચો માર્ગ અપનાવીએ....

સંદર્ભ :- (કવિતા - 'નરસિંહ મહેતાની કાવ્યકૃતિઓ માંથી....)

## ગ્રંથ...ગ્રંથિ અને ગ્રંથિયો......

**- મીતા નીતિન સોલંકી**

પહેલું સુખ તે જાતે નર્યા આ કહેવતનો સાચો અર્થ ત્યારે જ સમજાય જ્યારે આપણે બીમાર પડીયે ! એક ગ્રંથ એટલે આપણું દળદાર સાહિત્ય જેમા વાંચન સામગ્રીનો સમૂહ હોય....બીજુ ગ્રંથિ એટલે પૂર્વગ્રહ બાંધવો ! આપણા મનો મસ્તિષ્ક કેટલીક ગ્રંથિ બંધાયેલી પડી હોય છે. જેને આપણે ૧૦૦% સમજીને ચાલતા હોઈએ છીએ ! ત્રીજી ગ્રંથિયો....- જે આપણા સમગ્ર શરીરનું સંચાલન અને નિયમન કરે છે...

સુજોક થેરાપી અને એક્યુપ્રેશરની શિબિરમાં મેં શીખેલી અને જાણેલી માહિતી વાચકો સમક્ષ રજુ કરુ છું આશા છે કે તે વાચકો માટે ઉપયોગી નીવડશે.

તંદુરસ્ત માનવ શરીરનું પ્રથમપગથિયું છે. વિવિધ ગ્રંથિઓનું સુચારું નિયમન....શરીરનું ઘડતર આ સાત (૭) ગ્રંથિઓને આભારી છે. ૬૦૦૦ વર્ષ પૂર્વે આપણા યોગીઓને આનું જ્ઞાન ધરાવતા હતા. તેઓ તેને "ચક્ર" તરીકે ઓળખાવતા આપણે તેને અંતસ્ત્રાવી ગ્રંથિ કહીએ છીએ. અંગ્રેજીમાં હોર્મોન્સ તરીકે ઓળખીએ છીએ....મુખ્ય સાત ગ્રંથિ છે..(૧) પીની અલ ગ્રંથિ - જે શરીરમાં જલતત્ત્વ નું નિયમન કરે છે. બધીી ગ્રંથિઓનું સંચાલન કરે છે. (૨) પિચ્યુટરી...ગ્રંથીઓનો રાજા છે...મગજની યાદશક્તિ અને શારીરિક વિકાસનું સંતુલન કરે છે. (૩) થાઈરોઈડ અને પેરાથાઈરોઈડ વાયુતત્ત્વનું ફેફસા અને હૃદયનું નિયમન કરે કેલ્શિયમનું સંતુલન, શક્તિ ઉત્પાદનનું કાર્ય સંભાળે....(૪) થાયમસ બાળક ૧૨ થી ૧૫ વર્ષનું થાય ત્યાં સુધી સંભાળ રાખે છે (૫) એડ્રિનલ અને પેન્ક્રી પાચક રસોનું આસ પાસ કરસો નું ઉત્પાદન અને લોહી સાકર અને તાણ તથા કાર્યશક્તિનું ધ્યાન રાખે...(૬) નાભિચક્ર - પેટના પડદાની નીચે આવેલા બધા અવયવોનું નિયમન કરે છે.(૭) જાતીય જાગીત હોર્મોન ઉત્પન્ન કરે છે.

આમ સમગ્ર શરીરનું માળખું આ ગ્રંથિઓ દ્વારા રચાય છે...

રોગ સામે રક્ષણ પણ આપે છે...સમગ્ર વ્યક્તિત્વ આ ગ્રંથિઓને આભારી છે. જો આ ગ્રંથિઓ યોગ્ય કામગીરી ન રે તો આપણો સ્વાસ્થ્ય બગડે છે.....

જેમકે એડ્રીનલ ગ્રંથિ બરાબર કાર્ય ન કરે તો લીવર બરાબર કાર્ય નથી કરતુ, વ્યક્તિ બીકણ, સ્વભાવે ચિડિયો થાય...થાઈમસ કામન કરતો સ્વભાવમાં હલકાપણું આવે દુષ્ટતા આવે...પિપ્પુટીરી કામ ન કરે તો વ્યક્તિ દયાહીન કઠોર ગુનાહિત કાર્યો કરે ચોર બને ખૂની બને લાંબા સમયની બીમારીમાં ઘણી ગ્રંથિઓને નુકશાન ન થયું હોય છે. થાઈરોઈડ કામ ન કરે તો કેલ્શિયમનું પાચન ન થાય...થાક લાગે થાઈરોઈડ કામ બરાબર કરે તો વ્યક્તિમાં ઉચ્ચ માનવીય ગુણોનો વિકાસ થાય છે... જાતીય ગ્રંથિઓમાં પણ સ્ત્રીને માસિકને લગતા પ્રોબ્લેમ્સ થાય છે. વાસના ક્રોધ સ્વાર્થીપણું વધી જાય છે. પેનક્રિયાઓ કામ ન કરે તો પાચક રસોનું સંતુલન ખોરવાય, ડાયબીટીસ થાય. લો પ્રેસર ખાંડ ઓછી થાય છે. એડ્રીનલ બરાબર વર્ક ન કરે તો પાચક રસોનું સંતુલન બગડે છે. પિચ્યુટરી બરાબર ન કરે તો બાળક ઠીંગણું રહે છે. પીનીઅલ કામ ન કરે તો શરીર માં પાણી ભરાય... આને ત્રીજી આંખ પણ કહેવાય છે.

લિમ્ફ ગ્રંથિ શરીરમાં પરુ થતુ અટકાવે છે. બગાડો દૂર કરે છે. ટુંકમાં આ રીતે આપણી તંદુરસ્તીનો સમગ્ર આધાર આ ગ્રંથિઓને આભારી છે. તેનું નિયમન એક્યુપ્રેસર થી સુઝોક થેરાપીથી તેમજ યોગ અને પ્રાણાયામ વડે યોગ્ય રીતે ચાલે છે. તેના "પ્રોપર કંટ્રોલ" માટે આટલું તો કરવું પડશે.....!!!

મને શિબિરમાં મળેલી ઉપયોગી માહિતી આપની સમક્ષ પીરસી છે...આશા છે ઉપયોગી નીવડશે.
વધુ માહીતી આવતા અંકે

ક્રમશે....

## જીવનના પથ્થર, કાંકરા અને ધૂળ

ફિલોસોફી ના એક પ્રોફેસરે એક વખત થોડી વસ્તુઓ સાથે ક્લાસમાં પ્રવેશ કર્યો. જ્યારે ક્લાસ શરૂ થયો ત્યારે તેમણે એક મોટી કાચની બરણી લીધી. એમાં પથરા ભરવા લાગ્યા. બરણી ભરાઈ ગઈ એટલે પૂછ્યું - શું બરણી ભરાઈ ગઈ છે ? વિધાર્થીઓએ જવાબ આપ્યો 'હા' પછી પ્રોફેસરે કાંકરાથી ભરેલું એક બોક્ષ કાઢ્યું. બરણી હલાવી હલાવી કાંકરા ભરવા માંડ્યા. કાંકરા ભરાઈ ગયા. એ પણ વિધાર્થીઓએ જોયું. ત્યાર બાદ પ્રોફેસરે ધૂળ ભરેલું બોક્ષ કાઢ્યું. એ બરણીમાં ભરવા લાગ્યા. પછી પૂછ્યું. શું બરણી ભરાઈ ગઈ છે ? વિધાર્થીઓએ કહ્યું 'હા'

હવે સાહેબે સમજાવવાનું શરૂ કર્યું. આ બરણી આપણું જીવન છે. મોટા પત્થર એ આપણું કુટુંબ, આપણું સ્વાસ્થ્ય, આપણું મિત્ર મંડળ, આપણા સહકર્મીઓ, નોકરી હોય તો ઉપરી, ન હોય તો ગ્રાહક બજાર, કર્મચારીઓ વગેરે. એ બધા વચ્ચે આપણે કાંકરાની જેમ રહી પોતાની કારકીર્દી, પોતાની સ્થિતિ પોતાની ખૂબી તથા ખામી સાથે ગોઠવાઈ જવાનું છે. ત્યાર બાદ ધૂળ ની જેમકઠિનાઈ વચ્ચે પણ અવસરો શોધવાના છે તથા એ જ સ્થિતિમાં સૂઝબૂઝ નો પરિચય આપવાનો છે. બરણીની સાઈઝ વધી ન શકે પરંતુ આપણું લચીલાપણું (ફ્લેકિસબિલિટી)ને કારણે આપણે ક્યાંય પણ રહી માર્ગ કાઢી શકીએ ખરા. પારસી જેમદૂધમાં સાકળને ભરે એમભળી ગયા અને સફળતા ના શિખરે પહોંચ ગયા એમસમાજમાં રહેશું તો જીવન સાર્થક લાગશે.

**ભાણજી ચુનિલાલ સોની (નાગપુર)**

# કોણાર્કનું સૂર્ય મંદિર

- પ્રો.રસિકભાઈ મહિચ્છા

ગંગા, સાગર, ચંપારણ્ય અને અમરકંટક ની યાત્રા દરમ્યાન અમને ઓરિસ્સા માં આવેલ ભવ્ય કોણાર્ક ના સૂર્યમંદિર ની મુલાકાત લેવાની તક મળી હતી. જગન્નાથ પૂરી ની એક હોટલ માં રોકાણ કર્યું હતું. પૂરી અને ભૂવનેશ્વર વિસ્તારમાં આવેલ વિવિધ મંદિરો ના દર્શન કર્યા બાદ અમે કોણાર્ક ગયા હતા.



પૂરી થી ૬૫ કિ.મી. અને ઓરિસ્સા ની રાજધાની ભુવનેશ્વર થી ૩૫ કિ.મી. દૂર કોણાર્ક ૨૦ થી ૨૫ હજારની વસ્તી ધરાવતું પૂરી જીલ્લાનું દરિયાકિનારા નું એક નાનું ગામછે. પરંતુ ત્યાંના ભવ્ય સુર્ય મંદિરને લીધે તે વિશ્વ વિખ્યાત થયું છે. કોણાર્ક નું સુર્ય મંદિર હાલ તો જીર્ણ અવસ્થામાં ખંડેર થયેલું છે અને પુરાતત્વ વિભાગ પાસે છે. પણ તે વર્લ્ડ હેરીટેજ સાઈટ તરીકે સંરક્ષિત ઐતિહાસીક વિરાસત તરીકે જાહેર કરવામાં આવી છે. ટાઈમ્સ ઓફ ઈન્ડિયા દ્વારા તેમજ એન.ડી.ટી.વી. દ્વારા પણ સેવન વન્ડર્સ ઓફ ઈન્ડિયા તરીકેનું સ્મારક જાહેર કરવામાં આવ્યું છે. કોણાર્ક નું સૂર્ય મંદિર માનવ જીવન, ધર્મ, શિલ્પ સ્થાપત્ય, કળા, વૈદિક, સંસ્કૃતિ, ઈતિહાસ અને પુરાણોના અભ્યાસ માટે અખૂટ ખજાનો છે. તેનો એક એક પથ્થર તેના ભવ્ય ઈતિહાસની સાક્ષી પૂરે છે. દરિયા થી માત્ર ચારેક કિ.મી. દૂર આવેલું આ મંદિર યુરોપ અને મધ્ય પૂર્વ એશિયા ના ભારત આવતા વ્યાપારી નાવિકો માટે બ્લેક પેગોડા કહેવાતું. જ્યારે પૂરી નું જગન્નાથનું મંદિર વ્હાઈટ પેગોડા તરીકે પ્રખ્યાત હતું.

કોણાર્ક એ સંસ્કૃત શબ્દ છે અને તે બે શબ્દો નો બનેલો છે. કોણ એટલે ખૂણો અને અર્ક એટલે સૂર્ય. જગન્નાથ પૂરી, ભૂવનેશ્વર કોણાર્ક દ્વારા બનતા ત્રિકોણ ગોલ્ડન ટ્રાયેન્ગલ કહેવાય છે અને આ ત્રિકોણના ખૂણામાં પ્રવેશતા સૂર્યના કિરણોને અર્પિત થયેલું આ મંદિર કોણાર્ક કહેવાયું છે એમમાનવામાં આવે છે. અલબત કોણાર્ક નામમાટે પણ અનેક ઐતિહાસિક મત મતાંતર પ્રવર્તે છે. એવું પણ વિદ્વાનો દ્વારા માનવું છે કે અર્ક નામના રાક્ષસ નો ભગવાન સૂર્ય દેવે સંહાર કર્યો હોવાથી કોણાર્ક કહેવાયું. કોણાર્ક નું સૂર્ય મંદિર પૂર્વાભિમુખ છે અને સૂર્યના પ્રથમ કિરણો મંદિરના ગર્ભ-દ્વાર મારફ્ત સીધા દેવાશ્યાન પર પડે એવી રચના કરવામાં આવી છે. ઈતિહાસ ની કડીઓ તપાસતાં એવું જાણવા મળે છે કે આ સૂર્ય મંદિર રાજા અનંગ ભીમદેવ ને પુત્ર રત્ન પ્રાપ્ત થવાથી તેની સૂર્ય ઉપાષક પત્ની ને સૂર્ય મંદિર સ્થાપવા ની ઈચ્છા થઈ હતી. તેથી તેનો પ્રતાપી પુત્ર રાજા લાન્ગુલા નરસિંહ દેવે ૧૨૪૬ માં આ સૂર્ય મંદિરનું નિર્માણ શરૂ કરાવ્યું હતું. ૧૨૦૦ કારીગરો અને શિલ્પીઓ દ્વારા આ મંદિર બંધાતા ૧૨ વર્ષ લાગ્યા હતાં. મંદિર નિર્માણ ખર્ચમાં રાજ્યની બાર વર્ષ ની મહેસુલી આવકનો ખર્ચ થયો હતો. જે વખતે ૨૦,૦૦૦ કિલોગ્રામ સોના ની કીમત બરાબર થતી હતી. રાજ્ય ની તિજોરી આ મંદિર બાંધવા પાછળ તળિયા જાટક થઈ ગઈ હતી. મંદિર નિર્માણ ની પ્રક્રિયા માં પણ રસપ્રદ અને રહસ્યમય વાતો સંકળાયેલી છે જેની અત્રે ચર્ચા કરવી મુશ્કેલ છે.

હવે આપણે મંદિરમાં શું જોવાનું છે તેની વાત કરીએ. કોણાર્કનું સૂર્ય મંદિર કલિંગ શૈલીના સ્થાપત્ય થી નિર્માણ પામેલું છે. તેનો ઘણો હિસ્સો જીર્ણ શીર્ણ થયેલો છે તેમ છતાં જે બચી ગયેલો ભાગ છે તેમાં મંદિર ની ભવ્યતા કલ્પના કરવા માટે પૂરતો છે. ભારતીય કળા અને સ્થાપત્યના નિષ્ણાત ઈતિહાસકાર પર્સી બ્રાઉનનાં મંતવ્ય મુજબ જો યુરોપિયન પ્રવાસીઓએ તાજ મહેલ જોવાને બદલે કોણાર્ક નું સૂર્ય મંદિર જોયું હોત તો વિશ્વ ની સાત અજાયબીઓ મા તાજ મહેલ ને બદલે કોણાર્ક નું સૂર્ય મંદિર જરૂર રહેત... આપણી પુરાણકાલીન કલ્પના એવી છે કે ભગવાન સવિતા નારાયણ હંમેશા સાત દોડતા ઘોડા ના રથ ઉપર સવાર થઈને આકાશ માં ઉડે છે. તેથી સમગ્ર મંદિર સૂર્ય નારાયણ સાત ઘોડા દ્વારા ચલાયમાન રથની થીમપરથી જેને ૯'૯'' વ્યાસ વાળા કુલ ૨૪ પૈડા ખેંચે છે. દરેક પૈડા ના સોળ સ્પોક છે. જેમાં ૮ સ્પોક જાડા અને ૮ પાતળા સ્પોક છે. પૈડા ની રીમ, સ્પોક અને હબ ઉપર ખુબજ અલંકૃત શૈલીનું કોતરામણ કરેલું છે. પાંદડા,

ફૂલો, વૃક્ષ લતાવેલીઓ, હાથીઓ, સૈનિકો, નર્તકીઓ, ગાંધર્વ કન્યાઓ, અપ્સરાઓ, સંગીતના સાધનો, હિરામાણેકના કાર્વિંગ ખુબ નયન રમ્ય છે. પૈડા ના હબ પર શ્રુંગાર દર્શન છે. કામોત્તાજક સ્ત્રીઓના કલાત્માક અવનવા વળાંકો અને ભાવ ભંગિમા સૌન્દર્ય દર્શન ની ચરમસીમા તરફ લઈ જાય છે. પ્લટેફોર્મ ની દરેક દિવાલો પર વિશિષ્ટ પ્રકારના સ્કલ્પચર અંકિત કરેલા છે. જેમાં નાગ કન્યા, મજુર દંપતી, શિકાર ખેલતા રાજવી, સાધુ મહાત્મા દ્વારા થતા ધાર્મિક અનુષ્ઠાન અને ફળ વેચતી ગ્રામીણ સ્ત્રીઓ. દરેક દરેક પથ્થર પરથી સૌંદર્ય નીતરે છે એવું કહેવામાં જરાપણ અતિશયોક્તિ નથી.



મંદિરના વિશાળ પ્લેટફોર્મ ઉપર સિંહાસન પર બિરાજમાન દુર્ગા માતા અને ભગવાન જગન્નાથ છે. મહારાજા દરબારીઓ સાથે પુજારી દ્વારા ધાર્મિક અનુષ્ઠાન કરાવે છે. આ સિવાય પણ કેટલાક એવા સ્કલ્પચર છે જે જાતીયતાને ઉત્તેજક અને શ્રુંગાર રસ થી પ્રચુર માત્રા થી ભરપુર છે. તે આપણી સામાન્ય સમજ બહાર છે. પ્લેટફોર્મ પર જવા માટે બંને બાજુ એ સીડીઓ આપેલી છે અને તેની બાજુ રથ ને ખેંચવા માટે સાત ખુબ જ અલંકૃત કરેલા ઘોડાઓ છે જે હવે બધા ખંડિત છે. ભગવત ગીતા માં ઉલ્લેખ કરાયેલ સાત સૂર્યના સાત ઘોડાના નામ આ પ્રમાણે છે - ગાયત્રી, ઉષ્નિક, અનુષ્ટુપ, બ્રીહાતી, પન્ગાતી, ત્રીસ્તુપ અને જાગતી

કોણાર્કનું સૂર્ય મંદિર માત્ર સુંદરતાનો ખજાનો છે એવું નથી. તેમાં વિજ્ઞાન અને સાંપ્રત સમાજનું દર્શન પણ છે. ૨૪ પૈડા વર્ષના ૨૪ પખવાડીયા દર્શાવે છે અને પૈડા ના સોળ સ્પોક રાત્રી દિવસ ના સોળ પ્રહર નિર્દેશ કરે છે. પૈડા ઉપર જ્યારે સૂર્યના કિરણો પડે છે ત્યારે તેના દ્વારા ઉત્પન્ન થતા પડછાયા પરથી કેટલો સમય થયો છે તેની ગણતરી કરી શકાય છે. તેથી મંદિર ના વ્હિલ સન ડાયલ ની ગરજ સારે છે.

નિજ મંદિર અથવા મુખ્ય મંદિર વિશાલ પ્લેટફોર્મ પર બનાવેલું છે અને તેમાં મુખ્ય દેવતા સૂર્યનારાયણ કે જેને ડઈટીં ડેટી કહે છે તે સંપૂર્ણ પણે ગાયબ છે. મુખ્ય મંદિર ની કેટલીક દિવાલો પણ તૂટી પડી છે. અલબત કેટલીક મૂર્તિઓ તૂટેલી જોઈ શકાય છે જે પાર્શ્વ દેવતાઓ ઓની હશે એવું માની શકાય. મુખ્ય દેવતા ને બિરાજવા માટે નું સિંહાસન જેવું જોઈ શકાય છે. તેના પરની કોતરણી ખૂબજ સુંદર છે. ખૂબ જ અલંકૃત દરવાજા, યુદ્ધ માટે ના શક્તિશાળી અને શણગાર રસ જેટલા ઘોડા અને હાથીઓ પણ ધ્યાન ખેંચે છે. તદુપરાંત અરુણ સ્તંભ, નટ મંદિર ભોગ શાળા ના ખંડેર જોવા મળે છે. મંદિર ના પરિસરમાં અન્ય મંદિરો પણ ઘણાં જોવા મળે છે જેમાં માયાદેવી અથવા છાયાદેવીના મંદિરો મુખ્ય છે. કોણાર્ક ના સૂર્ય મંદિરની મુલાકાત લીધા બાદ જે પ્રશ્નો અને રહસ્યો પેદા થાય છે તેની વાત કરીએ.

કોણાર્કના રથ-ચક્રનું શિલ્પ આજે પણ વિશ્વ શિલ્પના ઈતિહાસ માં બેનમુન સર્જન ગણાય છે. લગભગ દરેક દેશોએ તેની કળા સર્જનમાંથી પ્રેરણા લીધી છે. કોણાર્કના મંદિર શૃંગારિક શિલ્પ કદાચ વિશ્વ શિલ્પના ઈતિહાસ માં અભૂતપૂર્વ હશે. ઓરિસ્સા ની નૃત્યકળા સંસ્થાઓ અને રાજ્ય સરકાર તેના આ ભવ્ય વારસા ને અમર રાખવા ના હેતુ સર અખિલ ભારતીય શાસ્ત્રીય નૃત્ય સમારોહનું પ્રતિ વર્ષ ફેબ્રુઆરી માસ માં આયોજન કરે છે. આની પાછળ એક જ હેતું કે કોણાર્ક ની કળા અને સંસ્કૃતિ ના ભવ્ય વારસો જીવંત રાખવો. ભગવાન સવિતાનારાયણ વિશ્વ પર અસ્તિત્વ ધરાવતી તમામજીવ સૃષ્ટિ ના શક્તિ દાતા છે. તેને કારણે સૂર્ય પૂજા ભારત મા પુરાણ કાળથી પ્રચલિત છે સૂર્ય પૂજા માત્ર ભારતમાં પ્રચલિત હતી એવું નથી. ઈજીપ્ત અને ઈરાન મા પણ સૂર્ય પૂજન થતું અને સૂર્યના મંદિરો સ્થપાયાં હતાં.

આપણા ગુજરાત મા આવેલું મોઢેરાનું સૂર્યમંદિર પણ ખૂબજ સુંદર છે. તેની ફરી ક્યારેક વાત કરીશું.

**દિકરી**

**જે ઘરમાં દિકરી ન હોય તે ઘરનું આતિથ્ય ગમે તેટલું હર્યું ભર્યું હોય તો પતા અધૂરું લાગે.**

**'મા'**

**જેનો પ્રેમને ક્યારેય પાનખર ના નડે તેનું નામ 'મા'**

# જૂઠે જગ જીતાય !

- શાંતાબેન બારમેડા, અંજાર

આ પૃથ્વી, જળ, આકાશ, સૂર્ય, ચંદ્ર, તારા આ બધું આપણી નજર સમક્ષ છે. આપણે તેનો અનુભવ કરીયે છીએ. પૃથ્વી અને જળ માનવ જીવનને ધન, ધાન્ય અને પાણી આપે છે. સૂર્ય તાપ અને ચંદ્ર શિતાળતા આપે છે અને સત્યતાની અનૂભુતિ કરાવે છે કે આ બધું સત્યના આધારે ચાલે છે. પણ માનવ પાસે સત્યનો અભાવ છે. સતત જૂઠ ફેલાવી અને પોતાને સત્ય સાબીત કરતો માનવી પોતાનું સાત્વિક જીવન બદલી નાખે છે. આવી જ એક જુઠ સાબીત કરતી વાત કહું છું.

એક વખત રાજા નગર ચર્ચા જોવા માટે નીકળ્યા કે નગરની અંદર કોઈ દુઃખી નથી ને રોજના નિયમ પ્રમાણે રાજા અંધાર પછેડી ઓઢી ગલી ગલી ફરતા હતા ત્યાં તેને એક ઘરની અંદરથી વાત થતી સંભળાઈ. રાજા રોકાઈને એક બારીની આડે અંધારામાં ઉભા અને અંદર શું વાત થાય છે તે ધ્યાનથી સાંભળવા ઉભા રહ્યા હતા.

ત્યાં અંદરથી સ્ત્રીઓનો અવાજ સંભળાયો. સહેલીઓ નો અવાજ સ્પષ્ટ સંભળાતો હતો. વાતો કરતે કરતે એક સહેલી બોલી કે દુનિયામાં સૌથી મીઠી વસ્તુ કઈ છે. ? બધી સહેલીઓ વિચારવા લાગી. ત્યાં એક સહેલી બોલી મીઠી તો મીઠાઈ જ હોય. બીજી સહેલી બોલી 'શેરડી પણ મીઠી હોય છે.' તો કોઈ સહેલીએ ગોળ, સાકર મીઠા હોય તેવું કહ્યું.

સવાલ કરનારી સહેલી બોલી કે આ બધી વસ્તુ મીઠી ખરી પણ આનાથી પણ મીઠી વસ્તુ છે. અને એ છે ખોટું બોલવું. તમે તમારા જીવનમાં આનો અનુભવ કર્યો હશે. ગુનો છુપાવવા આપણે ખોટું બોલીએ છીએ. નાનો બાળક હોય કે વૃધ્ધ પણ આનાથી નથી બચી શકતું. બાળક પોતાના માતા, પિતા ગુરુ કે મિત્રો પાસે અને ઘરમાં મા, બેટી, સાસુ, વહુ, પતિ અને પત્ની સૌને પોત પોતાના બચાવ માટે ખોટુ બોલવું પડે છે. એની એક વાત.

કુરુક્ષેત્રના યુધ્ધ વખતે અશ્વત્થામાં નામનો હાથી મરી ગયો પણ પાંડવોએ જુઠું ફેલાવ્યું કે દ્રોણાચાર્યનો પુત્ર અશ્વત્થામા મરી ગયો. આ વાત દ્રોણાચાર્યને માનવામાં ન આવી એટલે ધર્મરાજા યુધિષ્ઠિર પાસે આવીને સત્ય જણાવવા કહ્યું. હવે જો સાચું બોલે તો યુધ્ધનું પરિણામ વિપરીત લાગતું હતું. તેથી તેને કહ્યું કે નર કે કુંજર, ખોટું તો બોલવું જ પડ્યું ભલેને સત્યવાદી કેમ ના હોય.

યુધિષ્ઠિરનો રથ સત્યના કારણે પૃથ્વીથી એક વેંત અધ્ધર ચાલતો. તે પટકાઈને પૃથ્વી પર આવી ગયો. માટે જ જુઠું બોલવું એ જ સૌથી મીઠી ચીજ કહો.

બધી સહેલીઓએ વાત સ્વીકારી પણ પેલો રાજા જે બારી પાછળ વાત સાંભળતો હતો તેને આશ્ચર્ય થયું. એને આખી રાત ઉંઘ ન આવી. બીજે દિવસે રાજસભામાં પ્રધાનને બોલાવી તેનો ખુલાસો માંગવા જણાવ્યું.

પેલી સવાલ પુછવાવાળી સહેલીએ છ મહિનાની મુદ્દત માંગી અને રાજકોશમાંથી પૈસાની મદદ માંગી. રાજા સહમત થયા અને જવાબની રાહ જોતા રહ્યા. છ મહિનાનો સમય પૂરો થવા આવ્યો. રાજાએ પ્રધાન દ્વારા કહેણ મોકલ્યું ત્યારે પેલી સહેલીએ કહ્યું કે ચાર દીવસ બાદ એક ધાર્મિક પર્વ આવે છે અને રાજા કુટુંબ પરિવાર સાથે અને ગામની બધી જ પ્રજા પર્વને દિવસે નવા મંદિરમાં દર્શને આવે ત્યારે જવાબ મળી જશે.

રાજાએ હા પાડી અને ગામમાં ઢંઢેરો પીટાવ્યો કે ગામની પૂર્વ દિશામાં એક મંદિર બંધાવ્યું છે એના દર્શન માટે બધાએ આવવાનું છે. તે પર્વને દિવસે રાજા અને પ્રજા સર્વે મંદિરનાં પ્રાંગણમાં એકઠા થયા. પેલી સહેલીએ બધાને જણાવ્યું કે એક એક કરીને મંદિરમાં જવાનું છે. દર્શનનો સમય થયો. રાજાને જવાબ માંગવા માટે છેલ્લે જવાનું કહ્યું અને ક્રમવાર એક એક મંદિરના દર્શન કરીને બહાર આવે ત્યારે રાજા સાંભળે તેમ દરેક વ્યક્તિને પુછવામાં આવ્યું કે મંદિર કેવું લાગ્યું ? બધાનો જવાબ મળતો 'સરસ'. મુર્તિ કેવી લાગી ? દરેકે દરેક કહ્યું ખૂબ સુંદર મૂર્તિ છે. એમ કહેતા જતા હતા. હવે રાજાનો પરિવાર, પ્રધાન, મંત્રીઓ, અધિકારી સર્વેનો જવાબ રાજાએ સાંભળ્યો.

હવે રાજાનો વારો હતો અને છેલ્લે રાજા મંદિરમાં પ્રવેશે છે. મંદિરનું બાંધકામ, ઘુમટ, દરવાજાની સુંદરતા નિહાળતા રાજા નિજ મંદિરમાં આવ્યા અને ત્યાં જૂએ છે. તો ત્યાં કોઈ પણ ભગવાન કે દેવી દેવતાની મૂર્તિ હતી જ નહિ, રાજાને આશ્ચર્ય થયું કે ગામની સર્વે પ્રજાએ તથા રાજ્યના બધા જ અધિકારી, રાણીઓ, દાસીઓ બધે એ મૂર્તિના વખાણ કર્યા. તો મૂર્તિ જ ન હતી. તો ખોટા વખાણ કર્યા ત્યારે રાજાએ કબુલ્યું કે ખોટું બોલવું જ સૌથી મીઠું છે. અને દુનિયામાં આ પણ હકીકત છે કે ચોર પકડાય પણ ખોટું બોલવાવાળો ન પકડાય.

જાણવા છતાં, તે પોતાના મતલબ સારું ખોટું બોલવું, તેમાં જુઠમાં મીઠાસ જરૂર છે અને સત્યમાં કડવાશ છે.

આ જમાનામાં હરીશ્ચંદ્ર મળવો મુશ્કેલ નહી પણ અસંભવ છે.

**ઈશ્વર કોઈને જુદા પાડતો નથી આપણી હોંશિયારી જ દરેકને જૂદા પાડે છે.**

# કચ્છના પૂર્વ કાંઠાનું પવિત્ર સ્થળ મા - રવેચી (રવ)

**જયંતગીરી પી. ગોસ્વામી - ભુજ**



કચ્છના રાજવીઓની જે ધામપર અપાર શ્રદ્ધા રહી છે અને રાજધુરા ધારણ કરતાં સર્વ પ્રથમ જેના દર્શને આવવાની કચ્છના રાજવીઓની પ્રથા રહી છે. એવાં માતા રવેચીનું સ્થાનક રાપર તાલુકામાં આવેલ છે.

કહેવાય છે કે સમા બાવનીના પૌત્ર અને સાંગ ભડના પુત્રને માતાજીનો જાડો નંખાવ્યો અને આશીર્વાદ પ્રાપ્ત કરાવ્યા. એ જાડાથી બચેલા જાડેજાઓમાંના દેદાઓને મા રવેચીને પૂજવાનો આદેશ મળેલો.

પાંડવોએ પોતાના વનવાસ દરમ્યાનનો એક વર્ષનો અજ્ઞાતવાસ કચ્છની આ વાગડભૂમિમાં ગાળેલો અને સૌ પ્રથમ આ રવેચીજીનું મંદિર તેમણે બંધાવેલું એવી પૌરાણિક કથા છે.

આ પ્રાચીન મંદિરની કોતરણી, કલાકારીગરી અને ઘુમ્મટો દર્શનાર્થીઓને મુગ્ધ કરતા. આ મંદિરને બાબીઓએ તોડી પાડ્યું. તે પછી અણહિલપુર પાટણના રાજવી પ્રતિનિધિ માલદેવજીના સમયમાં આ મંદિરના સ્થાને નવું મંદિર સંવત ૧૩૨૮ માં બાંધવામાં આવ્યું. એ મંદિર પણ જીર્ણ થતાં પાંચસો એક વર્ષના ગાળા બાદ, સંવત ૧૮૭૮ના વર્ષમાં ફરીથી માતાજી શામબાઈમા ગિરિજીના હસ્તે ૨૬૦૦૦ કોરીના ખર્ચે આ મંદિર નું નિર્માણ થયું.

મંદિરની આસપાસના શિલાલેખો પરથી આ હકીકતો જણાય છે. શ્રી રવેચી માતાજીની મંદિરના બારણાની પશ્ચિમતરફે, તળાવનાં પગથિયાંની ઉત્તરે ખૂણામાં નાના ઓટલા પર આ પ્રમાણે લેખ છે :

''સંવત ૧૩૨૮ વર્ષ શ્રાવણ સુદી બે, શુક્રે અધ્યહ
શ્રીમદઅણ-હલપાટકાધિષ્ઠત સમસ્ત રાજા વલી
સમલકૃત મહારાજાધિરાજ
શ્રીમદર્જુનદેવ કલ્યાણ વિજયરાજયેતન્નિયુક્ત
મહામાત્ય શ્રી માલદેવે
શ્રી શ્રી કરણાદિસમસ્ત યુધાત્યાપારાન્
પરિપથયતિ સતીસ્યેવંકાલે
પ્રવર્તમાને ધ્રુતઘટયાં મંડલકરણપ્રતિબદ્ધ રવ
ગ્રામિદેવીશ્રી રવેચી
પાદાનામપુરતો ધાંધણિયા ક્ષત્રાય બાઈ
થરીયાસુત રવિસિહેન
આત્મશ્રેયોર્થમચાપિ કારા
પિતાકારાયનેદત્તા,
ટઃ ૨૬૦૦૦. શુભમભવતું !''

પુનઃનિર્માણ અંગેની માહિતી આપતો શિલાલેખ આ પ્રમાણે છે.

''સંવત ૧૮૭૮ના ભાદરવા વિદ ૨ શુક્ર...... નું ચણાવેલ છે. માસ ૨૮ પુરું થયું છે. કોરી ૨૬૦૦૦ રાજાત થઈ છે. સાહેબ જાડેજા શ્રી ભીમાજી અભેસંગજીની વારમાં થયેલ છે.
જાડેજાતેપાપુજી તા. મુમાયા.....''

માતા શામબાઈના ઘણા પરચાઓ વિષે અહીંની પ્રજામાં કિંવદંતીઓ પ્રચલિત છે. કચ્છના રાવ દેશળજી બીજાને અહીં રહીને ઘણા દૈવી અનુભવો થયેલા. તેમની સાથેના માતા-પુત્રને પૂર્વજન્મનો સંબંધ પણ મા શામબાઈએ યાદ કરાવી આપેલો એવું પણ કહેવાય છે.

રવેચી માતાની દૈવી શક્તિની અનેક કથાઓ લોકજીભે છે. માતા ખુદ, પોતાના ભૂવા, પૂજારી સાથે વાતો કરતાં. કચ્છના મહાન દાતાર જગડૂશાનાં વહાણો મધદરિયે તોફાનમાં સપડાયેલાં ત્યારે માતાજી પૂજારી સાથે ચોપાટ રમતાં હતાં. માતાજીએ ''વાત વધુ પછી પૂછજો'' કહીને એ વહાણો બચાવ્યાં. પણ ચોપાટ ઢાળતાં માતાજીના ચૂડામાંથી પાણી ઝર્યું : એ જોઈ, પુજારીએ પૂછ્યું, '' શું વાત છે ? મારા કરતાં પણ કોઈ મોટો આપનો ભક્ત છે ખરો ?'' ત્યારે રવેચીમાએ એ દ્રશ્ય આખે આખું બતાવી, તેને ખાતરી કરાવી આપી. પરંતુ પોતાનાં વચન પર અવિશ્વાસ રાખવાને કારણે માએ ત્યારબાદ પુજારીને દર્શન આપવાનું બંધ કર્યું.

કચ્છના કોરાભઠ અને અફાટ રણને રોકીને બેઠેલાં હોય એવા સપાટ પ્રદેશને મા રવેચીએ તેની આસપાસનાં ગામોને જાણે આશિષ આપ્યા હોય તેમ, અનેક સ્થળોએ ઉત્તરના પવનો અને ગ્રીષ્મની બળબળતી લૂ અસહનીય બને છે. પણ અહીં માતાજીના સ્થાનકની આસપાસ રવ, ત્રંબૌ, જેસડા વગેરેમાં ઉત્તરનાં ઠંડા પવનો કે ગ્રિષ્મની બળબળતી લૂની અસર થતી નથી.

આશરે પચાસેક ફૂટની ઊંચાઈ અને ચારેક ફૂટ

ઊંચા પડથાર પર બાંધેલ આ શિખરબંધ મંદિરની વચ્ચે શ્રી રવેચી માતાજીની સ્વયંભૂ ગણાતી મૂર્તિ બિરાજમાન છે. મૂર્તિની પશ્ચિમબાજુએ મહામાયા મોમાય તથા ખોડિયાર તેમજ આશાપુરા માતાજીની મૂર્તિઓ અનુક્રમે બિરાજે છે. જમણી તરફ માતા શામબાઈની મૂર્તિ છે. તેની બાજુમાં વીસ ભુજાઓવાળાં રવરાયજીની પ્રતિમા તેમજ ખેતરપાળદાદા છે.

શ્રી રવરાયજીએ રવના ઠાકોરોના મૂળ પુરૂષ મૂળવાજી જાડેજાને રવનું રાજ્ય અપાવેલું. તેની યાદમાં એમની મૂર્તિની પધરામણી કરવામાં આવેલ છે. રાવ દેવજીપીરની મૂર્તિ પણ અહીં સ્થાપેલી છે. આ ઉપરાંત સામેની બાજુએ નકલંકી અશ્વની પ્રતિમા પણ આવેલી છે. મંદિરની બાજુમાં આવેલી છતરડીમાં ભૈરવજીનું સ્થાનક છે. જે અગાઉ અહીં પણ બલિ ચડાવવાની પ્રથા હતી તે લોકવાયકાનો આધાર સૂચવે છે. બહારના ચોકમાં શિવમંદિર પરિશરમાં અનેક સમાધિઓ, શૂરા-સતિના પાળિયા છે. હનુમાનજી, ગણેશજી, શીતળામાતા વગેરે દેવ દેવીઓની પણ મૂર્તિઓ સ્થાપેલી છે.

હનુમાનજીની દહેરી પાસેના ખાંચામાંના પાળિયામાં સંવત ૧૭૭૪ અને જાડેજા કહિવાજીનો નામોલ્લેખ છે જ્યારે, ગૌશાળાની બહારની દિવાલ પાસે સતીમા તથા એક પુરૂષના પાળિયામાં સંવત ૧૭૭૫ની સાલનો ઉલ્લેખ છે અને પરમારનું નામવંચાય છે. કહિયાજીના સમયનો જ બીજો એક પાળિયો રવેચી માતાજીના મંદિરથી દૂર ગોચરની જગ્યામાં એક મીઠી ઝારના ઝારા નીચે છે. - જેમાં બે ગાયોનાં શિલ્પ નીચે આ પ્રમાણે લખાણ વંચાય છે :

''સંવત ૧૭૪૩ વ..... મહાવદ ૧૨ દને અણનું
ગૌચર જાડેજા શ્રી કહિયાજીની વારઃ ૨ ઓલી આવા...''

પછીનું લખાણ ઊકલતું નથી.

માતા રવેચીના મંદિર પર ભાદરવા સુદ અષ્ટમીને દિવસે મોટો મેળો ભરાય છે. અને વાગડ વિસ્તારનો વિવિધરંગી લોકસમાજ તો ઊમટે જ છે. તે ઉપરાંત સમગ્ર કચ્છમાંથી પણ ભક્તો આ મેળામાં માતાનાં દર્શને આવે છે. અહીંની આસપાસની લીલીકુંજાર ઝાડીઓમાં કલરવ કરતાં વિવિધ પક્ષીઓ તેમજ કળાયેલ મોરને જોતાં મન તાજગી અને પ્રસન્નતાનો અનુભવ કરે છે.

● મહત્વ : પ્રસિદ્ધ યાત્રાધામ, શિયાળામાં ઉત્તરનો ઠંડો પવન અને ઉનાળાની લૂ નથી વાતાં.

● જોવાલાયક સ્થળો : મંદિર, તળાવ, અસંખ્ય મોર, કુંજપક્ષી, રણ.

● અંતર : ભુજથી ૧૫૫ કિ.મી., રાપરથી ૧૬ કિ.મી.

● અન્ય વિગત : રહેવા-જમવાની સગવડ છે.

સૌજન્ય :- લેખકના પુસ્તક કચ્છનો
ટુંક પ્રવાસમાંથી સાભાર

## 'ખુશ્બુ ગુજરાત કી' પ્રવાસન-ઉડ્ડયનના કોર્સ શરૂ કરાશે.

સુપર સ્ટાર અભિતાભ બચ્ચનની 'ખુશ્બુ ગુજરાત કી' શ્રેણી બાદ રાજ્યમાં પ્રવાસન ઉદ્યોગના વ્યાપમાં વધારો થયો છે એમસરકાર માની રહી છે અને એટલે આવા પ્રવાસન સ્થળે આતિથ્ય તથા ઉડ્ડયન સેવાઓમાં સ્થાનિક યુવાનોને સામેલ કરીતે તેમને રોજગારી પૂરી પાડવના હેતુસર રાજ્ય સરકારે પ્રવાસન અને ઉડ્ડયન અંગેના અભ્યાસક્રમો માટે વિવિધ સંસ્થાઓને અનુદાન આપવાનો નિર્ણય કર્યો છે. રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રિય કક્ષાએ કાર્યરત એવા ઉદ્યોગ ગૃહોના નોન પ્રોફિટેબલ સંગઠનો ઉપરાંત સરકારી, અર્ધ સરકારી, યુજીસી, એઆઈસીટીઈ, ગ્રાન્ટેબલ, નોન ગ્રાન્ટેબલ સરકાર માન્ય સંસ્થાના માધ્યમથી આવા અભ્યાસક્રમો શરૂ કરી શકાશે.

રાજ્ય સરકાર માને છે કે, ગુજરાત પાસે ૪૫૦૦ વર્ષથી વધુ સમયનો ભવ્ય ઈતિહાસ છે ત્યારે આવા પ્રવાસન સ્થળો વિશે પૂર્ણતઃ માહિતગાર કરવા તથા આતિથ્યને પ્રબળ બનાવવા હેતુસર સ્થાનિક કક્ષાએ લોકોને પ્રવાસન અને આતિથ્ય સંબંધી વ્યવસાયલક્ષી વિવિધ અભ્યાસક્રમો મોડ્યુલોની લાંબા-ટૂંકા ગાળાની તાલીમ આપવી જરૂરી છે. પ્રવાસન અને આતિથ્ય અભ્યાસક્રમો શરૂ કરવા અનુદાન આપવા અંગે ૩૦ મી માર્ચ, ૨૦૧૪માં વહીવટી મંજૂરી આપવામાં આવી હતી પણ તેનો અમલ ૫મી ફેબ્રુઆરી, ૨૦૧૫થી શરૂ થયો છે.

આ યોજનાનો જવાબદારી પ્રવાસન નિગમને સોંપવામાં આવી છે. આવા તાલીમી અભ્યાસક્રમો, એસેસમેન્ટ અને સર્ટિફિકેશનનું માળખું પણ પ્રવાસન નિગત નક્કી કરશે તથા તે માટે અલગથી વિભાગની મંજૂરી મેળવી લેશે. જોકે, ખ્યાતનામઔદ્યોગિક ગૃહોની નોન પ્રોફિટેબલ સંસ્થાઓ આવા અભ્યાસક્રમો શરૂ કરવા ઈચ્છતી હશે તો પ્રવાસન નિગમ પહેલા તેમની સાથે એમઓયુ (સમજૂતી કરાર) કરશે તથા તે પ્રક્રિયા પૂરી કર્યા બાદ જ અભ્યાસક્રમો શરૂ કરી શકાશે. તેઓ એક બેચમાં વધુમાં વધુ ૩૦ તાલીમાર્થીઓને પ્રવેશ આપી શકશે. જે તે તાલીમઆપતી સંસ્થાઓને ક્યા પ્રકારના અભ્યાસક્રમો માટે કેટલું અનુદાન મળવું જોઈએ તે બાબતો અગાઉથી નક્કી કરી લેવાશે. જો કે, તેમાં તાલીમ સાહિત્ય, અભ્યાસક્રમોને આનુસાંગિક જરૂરી પ્રવાસ, ગણવેશ, ફેકલ્ટીનું મહેનતાણું, પ્રચાર-પ્રસાર, પરીક્ષા, સર્ટિફિકેશન, લોજીંગ-બોર્ડીંગ, તાલીમ ફી, ટુલ કીટ, વહીવટી ખર્ચ અને અન્ય પરચૂરણ ખર્ચ જેવા મુદ્દાઓને ધ્યાનમાં જરૂર લેવાશે.

### તાલીમાર્થી પાસેથી ફી વસૂલનારી સંસ્થાની મંજૂરી રદ કરાશે.

રાજ્ય સરકાર દ્વારા સંસ્થાઓને અભ્યાસક્રમો માટે નક્કી કર્યા મુજબ અનુદાન અપાશે પરંતુ એવી ખાસ જોગવાઈ કરવામાં આવી છે કે, તાલીમાર્થી સંસ્થા કોઈપણ તાલીમાર્થી પાસેથી કોઈપણ પ્રકારની ફી વસૂલી શકશે નહીં. જો આ પ્રકારની કોઈ બાબત ગમે ત્યારે સરકારના ધ્યાનમાં આવશે તો સંસ્થાની મંજૂરી રદ કરવામાં આવશે.

- સુધા એ. બુધ્ધભટ્ટી, ભુજ

બહેનો આપણે સૌ જાણીએ છીએ કે પંજાબી શાક સામાન્ય શાક કરતા સ્વાદમાં તેમજ પૌષ્ટીકતાની દૃષ્ટિએ વિશેષ હોય છે. તેમાં મુખ્યત્વે દરેક શાકભાજી, પનીર, ક્રીમ, ફ્રુટસ, ડ્રાયફ્રૂડ, કોપરાની છીઠા, ચીઝ, કોર્નફ્લોર તેમજ પંજાબી શાકના મસાલો વિશેષ વપરાય છે. તો ચાલો આપણે પણ પંજાબી શાક - બનાવતા તેના મસાલા વિશેની માહિતી મેળવીએ.

## પંજાબી શાકનો મસાલો

સામગ્રી :-

૨ સ્પૂન આખા ધાણા, ૨ સ્પૂન જીરૂ, ૫ થી ૬ તજના ટુકડા, ૮ થી ૧૦ લવિંગ, ૮ લાલ આખા મરચા, ૬ થી ૭ પાન તમાલપત્ર, ૨ સ્પૂન બાદીયાના ફુલ, ૨ ટી સ્પૂન એલચી, ૨ ટી. સ્પૂન પીસેબી ચારોળી, ૧ ટી. સ્પૂન ખસખસ, ૨ ટે. સ્પૂન વરીયાળી (પ્રમાણસર) ૨ ટી. સ્પૂન તેલ.

બનાવવાની રીત :-

એક કડાઈમાં તેલ મૂકી ઉપરની દરેક વસ્તુઓ (ચારોળી સિવાય) ગુલાબ રંગની ધીમા તાપે શેકવી, ઠંડી પડે મિક્સરમાં પીસવી.



## રોયલ મલાઈ કોફ્તા

સામગ્રી :-

૧ કિલો બટેટા, ૨૦૦ ગ્રામટામેટાં, ૧ ડુંગળી, ૧ ટી.સ્પૂન, આદુ, મરચા, કોથમીરની પેસ્ટ, ૨ ટી. સ્પૂન મેંદો, ૧ વાડકી મલાઈ, પ્રમાણસર પંજાબી મસાલો, ૨ ટી. સ્પૂન કોપરાનું ખમણ, ૧૦ ટુકડા કાજુ, ૧૫ થી ૨૦ નંગ કિસમીસ ૧ ટી. સ્પૂન ખસખસ, ચારોળી, જાવેત્રી કેસર એજન્સી, મીઠું, મરચું લીંબુ તળવા માટે તેલ ૧ ટે. સ્પૂન ઘી.

બનાવવાની રીત :- (કોફ્તા)

સૌ પ્રથમબટેટાને બાફી ખમણી તેમાં મીઠુંપીસેલું જીરૂ, મેંદો, નાખી માવો બનાવવો ત્યારબાદ થોડી મલાઈમાં ઉપરોક્ત ડ્રાય ફ્રુટ્સ તેમજ કોપરાનું ખમણ મીક્ષ કરી ક્ષ ટીપુ કેસર એસેન્સ નાખી મીક્ષ તૈયાર કરવું બટેટાનો લુઓ લઈ વચ્ચે ડ્રાયફ્રૂટનો મિશ્રણ તેમાં ભરી કોફ્તા તૈયાર કરી ફાસ્ટ તાપે તેલમાં તળી તુરંત બહાર કાઢી ઠંડા પાડવા.

ત્યારબાદ ગ્રેવી માટે સૌ પ્રથમઘીમાં શાકનો મસાલો, આદુ-મરચાની પેસ્ટ, કોપરાની છીણ તેમજ ડુંગળી નાખી સાંભળવું, ત્યારબાદ ટામેટાની ગ્રેવી મલાઈ, મીઠું મરચું નાખી ગ્રેવી તૈયાર કરવી.

સર્વ કરતી વખતે બાઉલમાં સૌ પ્રથમકોફ્તા ગોઠવી તેના પર ગ્રેવી નાખવી અને છેલ્લે મલાઈ તેમજ કોથમીર છોટી પીરસવું. આ કોફ્તા ગરમ પીરસવા. સ્વાદમાં ખૂબ જ ટેસ્ટી લાગે છે.

## દૂધી કોફ્તા

સામગ્રી :-

૩૦૦ ગ્રામદુધી, ૧૫૦ ગ્રામમેંદો ૧ વાટકી સુકા લીલા વટાણા, ૨૫૦ ગ્રામટામેટા, ૫૦ ગ્રામઆદુ મરચા ધાણા (કોથમીર)ની પેસ્ટ, ૧ કાંદો, ૪ થી ૫ કળી લસણ, ૧-૧/૨ સ્પૂન (પ્રમાણસર) પંજાબી શાકનો મસાલો. ૧૫૦ ગ્રામચણાનો લોટ.

બનાવવાની રીત :-

દુધીને છાલ સહિત ખમણી પ્રમાણસર મીઠું નાખી તેમાં ચણાનો લોટ, આદુ મરચાની પેસ્ટ, લીંબુ ગરમમસાલો નાખી કોફ્તા વાળી મેંદાનના ખીરામાં બોળી ગરમતેલમાં તળવા.

ત્યારબાદ કડાઈમાં ઘી-તેલ ગરમકરી તેમાં હીંગ, ખમણેલું કાંદો, તેમજ લસણની જીણી સમારેલી કળી સાંતળતી, આદુ-મરચાં, કોથમીરની પેસ્ટ, મરચું, મીઠું, બાફેલા નીલા વટાણા, ટામેટાની ગ્રેવી લીબું વગેરે મીક્ષ કરી ગરમકરવું. ત્યારબાદ કોફ્તાને ગ્રેવીમાં નાખી પીરસવા પીરસતી વખતે ટામેટાના ટુકડા, થોડું પનીર(ખમણેલું) કોથમીર છોટી પીરસવું.

## નરગીસ કોફ્તા

સામગ્રી :-

૪ નંગ બટેટા, ૨ લીબું, ૧૦૦ ગ્રામલીલા વટાણા, ૧૦૦ ગ્રામઆદુ-મરચા કોથમીરની પેસ્ટ, ૨૦૦ ગ્રામટામેટા, ૨ ટી.સ્પૂન પંજાબી મસાલો, ૨ સ્પૂન મેંદો અથવા કોર્નફ્લોર, ખાંડ, ૧૦૦ ગ્રામપનીર

બનાવવાની રીત :-

સૌ પ્રથમબાફેલા બટેટા, વટાણા, મીઠું, લીંબુ, ખાંડ નાખી મીક્ષ કરી કોફ્તા બનાવવા. ત્યારબાદ ટામેટા, વટાણા, પનીર તેમજ અન્ય મસાલા નાખી ગ્રેવી બનાવવી. પીરસતી વખતે કોફ્તા ગ્રેવીમાં નાખી આ શાક ગરમાગરમપીરસવું ઉપર ખમણેલા પનીર તેમજ કોથમીર આ શાક ગરમાગરમપીરસવું ઉપર ખમણેલા પનીર તેમજ કોથમીર છોલવી.

- સંકલીત

## પગલાં

રાહ જોતી વિરહી ની આંખો માં...
મેઘ ની મેરહ નિહારતી ચાતકો ની ચાંચોમાં...
વર્તમાન ની બારીએથી ભવિષ્ય ની છબિઓમાં...
ચાલ, શોધીએ આશોઓ પંથ પર એ કોતરાયેલાં પગલાં...
કાંચના સંબંધોથી સચવાયેલાં સમય માં...
હુંફ ની રેતીઓથી ભરાયેલાં વચનમાં...
પ્રેમનાં પાણી થી સિંચાયેલાં સંબંધમાં...
ચાલ, શોધીએ સાચો સાથ મળે એવા સાચા સંગીના પગલાં...
ખેલતી-કુદતી પાણીની ધારથી ઘેરાયેલા છીપમાં...
નદીઓના પાણીથી મળેલ સાગરના હૃદયમાં...
રવે સ્નેહ-ટીપુ મેળવતાં પુષ્યના પરાગરજમાં...
ચાલ, શોધીએ મિલાપના રંગભર્યા રંગોના પગલાં...

- ઉદય કંસારા(નખત્રાણા)

## ભગવાન સૌનું ભલું કરે.....

એ દિવસો પણ જતા રહેશે
યાદોને વાગોળિયે તો કંઈક કહેતા રહેશે
બચપણ ગયું અલ્લડપણમાં
યુવાની થઈ સ્વચ્છંદી
આધેડ ગયું સેવામાં
અને બુઢાપો પસ્તાવામાં
બાકી બચ્યા છે તો માત્ર વિચારો
જે સમયના વહેણમાં વહેતા રહેશે

શરૂ કર્યું જીવન જ્યારે
સાથી સંગી સૌ વહારે
આજે સાથી સગાં વ્હાલાં
ભૂલી ગયા સમય ધારે

જરૂરત ખરી જ્યારે રહી
બહાના બનાવી નાસ્તા ફરે
સ્વાર્થ ખરો છે આ દુનિયામાં

સેવાનું તો છે નાટક
ગરજ સરી તો વૈદ્ય વેરી છે,
લાભ હોય ત્યાં એ જુઠા પોતે
બીજા ને જુઠા ઠરાવશે
પરંતુ આમછતાં ભગવાન સૌનું ભલું કરે
સહુ ફુલે ફાલે સુખી રહે આશીર્વાદ અમારા છે

**સ્વ. ચંદ્રકાન્ત કેશવજી ખેડબ્રહ્માવાળા**

## એક વૃક્ષ

તપસ્વીઓ એ ઉર્વર ભૂ બનાવી
બીજ રોપ્યાં વેદજ્ઞ ઋષિએ
ઉભું થયું વટ વૃક્ષ
ભારત વર્ષ

શાખા વિવિધ પ્રાંતોની
પુષ્પ ભાષા વિવિધ નાં
રહ્યું મહેકતું કંટકો માં
સમર્થ ભારત વર્ષ

પર્ણો જેવા વર્ણો
પણ સંસ્કૃતિ એક અક્ષુણ્ણ
સતત ફિરંગી કનડગત
અડીખમભારત વર્ષ

પ્રથા, રિવાજ પરંપરા ડાળખીઓ,
ઉત્સવ પર્વના વાયરા,
વિવિધ પંથો - ઈન્દ્રધનુષ સમ,
પ્રેમાળ ભારતવર્ષ

મહાદેવ, મહાવીર, બોધિસત્વ
બન્યા જગ આરાધ્ય
ઉપનિષદ અમૃત ને પામી.
ઉતિષ્ઠ ભારત વર્ષ

મહાશક્તિ થતું ક્રમશઃ
નવો યુગ પોકારતો
હવે શાસન સ્ફટિક સમ છે
સ્વચ્છ ભારત વર્ષ

**- ભાણજી ચુનિલાલ સોની**
**નાગપુર**

## "માં"


બોલતા શીખી ત્યારે મારે, પહેલો શબ્દ હતો "માં"
સાઈકલ પરથી પડી તો રડી ને બોલી "માં"
ભાઈથી જગડીને કહેતી "મારી એકલીની માં"
કોલેજથી ફરવા જવું હોય તો કહેતી "પ્લીઝ માં"
પપ્પા ગુસ્સો કરતા ત્યારે કહેતી "જો ને માં"
સાસરે ગઈ ત્યાર. યાદ આવતી "હંમેશા માં"
સંસારિક મુંઝવણ થી ઘેરાતી તો મનમાં કહ્યું "હવે શું થશે માં"
પણ તે હંમેશા હિમ્મત આપીને કહેતી "ખમ્મા ખમ્મા"
આજે દિલ ખોલીને કહેવા માંગું છું "ઓરે માં"
ક્યારેય ભુલથી પણ તારું દિલ દુભાવ્યું હોય તો કહુ છું. "માફ કરજે માં"
જીંદગીની આખરી ખ્વાઈશ રહેશે કે દર જન્મ મા બને "તુજ મારી માં"

હની કમલેશકુમાર કટ્ટા

This is the corner for those who have an urge to say or share somthing, but are not well-versed in Gujarat language.

Youth of today has many NET-WORTHY tools to tell or transmit information. They have a faceless face book which is unable to understand one's feelings. SMS is nothing but 'Serve My Self'. The TWIT instantly QUITS. These tools appeal intellect but ignore emotions. so, Why not try SETU. The magazine that can make your message rived and meaningful.

Come and share your 'expressions' in this Corner. Cornerit well.



**Corner it Well**

We commence this column 'youth corner' with a beautiful poem by miss Brinda Pallavbhai Kansara. Brinda studies for Graduation in Electrical engineering in Saurastra. She has won first prize for this poem in inter college competition. The Poem has lovely Rhythem and Rhyme. The poem conveys a message that one not to loose heart under odd circumstances. sun rise follows the dark night and a depressed flower blossoms again. So is the Hope that can born again for the determined Souls.

## Hope Is Born Again

One Rainy Night
When nothing was right
Walking a muddy road
I got bored

Sitting down the tree
My mind wandering free
Crying down the slope
For all the broken hope

No more of crying
None of the shying
Determined I walk
No hopes to talk
On the midway

A little flower lay
Trying hard to bloom
Though the sky was gloom
A little peck of sunlight
Was showered little bright

On the little flower
Like God to His lover
The ray was hope
Which Little Flower grope

Bloomed with all the might
With the little light
That was it when
My hope was born again

- Brinda Kansara

If You like this poem, compliment the poet and wish her happy birth day that has just gone last month (March 15th) the month that celebrates "World Poetry Day".

- Chief Editor




Ms. Poorvi Kansara daughter of shree Pareshbhai Hansarajbhai Kansara (New Delhi) has been awarded Merit Scholarship in the first year of M.Tech.(Information Technology- Net Working) by school of Information Technology and Engeneering of Vit university valor, For her academic Performance.

Setu-Parivar heartly Congratulate Ms. Poorvi for her achivements.

# અતિતનાં અજવાળાં - સંકલિત

આ અંકથી આપણા સમાજની કેટલીક મહત્ત્વની જ્ઞાતિ ગૌરવ વધારે તેવી બાબતોના સંશોધન પ્રસ્તુતિ પ્રયાસ થશે. આની સર્વ પ્રથમ કડીમાં પ્રસ્તૃત છે, સાઠના દાયકામાં ભુજ જ્ઞાતિ યુવા મંડળ સંચાલીત હસ્ત લિખિત મુખપત્ર 'સાગર' ના વિદ્યાર્થી અંક માં પ્રસ્તુત પ્રથમ કેળવણી ઉત્તેજક સમારંભ ના નાનાલાલ ભાઈ પોમલના અહેવાલમાં આપેલી એક કાળજની વાત એમના જ શબ્દોમાં "મરણ પથારીએ પડેલા સર આઈઝેક ન્યુટનને એક વ્યક્તિએ કહ્યું, "તમે મહાન શોધો કરી જગતનું કલ્યાણ કર્યુ છે. ત્યારે ન્યુટને જવાબ આપેલ કે, **'મૈં જગત માટે કશું જ કર્યું. નથી પરંતુ માત્ર દરિયાકિનારે પડેલા અસંખ્ય છીપલાંઓ માંથી થોડાંક છિપલાં વિણ્યા છે."**

આવી જ એક અંકના અંતિમપૃષ્ઠે પ્રસ્તુત ખબર પણ તત્સમયના 'મુખપત્ર' ને ગૌરવાન્વિત કરે છે. જે અત્રે શબ્દશઃ પ્રસ્તુત છે.


શ્રી

ભુજ (કચ્છ)

તારીખ. ૨૭. ૫-૬૨

## જ્ઞાતિસેતુ વિષે....

**- સંકલિત**

### આપણા સમાજનું ફરફરિયું

જ્યારથી 'જ્ઞાતિસેતુ' નું પ્રાગટ્ય થયું છે. આપણા સમાજમાં નવચેતન નો સંચાર થયો છે. જેટલા રસપૂર્વક આ સામયિક વંચાય છે. એટલા જ રસપૂર્વક પ્રતિભાવ મળે તો તંત્રીમંડળ ને વધુ પ્રોત્સાહન મળે.

રાયપુર (છત્તીસગઢ) જેવા અનેક શહેરોમાં જ્ઞાતિ સંગઠન ના તાણા બાણા મજબૂત થતા ગયા છે, એ આનંદદાયક બાબત છે.

એક અપીલ જ્ઞાતિના નવજુવાનો ને કરવા ઈચ્છું છું. જો જ્ઞાતિસમાજ (સ્થાનિક) તરફથી કોઈ ફરફરિયું ઘરના સરનામે મળે તો માત્ર મમ્મી પપ્પા જ નહિં. જાતે પણ એમાં શામેલ થઈશું. ત્યાં યુવક મંડળ હોય તો સક્રિય સહભાગ લઈશું. નહિં હોય તો સ્થાપિત કરીશું ભલે ૫ સભાસદ મળે. કોઈ ફીસ વગર પણ નામમળે તો પણ નોંધી લેશું.

ફરફરિયાં માં જે આયોજન કરવામાં આવ્યું હશે. ત્યાં આપણે કાર્યકર્તા તરીકે નામનોંધાવી હાથોહાથ કામઉપાડી લેશું. કાર્યક્રમવહેલાસર (સમયસર) શરૂ થાય તથા પૂરો થાય તેની જવાબદારી માત્ર વડીલો ની નથી. બધાની છે.

સંસ્થાની વાર્ષિક/આજીવન સભ્ય ફી ભરાઈ ગઈ છે કે નહિં. એ તકેદારી પણ લેવી ઘટે. જરૂરી લાગે તો એ ફી ત્યાં ભરી દેવી અને એ માટે ટેબલ મુકાયું ન હોય તો એ સંભાળવાની તકેદારી પણ હોવી જોઈએ. આમકરવાથી પદાસીન કાર્યવાહક મંડળ ની લાગણી ન દૂભાય અને કામપણ થઈ જાય. એ જોવું પડે. આ તો સમાજ છે. ક્યાંક 'હુ કરું હુ કરું' (યશ ખાટવા માટે) કરવાવાળા હોય તો કોઈ આસન પર બેસીને નિષ્ક્રીય હોય. સક્રિય રહીને પણ મગજ ઠંડુ રાખી શકે. એ સમાજ સેવા કરી શકે.

ફરફરિયું ન મળ્યું હોય પણ ફોન મેળવીને પણ વેળાસર આવે એ સાચો જ્ઞાતિજન બલ્કે બીજા બે ને ફોન કરી દે કે એસ.એમ.એસ. કરી દે, એ જુસ્સો જોઈએ. જમણવાર હોય તો પહેલી પંગતમાં બેસી જવું બને ત્યાં સુધી ટાળવું. અને છેલ્લે અપીલ છે. વેબ ડિઝાઈનર કપ્યુટર તજજ્ઞ યુવાનોને 'જ્ઞાતિસેતુ' નું ઈ-ઓડિશન બહાર પાડવું હોય તો શી રીતે સેવા આપી શકશો ? તંત્રી મંડળને જણાવશો.

સેતુ વિષેનો આ અભિપ્રાય સેતુ પરિવાર માટે ગૌરવપ્રદ છે.

સ્નેહી શ્રી હંસરાજભાઈ કંસારા,

આપના સંપાદનના 'કચ્છશ્રુતિ" અને 'જ્ઞાતિસેતુ'ના અંકો રસપૂર્વક વાંચી ગયો. કોઈ પણ સંસ્થાનું મુખપત્ર હોય ત્યારે તેમાં તે સંસ્થા અને તેના સદસ્યોના જાતિ, જ્ઞાતિ કે મંડળ ગત વૃત્તિ-પ્રવૃત્તિઓનું અહેવાલરૂપ આલેખન વિશેષતઃ આવે તે સાહજીક છે. આમ છતાં એક સંપાદક તરીકે તમે આ મુખ્ય હેતુની સાથે જ સર્વસામાન્ય વાચક વર્ગના જ્ઞાન અને રસરૂચિને પણ કેન્દ્રમાં રાખીને સંસ્થાગત મુખપત્રની સાહજીક મર્યાદાને ઓળંગી ગયા છો અને બહુ મોટા વર્ગને જ્ઞાન સાથે રસ પણ આપે તેવી સામગ્રીનું ચયન કરીને પીરસતા રહ્યા છો. પ્રતિમાસ સર્વભોગ્ય અને સુરૂચિપૂર્ણ સામગ્રી મેળવવી, એમાંથી ઉચિતનું ચયન કરવું અને તેનું સમયસર પ્રકાશન - વિતરણ કરવું તે કોઈ પણ સંપાદક માટે ખૂબ જ શ્રમસાધ્ય ને મુશ્કેલ કાર્ય છે. ક્યારેક તો માંગેલી સામગ્રી ન મળે, સમયસર ને માપસર ન મળે, ને જે કંઈ મળે તે નિષ્પક્ષ ધોરણે પસંદ કરી શકાય એવી ન હોય - આવા અનેક વિઘ્નો પાર કરીને એક મર્યાદિત હેતુ ધરાવતા સંસ્થાગત સામયિકને એક બૃહદ વર્ગની રસરૂચિને સંતોષવાના ધ્યેય સુધી સ્થાપી શક્યા છો. અંક માટે ઉપયોગી અને સમસામયિક વિષય પસંદ કરી તજજ્ઞો પાસેથી સર્વગમ્ય રસવાહી લેખો મેળવીને તેનું સંપાદન કરવામાં આપ સફળ રહ્યા છો. તે આપની જાગૃત, રસવૃત્તિ, નિષ્ઠા, શ્રમ અને વ્યવસ્થાસુઝને પ્રગટ કરે છે. સંપાદક તરીકે આપને અભિનંદન.

ડૉ. હસુ યાજ્ઞિક - અમદાવાદ<br>
ગુજરાતના મૂર્ધન્ય સાહિત્યકાર

### ભુલ સુધાર અંગે

ગત અંકમાં પૃષ્ઠ ૧૪ પર ચાંદનીબેન બિજવાણીને બદલે ચાંદનીબેન બિજલાણી વાંચવા વિનંતી તેમજ પૃષ્ઠ પર ચંદ્રકાન્તભાઈ જે. ચનાન ને બદલે ચંન્દ્રકાંત જે ચનાણી વાંચવા વિનંતી છે.

-મુખ્ય તંત્રી

**સર્વત્ર સુખી ભવતું લોક**<br>
**જેનું ધન સારું એનું અન્ન સારું**<br>
**જેનું અન્ન સારું એનું મન સારું**<br>
**જેનું મન સારું એનું જીવન સારું**<br>
**જેનું જીવન સારું એનું મરણ સારું**

## શ્રી મગનભાઈ બારમેડા - રાયપુર

તા. ૨૩-૨-૨૦૧૫ના રાયપુર સમાજનાં અગ્રણી વડિલ દંપતિ શ્રી મગનભાઈ વાલજીભાઈ બારમેડા અને શ્રીમતી રંજનબેન મગનભાઈ બારમેડાની ૫૦ મી વર્ષગાંઠ ઉજવણી રાયપુરમાં કરવામાં આવી.

શ્રી મગનભાઈ બારમેડા મૂળ રામપર વેકરા ના અને વાલજીભાઈ બારમેડાનું ત્રીજા નંબરનું સંતાન. મગનભાઈ સ્વભાવે ખૂબ મળતાવડા નમ્ર અને સેવાભાવી છે.

મગનભાઈએ શરૂઆતમાં સોની કાર્યથી પોતાની ઓળખ બનાવી અને ત્યારબાદ રાયપુરમાં સોના ચાંદીના વેપારી તરીકે મોખરાનું સ્થાન મેળવ્યું અને હાલ તેઓ નિવૃત્ત છે.

રંજનબેન ગોપાલજીભાઈ કટ્ટા અંજાર ના તેઓ હસમુખ અને હોંશિલા સ્વભાવના છે.

રંજનબેનને વિવિધ વાનગીઓ બનાવવાનો ખૂબ જ શોખ છે. આજે પણ ૬૫ની ઉંમરે એ સામાજીક મેળાવડાઓમાં વાનગીઓના સ્ટોલ લગાડીને આયોજનોમાં ભાગ લે છે.  એમની બંને પુત્રવધુઓ પણ એમાં સાથ-સહકાર આપે છે.

રંજનબેન ૨૦૦૬-૦૭ દરમિયાન મારૂ કંસારા સોની જ્ઞાતિ સમાજ, મહિલામંડળના અધ્યક્ષ રહી ચૂક્યા છે અને હાલમાં સમાજનાં સત્સંગ મંડળમાં પોતાનું યોગદાન આપી રહ્યા છે.

રંજનબેન અને મગનભાઈનું સગપણ રાયપુરમાં બંનેના વડિલોની સહમતિથી થયું. વડીલોની આર્શિવાદથી જ વિવાહ પણ સંપન્ન થયાં સપ્તપદીના સાતેય વચનો બંને પક્ષે ખૂબ ઈમાનદારી અને નિષ્ઠાપૂર્વક નિભાવ્યા. જીવનમાં સુખ-દુઃખ, ઉતાર-ચઢાવ ઘણાં આવ્યાં પણ આ દંપત્તિની સાર-સંભાળ પરસ્પર પ્રેમ. વિશ્વાસ અને સહકારથી પરિવારને મજબૂત બનાવ્યો છે.

એમની એક જ શીખ છે કે જો પરિવારમાં એકતા અને અખંડતા હોય તો બધી તકલીફોનો સામનો આસાનીથી કરી શકાય.

વડિલોની શીતળ-છત્રછાયામાં એમના દીકરા-દીકરીઓ પૌત્ર-પૌત્રીઓ અને દોહિત્રોનો બહોળો પરિવાર પાંગર્યો છે.

વડિલોની પ્રતિકૃતિ સમાન એજી વ ભાવના અને સુસંસ્કારો બંન્ને યુવાન પુત્રો પ્રફુલભાઈ અને પરેશભાઈમાં પણ આવ્યા છે. પ્રફુલભાઈ ૨૦૦૬ થી ૨૦૧૨ સુધી રાયપુર મારૂ કંસારા સોની સમાજના પ્રમુખ રહી ચૂક્યા છે અને પરેભાઈ ૨૦૦૭ થી યુવા મંડળની કમાન સંભાળે છે.

આમબંન્ને યુવાન પુત્રોએ સમાજને આગળ વધારવામાં પોતાનું યોગદાન આપ્યું છે.

એ સિવાય રાયપુરમાં દર વર્ષે થતા શ્રાવણ માસની અમાસના જ્ઞાતિ મેળાવડામાં શ્રી મગનભાઈ બારમેડા તરફથી માસ્ટર ડીગ્રી મેળવનારા વિદ્યાર્થીઓને ચાંદીના મેડલ પ્રદાન કરી પ્રોત્સાહિત કરવામાં આવે છે.

સમાજને પ્રેરિત કરનારાં દંપતિશ્રી મગનભાઈ અને શ્રીમતિ રંજનબેનને દામ્પ્ત્યજીવનની સુવર્ણજયંતીના શુભ અવસર પર ખૂબ ખૂબ શુભેચ્છાઓ સાથે કામના કરૂં છું કે બંને વડિલોની શીતળ-છાયા એમના પરિવાર સ્નેહી, સંબંધીઓ અન મિત્રોને હંમેશા મળતી રહે અને જીવનની દરેક ક્ષણ સ્વાસ્થ્ય અને આનંદપૂર્વક વીતે...

આ અવસર પર મને યાદ આવે છે એક કવિની
પંક્તિઓ.....

કદી માતા-પિતાના રૂપે તો, કદી મિત્ર સ્વરૂપે
તમારો હાથ અમારી ઉપર, છે આર્શિવાદ રૂપે
નાના હતા અમે અને, ઓછી હતી સમજ
તો પણ અમારા પ્રેમપર કર્યો વિશ્વાસ તેમણે
પ્રેમઅને સંસ્કારોનું સિંચન કર્યું તમે...
હૃદય જેનું છે વિશાળ એમને,
ભેટ સ્વરૂપે શું આપીએ.....
બસ ! પ્રભુને પ્રાર્થના જ....
હર જન્મના માતા-પિતા તમે જ.......

**અનુસંધાન પાના નં. ૪૨ પરથી ચાલુ**

શૂન્યથી સર્જન કરે તે સ્ત્રી ?

એ પછી અલ્પાહારનો કાર્યક્રમહતો જેમાં બધાં કમિટી મેમ્બર્સ ઘેરથી ભેળની સામગ્રી લાવીને સૌને પ્રેમથી ભેળ અને શરબત પીરસ્યા.

આ કાર્યક્રમમાં પૂરી ટીમે ખૂબ જ મહેનતથી કાર્યક્રમને સફળ બનાવ્યો અને પૂરો સહયોગ સહકાર આપ્યો.

શ્રીમતી નિતાબેન નિલેશભાઈ બુધ્ધપટ્ટી જે પહેલાં મહિલામંડળના અધ્યક્ષ રહી ચૂક્યા છે. એમણે આ વાતની ખાસ નોંધ લીધી ને ઉર્મિલાબેનને પૂરી ટીમને સંગઠિત કરવા અને ટીમભાવના જગાડવા માટે પીઠ થાબડી.

નીતાબેનનો સાથ સહકાર અમને હંમેશા મળતો રહે છે. અને મળતો રહેશે એવી અપેક્ષા.

કાર્યક્રમમાં...પૂર્વ અધ્યક્ષ મંજુલાબેન જયસુખભાઈ પોમલ, નીતાબેન બુધ્ધપટ્ટી. જેવાં અનેક અગ્રણી સદસ્યો સિવાય મહિલા સદસ્યોએ ભાગ લીધો. કમિટી મેમ્બર્સ જેનાં સહકારથી આ કાર્યક્રમખૂબ જ સફળ થયો. સૌને ખૂબ ખૂબ આભાર.

**શ્રીમતી કિરણબેન સોની - રાયપુર**

શ્રી ગીરધરભાઈ અમરસીભાઈ બારમેડા અને શ્રીમતી ઉષાબેન ગીરધરભાઈ બારમેડા ને સમસ્ત મારૂ કંસારા સોની સમાજ રાયપુર તરફથી દામ્પત્ય જીવનની ૫૧મી વર્ષગાંઠ પર ખૂબ ખૂબ અભિનંદન આપનું જીવન સ્વસ્થ, સુખો અને આનંદ મંગલમય વીતે એવી શુભેચ્છાઓ.

## હોળી અને વુમન્સ ડે સેલિબ્રેશન - રાયપુર

રાયપુરનાં સમસ્ત જ્ઞાતિજનો તરફથી જ્ઞાતિસેતુ પરિવારને રાત્રે નવરાત્રી અને નવાવર્ષની ઘણી ઘણી શુભેચ્છાઓ...

હોળી એટલે ફાગણ માસના વસંતનો એ અંતિમતહેવાર...

કેસૂડાનો રંગ, અને ફૂલોથી મહેકતી મોસમવસંતની માદકતા અને ફાગણની મસ્તીનો સમાગમ, હૃદયમાં તાજગી ભરી દે છે.



વસંતના પ્રમાણની એ સોનેરી પળો આપણાં જીવનનાં ખાલીપાને ભરપૂર ઉત્સાહઅને મસ્તીના રંગોથી ભરી દે છે.

આજ ઉલ્લાસ અને ઉમંગ ફાગણ માસની હોળીના તહેવારની સુંદરતા છે.

આવો જ ઉમંગ, ઉત્સાહ ભર્યો કાર્યક્રમતા. ૨૦-૩-૨૦૧૫ ના રાયપુર જ્ઞાતિ સમાજ મહિલા મંડળ તરફથી અધ્યક્ષ શ્રીમતી ઉર્મીલાબેન વિનોદભાઈ પોમલ દ્વારા આયોજીત કરવામાં આવ્યો હતો.

કાર્યક્રમહતો હોળી અને વુમન્સ ડે સેલિબ્રેશનનો જેમાં ફૂલો વડે હોળી રમાડવામાં આવી અને દરેક મહિલા આગંતુકને ગુલાબનો ટીકો કરીને હોળીની શુભેચ્છાઓ આપવામાં આવી અને મોટેરાંઓથી આશીર્વાદ લેવામાં આવ્યા.

આ કાર્યક્રમમાં પ્રમુખ આકર્ષણ હતાં.

રમતો - લીંબુ ચમ્મચ (મહિલાઓ માટે)

પાસીંગ ધપાસ - (બાળકો માટે)

સરપ્રાઈઝ પ્રોગ્રામવુમન્સ ડે પર મેસેજ વાંચવાનો અને અંતમા....અલ્પાહા.

લીંબુ ચમ્મચનાં ગેમમાં મોઢામાં ચમચી પકડીને ચમસી પર લીંબુ ગોઠવી રેસ કરાવવામાં આવે છે. આ ગેમમાં સર્વે મહિલા સદસ્યોએ ભાગ લીધો. ૫ રાઉન્ડમાં ગેમરમાડવા બાદ અંતે ફાઈનલ રાઉન્ડમાં બે પ્રતિયોગી મહિલોઓને વિજયી જાહેર કરવામાં આવી.

લીંબુ ચમ્મચ ગેમના પ્રથમવિજેતા રહ્યા.

શ્રીમતી હિરલબેન મહેશચનઈ બારમેડા, દ્વિતીય વિજેતા - શ્રીમતી શૈલાબેન ચંદ્રેશભાઈ  સૌએ વિજેતાઓને તાળીઓથી વધાવ્યા.

બાળકોના ગેમપાસીંગ ધ પાસ બાળકોએ ખૂબ જ એન્જોય કર્યો. સૌએ હોળીના આ ગેમમાં પાણી ભરેલાં ફુગ્ગાથી રમવાનું હતું આમાં પ્રતિયોગીઓ સામ-સમે ઉભા રહીને પાણી ભરેલો ફુગ્ગો એકબીજાને પાસ(કેંચ) કરવાનો હતો. જેવો હાથમાં ફુગ્ગો ફૂટે એટલે બધાં બાળકો ખુશીથી નાચતા હતા. અને ફુગ્ગો ફૂટે એટલે પ્રતિયોગી આઉટ... અને બહાર થયેલા પ્રતિયોગીને ગીત, જોક્સ કે કવિતા એવું કંઈ પણ કહીને છૂટું થયું.

પૂરો મસ્તીનો માહોલ હતો અને ગરમીમાં પાણીથી રમવાનું આમેય બાળકોને ખૂબ જ ગમે એટલે બધાએ ખૂબ મોંજ કરી પાસીંગ ધ પાસ ગેમના વિનર રહ્યા.

પ્રથમ- રમેશ દીપકભાઈ બારમેડા, દ્વિતીય - ઝલક સંદીપભાઈ બારમેડા

● વુમન્સ ડે સેલિબ્રેશન :-

આજની નારી એ માં દુર્ગાના 'નારી તું નારાયણી" ના સ્વરૂપને સાકાર કર્યો છે.

શારીરિક રૂપે નમણી, નાજુક અને કુદરતે આપેલી સર્જનશીલતાની તકલીફો સહેવા છતાં પણ એ લગભગ દરેક ક્ષેત્રોમાં પોતાનું આગવું સ્થાન ધરાવે છે.

સ્ત્રીઓ આજ શિક્ષણ, લેખન, રાજનિતી, વકીલાત, ડોક્ટર, નર્સ, પોલિસ વિભાગ અન. મોટી બિઝનેશ કંપનીઓનું સંચાલન જેવાં અનેક ક્ષેત્રોમાં સફળતાપૂર્વક કામકરી રહી છે. જ્યાં સતત ૨૪ કલાક રાત-દિવસની ડ્યુટી હોય એવાં ક્ષેત્રોમાં પણ ઘર-પરિવાર અને બાળકોની જવાબદારીની સાથે હિંમત, ધીરજ અને નિષ્ઠા થી કાર્ય કરે છે.

સ્ત્રીઓની વિશેષતા એ છે કે એ સૌનું ખૂબ ધ્યાન રાખે છે અને ગમે એટલી પ્રોબ્લેમ્સ હોય છતાં એ હાર માનતી નથીને મક્કમપગલે પોતાના લક્ષ્ય તરફ આગળ વધતી રહે છે.

૮ માર્ચ, ના મહિલા દિવસ નિમિત્તે સોશલ મિડીયામાં મહિલાઓ પર (વુમન્સ ડે) મેસેજમાં મહિલાઓને ઘણાં જ સમ્માન  કારક શબ્દો કાવ્યો અને અવતરણોથી સમ્માન આપ્યું. આ જ વાતને ધ્યાનમાં રાખીને મહિલા મંડળના અધ્યક્ષ શ્રીમતી ઉર્મીલાબેન પોમલે એક સરપ્રાઈઝ કાર્યક્રમરાખ્યો હતો. મેસેજ વાંચવાનો.

મહિલાઓના અનેક સ્વરૂપો છે. માતા, પત્નિ, દીકરી, ફ્ઈ, મામી, માસી આવા સ્ત્રીના અવનવા સ્વરૂપો વિષે કંઈક બોલવું અથવા મોબાઈલમાંથી સ્ત્રીશક્તિ વિષયવાળાં મેસેજ વાંચવા અથવા સ્ત્રી વિશેની લાગણીઓ ભાવનાઓને પોતાના શબ્દોમાં બોલવું.

આ કાર્યક્રમને સર્વે મહિલા સભ્યોએ ખૂબ જ વધાવ્યો અને ઉત્સાહથી ભાગ લીધો.

સૌ પ્રભિભાગીઓએ મહિલાઓન સમ્માનમાં નારીની વિશેષતાઓ પ્રેમ, મમતા, સમર્પણ, સર્જનશીલતા અને કર્તવ્ય નિષ્ઠા ના ભરપૂર વખાણ કર્યા.

સુંદર શબ્દોથી ગૂંથેલી માળા જેવા સ્ત્રીઓ વિશે બનેલાં નાના-નાાન મેસેજો સાંભળી એક નારી એક સ્ત્રી હોવાનું ગૌરવ અને અભિમાન થયું. અને સંતોષ પણ એટલો જ થયો કે નારીના કર્તવ્યોની હર કોઈએ નોંધ લીધી છે.

કાર્યક્રમમાં એક થી એક ચડિયાતા મેસેજો પ્રતિયોગીઓ દ્વારા વંચાયા અને બોલાયા પણ આમાં સારા મેસેજ અને મેસેજ બોલવાની રીત એમબે ધોરણોમાં જજમેન્ટ થયું અને કોઈ એક જ બેસ્ટ મેસેજ ને જ ઈનામઆપાવનું નક્કી થયું હતું એ પ્રમાણે (વુમન્સ ડે બેસ્ટ મેસેજ) શ્રીમતી ભાવનાબેન કૌશિકભાઈ કટ્ટા આ કાર્યક્રમના વિજેતા રહ્યા.

જજની ભૂમિકામાં શ્રીમતી વામિનીબેન ચેતનભાઈ બારમેડા અને શ્રીમતી કિરણબેન દીપકકુમાર બારમેડા હતા. એમનો બેસ્ટ મેસેજ હતો.

Chimanlal Soni 98985 15125 Pratish C. Soni 98240 31029

# PRATISH Industries

## MANUFACTURER OF :

- Sheet Metal Press Components
- Electronics Sheet Metal Press Components
- Tools & Dies
- CNC Wire Cut



Factory : 390 GIDC, Makarpura, Baroda-390010

Tel. : 0265-2637736 Telefax : 0265-2643155

E-mail : pratishindustries@yahoo.in

 RNI No. Gujguj/2005/16692 Posted at PSO Ahmedabad.




Printed & Published by : Shri Manubhai Vitthaldas Kotadia on behalf of Shree Kutchhi Maru Kansara Soni Gnati Mandal. Printed at : Madhavi Offset, Kankaria, Ahmedabad - 380 021. Published at : Shree Kutchhi Maru Kansara Soni Gnati Mandal, 14, Dhaval Jewellers, Chandla Odd, Manek Chowk, Ahmedabad-380 001. Editor : Shri Hansraj Kansara. Price : Rs. 20.00